# અદ્વૈતામૃતપાન

**૨/૬૬ ૧.૦૯.૨૭ અમી ઠાકોર, સમીપ સ્વાદીયા, મયુરીકા ઓઝા આશીતા પ્રજાપતિ, જાનકી જોષી, હર્ષ પટેલ**

**અ.૩૧**

શિવવરદાને યોગિની, મદાલસા એ જાણ,
અનાસક્ત વર્તે સદા, બ્રહ્મવાદિની માન. ૮.

બ્રહ્મનિષ્ઠ તોએ રમે, લોકસંગ્રહે એમ;
પત્યાજ્ઞાથી સર્વથા, રહે અનુકૂલ તેમ. ૯.

થતાં જન્મ બોધે સતી, જ્ઞાન પુત્રાને એમ;
**અદ્વૈતામૃત** પાઈને, આપે પોષણ તેમ. ૧૧.

કૃપાકટાક્ષે સાધુઓ, કરે દૂર અજ્ઞાન;
આપે સંગે જ્ઞાન તો, ના અચરજ ત્યાં માન. ૨૯.

કહે માત સુતકર્ણમાં;, સાંભળ સાવધ બાળ;
કર્યું હાડકાંથી અહા, ઊભું આ વિકરાળ! ૩૩.

બાંધી નાડીઓ બધે, લીપ્યું માંસે તેમ.
ભર્યું રક્તમલમૂત્રાથી, છેક અમંગલ એમ. ૩૪.

કાક કૂતરાં માંસને, લઈ જાય ના જાણ;
માટે ઢાંકી ચામડે, રક્ષે ઈશ્વર માન. ૩૫.

અંતર્બાહ્ય અશુદ્ધ જે, ના સ્વાત્મા તે એમ;
વ્યર્થ મોહમાં કાં પડે, અહમ્મમત્વે તેમ? ૩૬.

તું તો મંગલ સર્વથા, ના અપવિત્ર શરીર;
દેહ ન તારો જાણ રે!, મા ઠગાઈશ ધીર!! ૩૭.

મન પ્રાણેન્દ્રિય બુદ્ધિ ને, અહંકાર પણ તેમ,
ના સ્વાત્મા; જો અંતરે, શાન્ત વિચારી એમ. ૩૮.

ઘટદ્રષ્ટા ઘટથી કહ્યો, ભિન્ન સર્વથા જાણ;
તેમ દેહાદિકતણો, દ્રષ્ટા ભિન્ન પ્રમાણ. ૩૯.

સ્વયંજ્યોતિ કેવળ અહા!!, આત્મા પવિત્ર એહ;
એજ રૂપ તારૂં અરે!, મા કર તું સંદેહ!! ૪૦.

ના જન્મ્યો તું મૂળમાં;, ક્યાંથી આવે મોત?
ના વિકાર સ્પર્શે તુંને;, ક્યાં વર્ણાશ્રમ ગોદ? ૪૧.

માતપિતા તુજને નહીં;, તું આનંદસ્વરૂપ;
કાં કાન્તા ઈચ્છે પછી, સ્વાત્મારામ અરૂપ? ૪૨.

ક્યાંથી આવ્યો? કોણ તું?, રડે વ્યર્થ કાં એમ?
નાંખ્યો કોણે મોહમાં?, કર વિચાર તું તેમ! ૫૯.

પૂર્વાર્જિત કર્મે મળ્યો, દેહ માનવી આમ;
જાણ ભિન્ન એ તુજ થકી, તું તો સ્વાત્મારામ. ૬૨.

ધરી અહંતા એહની, મમતા મેલી તેમ;
કરે કર્મ જો ત્રિવિધ તું, મટે ન ભ્રમણા એમ. ૬૩.

જન્મમરણ ઘટમાળ આ, લખચોરાશી જાણ;
ટળે ન અજ્ઞાને કદિ, અહંગ્રસ્તની માન. ૬૪.

આત્મા સ્વયંપ્રકાશ જે, કેવલ સાક્ષી એમ;
અજ અક્ષય અવિકાર એ, રૂપ માહરૂં તેમ. ૬૫.

એવો નિશ્ચય કર સદા;, નિત્ય સત્ય હું એક;
ભૂત સર્વ મુજમાં વસે, હું ભૂતોમાં છેક! ૬૬.

શુદ્ધ બુદ્ધ અદ્વૈત હું, સચ્ચિતસુખમય જાણ;
એવું ધ્યાને દૃઢ કરી, રહે સ્વાત્મસ્થ માન. ૬૭.

ભૂલી નિજાત્મરૂપને, રાગદ્વેષે એમ
રહે વિષયનિમગ્ન જે, જાણ આત્મઘ્ન તેમ. ૬૮.

જાણ નરકનાં દ્વાર એ, કામ ક્રોધ ને લોભ;
પડતાં એમાં મોહથી, થાશે અંતે ક્ષોભ. ૬૯.

વિષય વિષારી સર્પસમ, જાણ અંતરે એહ;
મા કર ચિંતન એમનું, નકી ઘાતકી તેહ. ૭૦.

શબ્દે મૃગ સ્પર્શે કરી[૧], રૂપે પતંગ તેમ;
મીન રસે ગંધે અલિ[૨], મરે મોહથી એમ. ૭૧.

એક એકથી જો મરે, પાંચે શું સુખ હોય?
વગર વિચારે માનવી, મરે આથડી તોય! ૭૨.

સ્વસ્વરૂપે સ્થિત રહે, ત્યજી વિષયની વાત;
નહિ તો અધવચ લૂંટીને, કરશે આખર ઘાત. ૭૩.

નરક જીવતું એક છે, નારી નિશ્ચય જાણ;
મા હાથે પડ એહમાં, રહે પરાઙ્મુખ માન. ૭૪.

કાષ્ઠપૂતળી જોઈને, થાય હાથીએ બદ્ધ;
માંસમયી શું ના કરે?, માટે રહે સુનદ્ધ[૩]. ૭૫.

સોનુંચાંદી મૃત્તિકા, જાણ વિચારે એમ;
મા સ્પર્શ કર એહનો, થાશે દુર્ગતિ તેમ. ૭૬.

૧. હાથી ૨. ભમરો ૩. સંયમ રૂપ બખ્તરથી સજ્જ

ખાઈ દૈવે જે મળ્યું, ઓઢી ખવસ્ત્ર[1] જાણ;
રહે વિનિદ્ર સદા પડી, ભૂશય્યા પર માન. ૭૭.

સ્વાત્માનંદે મગ્ન તું, ઔદાસીન્યે તેમ
બાલોન્મત્તપિશાચવત્, રહે સર્વદા એમ. ૭૮.

સાધુ ઓળખવા સ્વયં થાવું સાધુ જાણ;
એ વિણ સૂક્ષ્મ રહસ્ય એ, લહે ન કોઈ માન. ૧૧૫.

અદ્ભૂત માયા ઈશની, પામે કોઈ ન પાર;
થાય કૃપા જો એહની, તરે **રંગ** નિર્ધાર. ૧૪૨.

**અ.૩૨**

ધર્મે અર્થાજન કરે, અર્થે ધર્મ સુજાણ;
બંનેના અવિરોધથી, વિષય ભોગવે માન. ૪૫.

આનંદે વર્તે સદા, જાણે ખેદ ન તેમ;
કરે યજ્ઞયાગો બહુ, વધે રાગ પણ એમ. ૪૬.

વૈરાગ્યોદય ના કદિ, થાય સ્વપ્નમાં જાણ;
રહે મગ્ન વિષયે સદા, કેવળ પશુવત્ માન. ૪૭.

ઋતુકાલે સ્વસ્ત્રીગમન, યજ્ઞશેષમધુમાંસ
કરવું સેવન જે કહ્યું, અપૂર્વવિધિ એ ખાસ. ૪૮.

માની મૂઢવત્ એ રમે, રતામિષાદિક[2] માંહ્ય;
જાણે વિધિતાત્પર્ય[3] ના, જાણી અજાણ થાય! ૪૯.

મદ્યમાંસભક્ષણ અને, સ્ત્રીસંભોગ પ્રમાણ,
રમે સર્વ ત્યાં પૂર્વના, સંસ્કારે નર માન. ૫૦.

થાય પરાઙ્મુખ એ થકી, કલ્યાણાર્થી લોક
ધીમે ધીમે યુક્તિથી;, માટે પુણ્યશ્લોક. ૫૧.

વેદે મર્યાદા કરી, કીધું એહ વિધાન,
ઉચ્છૃંખલતા ટાળવા, નિશ્ચય એવું જાણ. ૫૨.

સર્વકાલ સર્વસ્ત્રીઓ, ભોગવશે નર એમ;
ઋતુકાલે સ્વસ્ત્રીગમન, વિહિત વદે શ્રુતિ તેમ. ૫૩.

સ્વસ્ત્રીશબ્દે અન્ય સ્ત્રી, કીધી વર્જિત જાણ;
મર્યાદા બાંધી અહા, વદે વેદ કલ્યાણ! ૫૪.

મારી સ્ત્રી કહી યંત્રવત્, અહોરાત્ર નર એમ
કરે ગમન ના એ મિષે, અન્ય સંકોચ તેમ. ૫૫.

ઋતુકાલનો શ્રુતિ કહે;, એમ યુક્તિથી જાણ,
ભોગ ઘટાડી ત્યાગમાં, લઈ જાય એ માન. ૫૬.

એમ પર્વશ્રાદ્ધાદિના[4], અન્ય અપવાદ જાણ;
દેખાડી ભય શાસ્ત્ર એ, બોધે જનકલ્યાણ. ૫૭.

ભોગે શ્રેય ન સ્વપ્નમાં!, જાણી વેદો એમ,
બાંધે મર્યાદા નકી;, બીજો હેતુ ન તેમ. ૫૮.

દ્વેષાદિક દોષે વળી, અપ્રીતિથી તેમ,
ભાર્યાગમન કરે નહીં, કહ્યો દોષ ત્યાં એમ. ૫૯.

અપૂર્વ વિધિ ના આ કદિ, મર્યાદા એ જાણ
ના લંપટ બનતાં નકી, શાસ્ત્ર શીખવે માન. ૬૦.

સૂક્ષ્મ તત્ત્વ એ શાસ્ત્રનું, મૂઢ ન જાણે તેમ;
રમે નિરંકુશ વિષયમાં, શાસ્ત્ર નામથી એમ! ૬૧.

મદ્ય માંસ મૈથુન થકી, થાવું નિવૃત્ત જાણ,
કથે શાસ્ત્ર એવું સહુ;, ના જાણી એ માન. ૬૨.

રાત્રંદિન વિષયે રમે, કેવળ પશુવત્ જાણ;
શું સુખ એમાં? ભ્રાન્તિ એ, કરવી હરણ પ્રમાણ. ૬૮.

**અ.૩૩**

**સંગ છોડવો સર્વથા, બને ન જો કદિ એમ,**
**સંતસંગ કરવો સદા, તારે સંતો તેમ. ૧૧.**

**કામ સર્વથા ત્યાગવો, બને એમ ના જાણ,**
**મોક્ષકામ વરવો સદા, કેવળ સૌખ્યનિધાન. ૧૨.**

**સમીપ સ્વાદીયા, અમી ઠાકોર**

કહેઃ- ભૂતસંઘાત આ, સ્થૂલ દેહ જડ જાણ;
વિકારવશ ક્ષણ ક્ષણ નકી, કેવલ અનિત્ય માન. ૩૦.

નિર્વિકાર આત્મા સ્વયં, વ્યાપક અખંડ તેમ;
પરિચ્છિન્ન દેહાદિને, જાણે અલિપ્ત એમ. ૩૧.

એજ રૂપ મારૂં નકી, ભિન્ન દેહથી જાણ;
સત્ય ચિદાત્મા એક હું, ચાલક ભાસક માન. ૩૨.

રહી ઈન્દ્રિયોમાં કરે, ચલનવલન જે એમ;
નિદ્રામાં જડતા ધરે, પ્રાણ સાક્ષી હું કેમ? ૩૩.

દોડે ક્ષણ ક્ષણ મન અહા, જાણું સઘળું એમ;
ના હું એવો, ના કદી આવે સંશય તેમ. ૩૪.

૧. આકાશરૂપી વસ્ત્ર દિગંબર ૨. મૈથુન, માંસ વગેરેમાં ૩. આજ્ઞા ૪. રાગાંધ થઈ જે લોકો રજસ્વલા સાથે ગમન કરે, અથવા પર્વ કાલે, પાણીમાં, દિવસે કે શ્રાદ્ધદિને સ્ત્રીસહ રમે તે નરકમાં જાય છે, વગેરે અનેક શાસન.

છેક ભિન્ન વિભુ અચલ હું, ના મન તેથી જાણ;
થાય લીન જે ઊંઘમાં, ના બુદ્ધિ વિજ્ઞાન. ૩૫.

સાક્ષી ચેતા હું અહા!, ભિન્ન સર્વથી એમ;
અહંકાર પણ હું નહીં, જડ ત્રિગુણાત્મક તેમ. ૩૬.

**શુદ્ધ બુદ્ધ પર હું નકી, અતીન્દ્રિય પ્રમાણ**
**અજર અમર અક્ષય સદા, ના મર્ત્ય નર માન.** ૩૭.

એવો નિશ્ચય હું તિહાં, ક્યાંથી આવે દુઃખ?
બન્યો કેમ હા બાવરો?, હું તો કેવળ સુખ! ૩૮.

આમસ્તકપદ ના દિસે, દુઃખ શોધતાં તેમ;
જન્મમરણ વ્યાધિ બધાં, દેહદુઃખ ના એમ. ૩૯.

સ્પર્શે મુજને સર્વથા, હું તો ન્યારો જાણ;
પીડાએ પણ જડ નકી, ભૂખ તરસથી પ્રાણ. ૪૦.

ના હું તદ્દુઃખે કદિ, થાઉં દુઃખિત એમ;
વર્તે મુજ સત્તા થકી, સર્વ ભૃત્યવત્ તેમ. ૪૧.

રાગદ્વેષનું મૂળ એ, ચંચલ મન પ્રમાણ;
હસે રડે સુખદુઃખથી, અન્નવિકારે માન. ૪૨.

ના હું જો એ સર્વથા, નડે કાં મુને એમ?
દુઃખ એકનું અન્યને, સ્પર્શે શું કદિ તેમ? ૪૩.

એમ વિચારી અંતરે, જાણી દુઃખકારણ;
બોલે હાસ્ય કરી તિહાં!, કહેઃ- કર્યું શોધન. ૪૪.

વ્યોમ વાયુ ને તેજ એ, જળ પૃથ્વી પણ તેમ;
ભૂતો જડ ચંચલ બધાં, રૂપ ન મારૂં એમ. ૪૫.

**સત્ ચિદ્ આત્મા એક હું, કેવલ નિશ્ચલ જાણ;**
**ભૂત ભૌતિક ગુણ થકી, ન્યારો નિર્ગુણ માન.** ૪૬.

**મનપ્રાણેન્દ્રિયબુદ્ધિનો, સાક્ષી ચેતન તેમ;**
**તદ્ તદ્ દુઃખે કાં રડું, જો ભિન્ન હું એમ?** ૪૭.

**દેહાહંતા દુઃખનું, મૂળ અમંગલ જાણ;**
**તત્સંગત્યાગે ન એ, જડે દુઃખનું સ્થાન!** ૪૮.

સૂક્ષ્મ વિચારે માહરૂં, જાણ્યુ સ્વરૂપ એમ;
થયું દુઃખ મનને નકી, કહું અનુભવે તેમ. ૪૯.

દુર્લભ આત્મવિવેક આ, ઢૂંઢે ઋષિમુનિ જાણ;
પ્રશ્નમાત્રાથી એ સ્ફૂર્યો, થતાં અનુગ્રહ માન. ૫૦.

**સ્વયંપૂર્ણ હું સર્વદા, વધું ઘટું ના તેમ;**
**ભાસે મનમાં દુઃખ જે, સ્પર્શે મુજને કેમ ?** ૫૧.

જે જે ભાસે તે બધું, માયિક નશ્વર જાણ;
દેહેન્દ્રિયપ્રાણાદિનું, સુખ પરિણામી માન. ૫૨.

ના તેથી સંબદ્ધ હું, નિત્યાદ્વૈત અખંડ;
શુદ્ધ નિરંજન પૂત હું, તેજઃ પુંજ અદંડ! ૫૩.

**અક્ષય અવિનાશી સદા, પરિણામાતિગ તેમ;**
**સર્વસંગનિર્મુક્ત હું, સુખદુઃખાતિગ એમ.** ૫૪.

પંચભૂતસમૂહ જે, સ્થુલ દેહ એ જાણ;
સુક્ષ્મ વાસનામય નકી;, બને જડ પ્રમાણ! ૫૫.

ના જાણે નિજ રૂપને, શું જાણે પર એમ?
માટે એથી ભિન્ન હું, સાક્ષી ચેતન તેમ. ૫૬.

વાત પિત્ત કફ ધાતુઓ, વસે સ્થૂલમાં જાણ;
થતાં કુપિત એ વ્યાધિથી, પીડાએ તનુ માન. ૫૭.

તોએ જડ એ ના લહે, વિકાર નિજનો એમ;
જે જાણે તે પર નકી, સાક્ષી સ્વાત્મા તેમ. ૫૮.

કામાદિક સૂક્ષ્મે સ્ફૂરે, થાય સૂક્ષ્મને રોગ;
જે જાણે પર એ વસે, જ્યાં ના બંને યોગ. ૫૯.

માટે કારણ દુઃખનું, કારણ[1] એ અજ્ઞાન;
જ્ઞાનીને સ્પર્શે નહીં, સ્વપ્ને પણ જે માન. ૬૦.

કરતાં વિચાર એ ક્રમે, ભાસે મનમાં દુઃખ
ભર્યો જેમનો તેમ હું, કેવળ અખંડ સુખ! ૬૧.

તાદાત્મ્યે દુઃખી થયો, માટે પૂછ્યું નાથ!
સમજાયું સઘળું હવે, ના મુજને એ વાત! ૬૨.

અન્ય દુઃખથી કેમ હું, થાઉ દુઃખિત એમ?
આવે હસવું જોઈને, મુરખતા એ તેમ! ૬૩.

**સ્વપ્નોપમ** સુખદુઃખ એ, મન તેનું છે ઠામ;
ભૂમા[2] આત્મારામ હું, પૂર્ણકામ નિષ્કામ! ૬૪.

**કહે અલર્ક દત્તપ્રભુને :-**

એકજ સઘળે હું ભર્યો, અદ્વૈતાર્ણવ જાણ;
કોણ મિત્ર કો શત્રુ ત્યાં, મત્તારંગ[3] સહુ માન. ૭૯.

૧. કારણદેહ ૨. અપરિચ્છિન્ન ૩. મારાં મોજાં

ના શત્રુ મુજને નકી, સુખદુઃખો પણ તેમ;
ના સેના પુર ના કશું, પડું ન મોહે એમ! ૮૦.

ચિત્તે ભ્રાન્તિ જો વસે, ઊઠે ઈચ્છા જાણ;
થતાં ચિત્ત નિભ્રાંત ત્યાં, સઘળે આત્મનિશાન! ૮૧.

ચૌદ લોકનો નાથ હું, કેવળ સુખનું ધામ;
આપ્તકામ નિષ્કામ હું, અભિન્ન આત્મારામ. ૮૨.

ના ભ્રાંતિ મુજમાં હવે, રહ્યો ન કાંઈ શોક;
કૃપા થતાં આ ચરણની, મળ્યો પુણ્યાત્મ લોક. ૮૩.

એક વ્યોમ બહુધા દિસે, ઘટમઠભેદે જાણ;
તેમ દેહભેદે કરી જીવો, અનેક માન. ૮૪.

પારમાર્થિકદષ્ટિથી, જોતાં વ્યોમ અખંડ;
તેમજ આત્મા એક એ, જ્યાં ના બીજું બંડ. ૮૫.

કાશિરાજ સુબાહુ ને, હું પણ એક જ તેમ;
દેહભિન્ન પણ પૂર્ણ એ, આત્મા અખંડ એમ. ૮૬.

ના જાણ્યું આ જ્યાં સુધી, દુઃખ ત્યાંસુધી જાણ;
થતાં જ્ઞાન અદ્વૈત એ, રહે ન દુઃખનિશાન. ૮૭.

પ્રગટાવી મુજ અંતરે, જ્ઞાનદીપ આ નાથ!
અજ્ઞાનાહંતા કરી, મમતા સુદૂર તાત! ૮૮.

કહે અપશબ્દ કોઈ જો, થાય અંતરે દુઃખ;
દેહાહંતા એ નકી, વીંધે મર્મ અચૂક. ૮૯.

પડતાં માંદો પુત્ર નિજ, થાએ વ્યાકુળ જાણ;
મરતાં પુત્રો શત્રુના, લાગે તેમ ન માન. ૯૧.

મમતા મેલી એ નકી!, અહંમમત્વ એમ
મૂળ સર્વ અનર્થનું, થયું નિર્મૂળ તેમ. ૯૨.

ઊગ્યો વિવેક અંતરે, ના મુજને સુખદુઃખ;
ભલે કોઈ કાંઈ કહે;, ગણું ન તેનું દુઃખ. ૯૩.

**શુદ્ધ નિરંજન હું નકી, મમતાહંતાહીન,**
**પાર પ્રકૃતિથી અહા!, થાઉં હવે ન દીન.** ૯૪.

એમ કહી વંદન કરે!!, બોલે દત્ત દયાળઃ-
ધન્ય ભૂપ તેં ઓળખ્યું, આત્મરૂપ નિર્ધાર! ૯૫.

પાપપુણ્ય તુજને નહીં, સુખદુઃખો પણ તેમ;
કર્માકર્માતીત તું, ધન્ય નિષ્કર્મ એમ! ૯૬.

'હું' કહેતાં આવ્યો તિહાં, સંગ બંધમય જાણ;
સંગે શોક જ સર્વથા, ના શંકા ત્યાં માન. ૯૭.

પ્રિય સંબંધો જેટલા, કરે જંતુ જગ માંહ્ય;
શોકશંકુઓ[1] તેટલા, ઠોકે ઉરમાં હાય! ૯૮.

મમતાથી બંધન વધે, પામે આખર દુઃખ;
ના મમતા ત્યાં બંધ ના, અખંડ એક જ સુખ. ૯૯.

'મારૂં' કહેતાં જગ મહીં, આવ્યું બંધન જાણ;
'ના મારૂં' કહેતાં ક્ષણે, છૂટ્યો પ્રાણી માન! ૧૦૦.

લોકવંધ્ય મા તાહરી, બ્રહ્મનિષ્ઠ સુધન્ય;
યોગનિષ્ઠ વરેણ્ય જે, તપોનિષ્ઠ અનન્ય! ૧૦૧.

કર્યું સ્તનપાન એહનું, માટે તત્ક્ષણ જાણ
શુદ્ધ સ્વાન્ત[2] થયું અને, થયું પ્રાપ્ત આ જ્ઞાન. ૧૦૨.

સાધુસંગનું ફળ નકી, અતુલ એહવું જાણ;
ક્ષણ સત્સંગ સમાન ના, સ્વર્ગ સૌખ્ય પણ માન. ૧૦૩.

થયો સત્સંગ મૂળમાં, થયો વૈરાગ્ય તેમ;
એકજ પ્રશ્ને આ થયું, આત્મજ્ઞાન પણ એમ. ૧૦૪.

આત્મજ્ઞાને વેગથી, મમતાહંતા દૂર
ફેંકી દીધી વાયુથી, જેમ શાલ્મલીતૂલ[3]. ૧૦૫.

સંસારદ્રુમ આ અહા!, તમોબીજ[4] તું જાણ;
અહંકાર અંકુર તિહાં, મમતા લતા પ્રમાણ. ૧૦૬.

ગૃહ ક્ષેત્ર ધન ડાળીઓ, સ્ત્રીપુત્રાદિક પાન;
પુણ્યપાપ પ્રસૂન[5] ત્યાં, સુખદુઃખો ફળ જાણ. ૧૦૭.

મોક્ષમાર્ગ વ્યાપી અહા, વધ્યો ચોદિશે એમ!
ભવશ્રાંત સુખભ્રાંતિથી, લે આશ્રય ત્યાં તેમ. ૧૦૮.

પસ્તાએ આખર નકી, મૂઢ લોક એ જાણ;
કેવળ માયિક એ તિહાં, ના સુખ અક્ષય માન. ૧૦૯.

અસંગશસ્ત્રો મૂળથી, કાપે એને જેહ,
મળે મોક્ષપથ તેહને;, વ્યર્થ અન્ય સંદેહ. ૧૧૦.

પામી પરમ પદ સુખ થકી, લે વિશ્રાંતિ જાણ્
અદ્વિતીય ઠરી તિહાં;, બીજાં ફાંફાં માન. ૧૧૧.

રાજ્ય ભૂતેન્દ્રિય બધું, સ્થાવર જંગમ એમ,
નામરૂપ માયિક નકી, દશ્ય સર્વ આ તેમ. ૧૧૨.



૧. શોકનાં તીક્ષ્મણ ખીલા ૨. અંતઃકરણ ૩. શીમળાનું રૂ ૪. અજ્ઞાન એજ તેનું બીજ છે ૫. કળી

ત્રિગુણાત્મક સંઘાત આ, ક્ષેત્ર માયિક જાણ;
જે જાણે ક્ષેત્રજ્ઞ તે, ભિન્ન એ થકી માન; ૧૧૩.

ભિન્ન ઉદુંબરફળ થકી, મશક[1], જળ થકી મીન;
તેમ ભિન્ન જડ ક્ષેત્રથી, તે ક્ષેત્રજ્ઞ અદીન. ૧૧૪.

જાણ્યો આત્મા નિશ્ચયે;, ધન્ય શિષ્ય તું એમ!
જોઈ તુજને ઉછળે, બોધાર્ણવ આ તેમ!! ૧૧૫.

કહે અલર્કઃ- કૃપા કરી, કીધો કૃતાર્થ જાણ;
ના ઉદ્વેગ રહ્યો હવે, વંદુ કૃપાનિધાન! ૧૧૬.

સ્વાત્મરૂપની ભિન્નતા, અહંકારથી એમ,
ત્વદનુગ્રહ વિણ નાથ હે!, દુર્ગમ કેવળ તેમ. ૧૧૭.

વહી કલ્પકોટિ જતાં, જાણે અજ્ઞ ન તેહ;
કરે તપસ્યા મુનિગણો, રહે તોય સંદેહ! ૧૧૮.

તુજ કૃપાથી એ થયું, સ્વાત્મજ્ઞાન અભિન્ન;
જગન્નાથ પણમું તુંને, થાઉ ત્વત્પદલીન! ૧૧૯.

શંકા એક જ દેવ હે!, થયું જ્ઞાન જે એમ,
રહે કેમ સુસ્થિર સદા?, ચંચલ ચિત્તડું તેમ. ૧૨૦.

વહે વાસનાવાયુ ત્યાં, ખાએ ઝોકાં જાણ;
જાણે ક્ષણમાં જ્ઞાન એ, ઊડી જાશે માન. ૧૨૧.

માટે કૃપા કરી પ્રભો!, બોધો ઉપાય એમ,
દુઃસંગે પણ જે કદિ, થાએ નષ્ટ ન તેમ; ૧૨૨.

લાગે સંગ ન કોઈનો, રહું નિઃસંગ જાણ;
થાય વિયોગ ન જ્ઞાનનો, એવો યોગ પ્રમાણ. ૧૨૩.

જન્મ માનવી મેળવી, એ જ કર્તવ્ય જાણ;
અધઃપતન નહિ તો નકી, વિષયસેવને માન. ૧૨૪.

ફરતાં નાના યોનિમાં, પુણ્યયોગથી એમ
મળતાં મનુષ્યજન્મ જો, કરે ન સાર્થક તેમ. ૧૨૫.

ભોગ ભોગવ્યા નરકમાં, તે જ ભોગવે અત્ર;
થાએ વિરક્ત ના કદિ, ભ્રષ્ટ અત્ર પરત્ર! ૧૨૬.

કલ્પે તેની ભવવ્યથા, મટે ન નિશ્ચય એમ;
જાણી એવું અંતરે, પૂછું ઉપાય તેમ. ૧૨૭.

થાય બોધ સ્થિર જે થકી, લાગે અન્ય ન રંગ;
કરો કૃપા ગુરુનાથ હે!, થાય ચિત્ત નિઃસંગ. ૧૨૮.

એવો પ્રશ્ન્ અલર્કનો, સુણી દત્ત દયાળ,
વદે યોગ નિર્મલ તિહાં, કહે અલખ સુણ બાળ! ૧૨૯.

પ્રશ્નમાત્રથી જ્ઞાનનું, કીધું નિર્મલ દાન;
આ અધ્યાયે **રંગ** એ, લહે કેમ નાદાન? ૧૩૦.

**અ.૩૪**

સૂણી, પ્રશ્ન અલર્કનો, અનસૂયાસુત એમ
વદે દત્ત યોગીન્દ્ર એ, મોક્ષહેતુ ત્યાં તેમઃ- ૧.

કારણ મુક્તિનાં કહ્યાં, મુખ્ય ત્રણ તું જાણ;
પ્હેલું **તત્ત્વજ્ઞાન** ને, **મનોભંગ** પછી માન. ૨.

**વાસનાક્ષય** તે પછી, ત્રીજું કારણ તેમ;
થતાં સિદ્ધ ત્રણે નકી, જીવન્મુક્તિ એમ. ૩.

સ્વવર્ણાશ્રમકર્મનું, કરવું પાલન જાણ;
ફલાભિસંધિ સર્વદા, ત્યજી નિષ્કામ માન. ૪.

કર્મોનું શું કામ ત્યાં?, સ્વપ્ને કુતર્ક એમ
કરવો ના કદિ સાધકે, કહું ઉપયોગ તેમ. ૫.

મહાપાપીને ના ગમે, જ્ઞાનયજ્ઞ આ જાણ;
સદ્દ્વેષી એ સર્વથા, નિંદે જ્ઞાન પ્રમાણ. ૬.

**ઈશ્વરાર્પણબુદ્ધિથી, કરતાં કર્મો તેમ,**
**બળે પાપ; થાએ ક્ષણે, ચિત્તશુદ્ધિ પણ એમ.** ૭.

ચિત્તે શ્રવણ તણી પછી, પ્રગટે રુચિ પ્રમાણ;
રુચિદ્વારથી એમ એ, જ્ઞાનોયુક્ત માન. ૮.

ના વિરુદ્ધ અજ્ઞાનનાં;, તેથી સાક્ષાત્ એમ
આત્મબોધવત્ ના કદિ, આપે મુક્તિ તેમ. ૯.

થતાં નાશ અજ્ઞાનનો, થાય મુક્ત નર જાણ;
વિના જ્ઞાન અજ્ઞાન એ, થાએ નષ્ટ ન માન. ૧૦.

વિના શમાદિક જ્ઞાન ના, પ્રગટે કદિએ એમ;
શમસંપત્તિ ના મળે, ચિત્તશુદ્ધિ વિણ તેમ. ૧૧.

ચિત્તશુદ્ધિ કર્મે નકી;, પરંપરાથી એમ,
કર્મ જ્ઞાનોપયુક્ત એ;, માટે કરવું તેમ. ૧૨.

થતાં ચિત્તશુદ્ધિ, કરી, સર્વસંન્યાસ જાણ;
જવું શરણ સદ્ગુરુપદે, અનન્ય ભાવે માન. ૧૩.

[1] જંતુ

ગુરુશુશ્રૂષા[1] પ્રેમથી, કરી અહર્નિશ એમ,
કરવું તત્ત્વજ્ઞાનનું, શ્રવણ ભાવથી તેમ. ૧૪.

[2]અન્વયવ્યતિરેક લહી, તત્ત્વ સુનિશ્ચિત જાણ;
કરે મનન વાક્યાર્થનું, સાધક સુદૃઢ માન. ૧૫.

નિદિધ્યાસઅભ્યાસથી, થતાં જ્ઞાન એ સ્થિર;
ભંગે મન, ને વાસના, થાએ સુનષ્ટ, ધીર! ૧૬.

વિયોગ પ્રાકૃત ગુણ થકી, યોગ બ્રહ્મથી જાણ;
એજ મુક્તિ અલર્ક હે!, મળે અસંગે માન. ૧૭.

તૂટે સંગ વૈરાગ્યથી, જ્ઞાને વિરતિ તેમ;
જ્ઞાન વિવેકે જાણ તું, પ્રગટે નિશ્ચિત એમ. ૧૮.

સદસધ્વસ્તુવિચારથી, પ્રગટે વિવેક જાણ;
ક્રમે ક્રમે સુદૃઢ થતાં, મળે બોધ નિર્વાણ. ૧૯.

દેહેન્દ્રિય મન પ્રાણ ને, અહંકાર પણ તેમ;
[3]સાદ્યંત વિકારી એ, ભૌતિક ગુણવત્ એમ. ૨૦.

અસત્ પરાક્[4] એ નકી, ભલે સંયુક્ત જાણ;
કેવલ જડ ભંગુર બધાં, ના આત્મા એ માન. ૨૧.

અન્યોન્યાધ્યાસે દિસે, છેક વિપરીત એમ;
જડ ચેતનવત્ ચિત્ નકી, ભાસે જડવત્ તેમ. ૨૨.

અગ્નિસંગે લોહવત્, આત્માધ્યાસે જાણ;
ભાસે દેહાદિક બધાં, ચેતનવત્ તું માન. ૨૩.

આત્મા પ્રત્યક્[5] ભિન્ન એ, સાક્ષી કેવળ એમ;
દેહાદ્યધ્યાસે દિસે, તત્તાદ્ગુણયુક્[6] તેમ. ૨૪.

જાણે અજ્ઞ ન એ કદિ, ગ્રહે અહંતા તેમ;
કરે કર્મ સાદર[7] અહા!, પડે બંધને એમ. ૨૫.

થઈ કર્મવશ યંત્રવત્, ભમે અહર્નિશ જાણ;
સ્વપ્ને શાન્તિ ના લહે, સડે દુઃખમાં માન. ૨૬.

અજ્ઞાને અવિવેકનું, વધે જોર ત્યાં એમ;
અવિવેકે અભિમાન ને, અભિમાને ખલ તેમ. ૨૭.

ઊઠે, રાગાદિક તિહાં, રાગદ્વેષે જાણ
કર્મ ત્રિવિધ નર આચરી, થાએ દુઃખિત માન. ૨૮.

કર્મે દેહોત્પત્તિ ને, વળી કર્મ સુખદુઃખ;
વારંવાર પરંપરા, ચાલે એમ અચૂક! ૨૯.

થતાં જ્ઞાન અપરોક્ષ ત્યાં, થાય નષ્ટ અજ્ઞાન;
થતાં નાશ અજ્ઞાનનો, ટળે અવિવેક માન. ૩૦.

નાશ થતાં અવિવેકનો, થાય નષ્ટ અભિમાન;
થતાં નષ્ટ અભિમાન ત્યાં, શમે રાગાદિ જાણ. ૩૧.

રાગદ્વેષાદિક તણો, થાતાં વિનાશ એમ;
કર્માસક્તિ ના તિહાં, રહે કદાપિ તેમ. ૩૨.

કર્મનાશથી દેહ ના;, સુખદુઃખો ત્યાં કેમ?
થતાં બોધ એવો નકી, મળે મોક્ષસુખ તેમ. ૩૩.

માટે જ્ઞાન વિના કદિ, સમાધાન ના થાય;
થતાં નાશ મનનો નકી, ઠરે જ્ઞાન પણ ત્યાંય. ૩૪.

મનોનાશ માટે સુખે, કરવો યોગાભ્યાસ;
થતાં વાસના નષ્ટ ત્યાં, વિદેહ મુક્તિ ખાસ. ૩૫.

દુર્જય આત્મા આ નકી, અભ્યાસે વશ થાય;
થાય ચિત્ત સુસ્થિર અને, ભ્રમણા સમૂળ જાય. ૩૬.

પૂછે, અલર્કઃ- હે ગુરો!, ચંચલ મન અત્યંત;
થાય કેમ વશ એ નકી?, હારે ઉપાય હંત! ૩૭.

થાએ વેષ્ટન વાયુનું, ખંડન નભનું એમ;
તરંગબંધન થાય પણ, ના ઝલાય મન તેમ!! ૩૮.

સુણી વચન શ્રીદત્ત એ, કહેઃ- યથાર્થ જાણ
વચન તાહરૂં; મન અતિ, દુર્જય ચંચલ માન. ૩૯.

જયોપાય વૈરાગ્ય ત્યાં, દૃઢાભ્યાસ પણ એમ;
વૈરાગ્યે મન વશ થઈ, થાએ નિશ્ચલ તેમ. ૪૦.

દોષદૃષ્ટિ વિષયે થતાં, થાય જિહાસા[8] જેહ
સૂકરવિષ્ઠાવત્ સદા, ધન્ય વિરક્તિ તેહ. ૪૧.

અથવા યોગાષ્ટાંગનો, કરવો દીર્ઘાભ્યાસ;
કરી દુઃખવિયોગ જે, હરે દુઃસંગ ખાસ. ૪૨.

દેહશુદ્ધિ યમનિયમથી, સ્થૈર્ય આસને જાણ;
ધાતુદોષશોષ નકી, પ્રાણાયામે માન. ૪૩.

ગોજય[9] પ્રત્યાહારથી, ધારણાથી અઘનાશ;
મનઃસ્થૈર્ય ધ્યાને સમાધિથી, એકત્વ ખાસ. ૪૪.

સ્વર્ણાદિક ધાતુ તણા, મેલ અગ્નિમાં જેમ
થાય દગ્ધ, ત્યમ યોગથી, મનોમેલ પણ એમ. ૪૫.

૧. સેવા ૨. યત્સવે યત્સવં - અન્વય; યદ્ભાવે યદ્ભાવે - વ્યતિ રેક ૩. આદિ અંતવાળા ૪. બહિર્વૃત ૫. અંત વ્યાપ્ત ૬. તે તે (દેહપ્રાણાદિના) ગુણોથી યુક્ત
૭. ફલાનુરક્તિથી ૮. ત્યજવાની ઈચ્છા ૯. ઈન્દ્રિયજય

નિરોધ પ્રાણાપાનનો, પ્રાણાયામ પ્રમાણ;
લઘુમધ્યોત્તમભેદથી, ત્રિવિધ એહ તું જાણ. ૪૬.

લઘુ પ્રાણાયામે છૂટે, ઘર્મ[1] દેહમાં જાણ;
મધ્યમથી નાડી મહીં, ઊઠે કંપ પ્રમાણ. ૪૭.

ઉત્તમ પ્રાણાયામથી, બ્રહ્મરંધ્રમાં તેમ
થાય પ્રાણ સુસ્થિર નકી;, જાણે યોગી એમ. ૪૮.

મધ્યમ વેગે હાથની, પાડે તાળી જેહ;
નિદ્રિતનો વા શ્વાસ જે, માત્રાપ્રમાણ તેહ. ૪૯.

પ્રદક્ષિણા જાનુ તણી, કરી વગાડે એમ
ચપટી જે તર્જની તણી, માત્રા એ પણ તેમ. ૫૦.

દ્વાદશ માત્રાનો કહ્યો, પ્રાણાયામ કનિષ્ઠ;
મધ્યમ દ્વિઘ્ન[2] તિહાં નકી, ઉત્તમ ત્રિઘ્ન[3] વરિષ્ઠ. ૫૧.

લેવો અંદર શ્વાસ જે, પૂરક કહીએ તેહ;
કુંભક અંદર રાખવો, રેચક ત્યજવો જેહ. ૫૨.

ત્રણે મળીને એક એ, પ્રાણાયામ સુજાણ;
પૂરકથી કુંભક કહ્યો, ચાર* ગણો ત્યાં જાણ. ૫૩.

રેચક બમણો જાણ તું, ધીમે ધીમે એમ
માત્રા વૃદ્ધિંગત કરે, જાણી સાધક તેમ. ૫૪.

વેગે રેચક જો કરે, થાએ નર કમજોર;
ધીમે ધીમે છોડતાં, વધે આરોગ્ય જોર. ૫૫.

ધીમે ધીમે યુક્તિથી, કરે અભ્યાસ એમ;
થાય પ્રાણ વશ નિશ્ચયે, જેમ કેસરી તેમ. ૫૬.

બલાત્કારથી ના કદિ, થાય સુવશ એ જાણ;
માટે ક્રમે ક્રમે કળે, સાધે સાધક માન. ૫૭.

'છૂ' કહેતા પકડે હરિ[4], વશ્ય હરણને એમ,
તેમ પ્રાણ મલ સંહરે, થતાં સ્વાધીન એમ. ૫૮.

થતાં સ્વવશ હરિ ના હરે, પ્રાણ ધણીના જાણ;
તેમ દેહ પીડે નહીં, પ્રાણ સ્વાધીન માન. ૫૯.

નહિ તો મારે ઉછળી, પ્રથમ ધણીને તેહ,
માટે સાવધ સાધવો, પ્રાણ સિંહ સમ એહ. ૬૦.

એવા અભ્યાસે ક્રમે, કર્મ શુભાશુભ એમ
નાસે યોગીનાં ક્ષણે, મળે વિશ્રાંતિ તેમ. ૬૧.

લોભમોહાદિક બધા, ઐહિક સઘળા કામ[5];
તેમ પારલૌકિક વળી, થાએ નષ્ટ તમામ. ૬૨.

શાન્ત થાય મન સર્વથા, થતાં વૃત્તિનો રોધ;
પામે અનુપમ સુખ અહા!, વહે જ્ઞાનનો ધોધ!! ૬૩.

યોગશાસ્ત્રમાં વર્ણવી, **પ્રાપ્તિ** આને એમ;
નાશ શુભાશુભ કર્મનો, કહી **ધ્વસ્તિ** એ તેમ. ૬૪.

થતાં પ્રાણજય એહને[6], બોલે **સંવિત્** જાણ;
વધે જ્ઞાનસંપદ અને, થાએ ત્રિકાલજ્ઞાન. ૬૫.

થાય પ્રસન્ન[7] ઈન્દ્રિયો, ચિત્ત સમાહિત[8] એમ;
ચોથી **પ્રસાદ** આ નકી, જાણ અવસ્થા તેમ. ૬૬.

ચાર અવસ્થા આ કરે, સિદ્ધ પ્રયત્ને જાણ
યોગીશ્વર તે દૂર ના, તેને ઈશ્વર માન. ૬૭.

સાધન ઉત્તમ ત્યાં કહું, સાંભળ સાવધ એમ;
થશે ચિત્ત સુસ્થિર નકી, ના શંકા કર તેમ. ૬૮.

બેસી સુસ્થિર આસને, રાખી દેહ સમાન,
દાંતે દાંત ન સ્પર્શતાં, નાસાગ્રે દગ્ જાણ; ૬૯.

મોઢું બંધ કરી સુખે, બેસે સુસ્થિર એમ;
થાય સિદ્ધ અભ્યાસ ત્યાં, હાલે અંગ ન જેમ. ૭૦.

નિદ્રાલસ્ય પ્રમાદ એ, તામસ વૃત્તિ જાણ;
જીતી રાજસથી પછી, કરે અભ્યાસ માન. ૭૧.

કામક્રોધાદિક બધી, વૃત્તિ રાજસ તેમ
થતાં પ્રબલ કરવા ન દે, ધ્યાન સર્વથા એમ. ૭૨.

માટે વૈરાગ્યાદિથી, જીતી એને જાણ,
સાધી શમદમ સાત્ત્વિકી, વૃત્તિ નિર્મલ માન; ૭૩.

પડવું અભ્યાસે પછી, નહિ તો અધવચ એમ
કરે ઘાત એ વૃત્તિઓ, દક્ષ વર્તવું તેમ. ૭૪.

કેવલ કુંભક જ્યાં સુધી, થાએ સિદ્ધ ન જાણ;
રેચક પૂરક ત્યાં લગી, કરે નિરંતર માન. ૭૫.

ના લેતાં ના છોડતાં, થાએ સુસ્થિર પ્રાણ;
નીચે કે ઉપર તથા, જાય ન તે જ પ્રમાણ. ૭૬.

યોગી અંતરમાં કદિ, ગભરાએ ના તેમ;
કેવલ કુંભક એ નકી, સાધી યત્ને એમ. ૭૭.

૧. પસીનો ૨. બમણી; ચોવીસ માત્રા ૩. ત્રણ ગણી છત્રીસ માત્રા ૪. સિંહ ૫. ઈચ્છાઓ ૬. પ્રાણજયની સ્થિતિને ૭. શાંત, નિર્મળ ૮. સુસ્થિર
* શ્વાસ - પૂરક -૧ કુંભક-૪ રેચક-૨ પૂરક-શ્વાસ, કુંભક-અંદર શ્વાસ રોકવો, રેચક-શ્વાસ બહાર કાઢવો

કરી પ્રાણજય એ ક્રમે, કરવો પ્રત્યાહાર;
ખેંચે અંતર્વૃત્તિથી, ઈન્દ્રિયગણ નિર્ધાર. ૭૮.

અંગ સમેટે કાચબો, તેમ ઈન્દ્રિયો જાણ
ખેંચે અંદર; એ કહ્યો, પ્રત્યાહાર સુજાણ. ૭૯.

બાહ્ય ભાન નાસે સહું, પ્રત્યાહારે એહ;
શબ્દ પડે ના કર્ણ પર, જાણે સ્પર્શ ન દેહ. ૮૦.

થાય બ્હાર શું ના લહે, યોગી સુસ્થિર એમ;
ઉત્તમ સ્થિતિ એ નકી, પામે યત્ને તેમ. ૮૧.

પ્રત્યાહાર થયા પછી, કરે ધારણા જાણ;
નાભ્યાદિકમાં ચિત્તનું, સ્થિરીકરણ[૧] એ માન. ૮૨.

થતાં સિદ્ધ એ ધારણા, નાસે દોષો એમ;
આવે ચિત્તે સ્વસ્થતા, રહે ખેદ ના તેમ. ૮૩.

ધ્યાન સાધવું એ પછી, થાય ચિત્ત એકાગ્ર;
સાધન ઉત્તમ એ નકી, આપે સુખ જે સાગ્ર[૨]. ૮૪.

ભૂલી ધ્યાતા ધ્યાન જયાં, થાએ ધ્યેયાકાર
ચિત્ત, જાણ સમાધિ એ, યોગમુકુટ નિર્ધાર! ૮૫.

રહે નિવાતદીપવત્, ધ્યેયાકારે એમ;
હાલે ચાલે ના કદિ, ચિત્ત સમાહિત તેમ; ૮૬.

જોઈ આત્મા આત્મને, રહે સંતુષ્ટ જાણ;
ચળે ચિત્ત ના સર્વથા, ભૂલે શરીરભાન. ૮૭.

આ જ શ્રેષ્ઠ સુખ જાણ તું, નિરુપાધિક એ તેમ;
એથી ત્રિભુવનમાં નહીં, અધિક એક પણ એમ. ૮૮.

કોણ સૌખ્ય એ વર્ણવે?, જાણે જેનું તેહ;
સ્વસંવેદ્યાનંદ એ, એમાં ના સંદેહ. ૮૯.

અતીન્દ્રિય રસ એ નકી, જાણે ઈન્દ્રિય કેમ?
તુચ્છ અન્ય રસ જયાં અહા, કેવળ અનુપમ તેમ! ૯૦.

વિષયરસો નશ્વર બધા, સદા ના રહે જાણ;
પીડે વિરહે સર્વથા, સોપાધિક એ માન. ૯૧.

થાએ નીરસ ક્ષણ મહીં!, સ્વાત્માનંદ ન એમ;
નિરુપાધિક સ્વાધીન એ, રસશ્રેષ્ઠ એ તેમ; ૯૨.

**અ.૩૫ ૨/૬૭ ૦.૧૧.૦૨ સમીપ સ્વાદીયા, અમી ઠાકોર, મયુરીકા ઓઝા**

જાણી ગુણદોષો સુખે, કરતાં યોગાભ્યાસ;
મળે સિદ્ધિ તત્ક્ષણ નકી, રાખ અડગ વિશ્વાસ. ૨.

હોય, પીડિત ક્ષુધિત વા, વ્યાકુળ ચિત્તે એમ;
ક્રોધે વ્યાપ્ત અશાન્ત વા, રોગે દુર્બલ તેમ; ૩.

યોગાભ્યાસ ન આ કદિ, કરવો તેણે જાણ;
દૂર કર્યા વિણ દોષ આ, ઠરે ન ચિત્ત સુજાણ. ૪.

ભર્યો મેલથી દેહ આ, તોએ મોક્ષદ્વાર;
માટે તદ્રક્ષણ વિષે, રહે દક્ષ નિર્ધાર. ૪૩.

ક્ષણભંગુર તોએ નકી, દે શાશ્વત પદ એહ;
યોગાદિકપ્રાપ્તિતણું, દ્વાર એક નરદેહ. ૪૪.

શ્રવણાદિક એ વિણ નહીં, વિના શ્રવણ ના જ્ઞાન,
વિણ જ્ઞાને મુક્તિ નહીં, શાસ્ત્રાનુભવ પ્રમાણ. ૪૫.

માટે રક્ષી એહને, કરવો યોગાભ્યાસ;
નાસે વિઘ્નો દૂર ને, થાય સિદ્ધ અભ્યાસ. ૪૬.

ચિત્ત પ્રસન્ન રહે સદા, મધુર કંઠ પણ તેમ;
થાય અગ્નિ પ્રદીપ્ત ને, દેહ નીરોગ એમ. ૪૭.

નાસે ઈન્દ્રિયચપલતા, થાય દૃષ્ટિ સુસ્વચ્છ;
અલ્પ થાય વિણમૂત્ર ને, અંગે સુગંધ અચ્છ[૩]. ૪૮.

પ્રથમ ચિહ્ન આ સિદ્ધિનું, નિશ્ચય મનમાં જાણ;
બીજું, કૃશતા દેહમાં, સદાનંદ તું માન. ૪૯.

બાધે શીતોષ્ણાદિ ના, ના ભય ચિત્તે તેમ;
નિદ્રાહાર ઘટે નકી, ત્રીજું લક્ષણ એમ. ૫૦.

થતાં પ્રગટ આ નિશ્ચયે, થયો સિદ્ધ અભ્યાસ
માને યોગીઓ નકી!, બીજો પ્રલાપ ખાસ!! ૫૧.

આવે પૂર્ણ થવા જિહાં, યોગ નિશ્ચયે જાણ;
આવે ઉપસર્ગો[૪] તિહાં, સિદ્ધિરૂપ એ માન. ૫૨.

સિદ્ધિ પાછળ જો પડે, થાય યોગથી ભ્રષ્ટ;
થાય ધ્યાન ના અંતરે, પામે આગળ કષ્ટ. ૫૩.

માટે જ્ઞાનીએ સદા, સ્વાત્મવિચારે એમ
ત્યજી દૂર ઉપસર્ગ એ, રે'વું ધ્યાને તેમ. ૭૨.



૧. સ્થિર કરવું તે ૨. સંપૂર્ણ ૩. નિર્મળ, અકૃત્રિમ સુગંધ ૪. વિઘ્નો

ભાવ રાખતાં ઈશ્વરે, થાય વિઘ્નનો નાશ;
માટે ઈશોપાસના, કરવી સાવધ ખાસ. ૭૩.

જેથી ભૂતો ના નડે, સિદ્ધિનાં એ જાણ;
રહી ઈશ પડખે સદા, વિઘ્ન નિવારે માન. ૭૪.

રાખી શ્રદ્ધા ઈશ્વરે, કરે અભ્યાસ જાણ;
ઠગાય ના તે સિદ્ધિથી, અભક્ત માફક માન. ૮૭.

સાધી પ્રત્યાહાર એ, અભ્યાસે નર એમ.
કરે ધારણા યુક્તિથી, સિદ્ધ સુસ્રાવધ તેમ. ૮૮.

પૃથ્વીધારણાથી સ્વયં, માને તદ્રુપ જાણ;
ત્યજી સ્થૂલત્વ બુદ્ધિ થી, ગ્રહે પંચગુણ માન. ૮૯.

પગથી માંડી ઘુંટણે, ભૂમિધારણા તેમ;
ચતુષ્કોણ **લં** બીજ થી, પીતવર્ણ પણ એમ. ૯૦.

ઘુંટણથી નાભિ સુધી, ધનુરાકાર સુજાણ;
શ્વેતવર્ણ જલધારણા, **વં** બીજે તું માન. ૯૧.

નાભિથી હૃદયે કરે, અગ્નિધારણા તેમ;
ત્રિકોણ **રં** બીજે નકી, રક્તવર્ણ નર એમ. ૯૨.

હૃદય થકી ભ્રૂમધ્યમાં, ધ્વજાકાર તું જાણ;
ધૂમ્રવર્ણ **યં** બીજથી, વાતધારણા માન. ૯૩.

બ્રહ્મરંધ્ર સુધી ત્યાં થકી, વૃત્તાકાર[1] સુજાણ;
નીલવર્ણ **હં** બીજથી, વ્યોમધારણા માન. ૯૪.

યોગિસંમત આ નકી, પંચ ધારણા એમ;
કરતાં આવે સુક્ષ્મતા, નિર્વિકારતા તેમ. ૯૫.

થતાં સિદ્ધ પાંચે પછી, મનોધારણા જાણ;
ચંદ્રદેવતા લક્ષીને, કરવી સાધન માન. ૯૬.

આવે નિર્ગુણતા નકી, એથી ચિત્તે એમ;
બુદ્ધિધારણા તે પછી, કરે યોગિજન તેમ. ૯૭.

જાણ બૃહસ્પતિ દેવતા, એની નિઃસંદેહ;
કરતાં ચિંતન એહનું, ટળે સંકલ્પદેહ. ૯૮.

થતાં ધારણા સાત આ, પૂર્ણ સિદ્ધ તું જાણ;
ત્યજી સૂક્ષ્મતા યોગીઓ, થાએ વિરક્ત માન. ૯૯.

વિષયાસક્તિ જાય ને, થાય જિતેન્દ્રિય એમ;
યોગી સુખમય સર્વથા, પૂર્ણ નિરામય તેમ. ૧૦૦.

ગંધાદિકની વાસના, ઊઠે ના કદિ જાણ;
સર્વવિલક્ષણ એ નકી, યોગીશ્વર તું માન. ૧૦૧.

ગંધાદ્યાસક્તિ થકી, પુનરાવૃત્તિ એમ
પામે મૂઢો; ના ગતિ, દેખે કલ્પે તેમ. ૧૦૨.

કરતાં તે તે ધારણા, ક્રમે ગંધાદિ જાણ
થાય નષ્ટ; નિઃસંગ એ, થાએ યોગી માન. ૧૦૩.

સંગ કોઈનો ના કરે, થાએ વિરક્ત એમ;
નડે ન વિઘ્નો એહને, કરે સાધના તેમ. ૧૦૪.

મુક્તસંગ એ સર્વથા, અનહંવાદી જાણ;
બ્રહ્માનંદે મગ્ન એ, વરે શીઘ્ર નિર્વાણ. ૧૦૫.

ધારણાથી જાણીને, ત્યજે સૌક્ષ્મ્ય એ એમ
ત્યજી વાસના સર્વદા, રહે સ્વાત્મવશ તેમ. ૧૦૬.

ધ્યાને નિશ્ચલ બ્રહ્મનું, પામે સત્વર જ્ઞાન
જીવન્મુક્ત થઈ ફરે, નિઃસંશય એ માન. ૧૦૭.

જેણે સાત ધારણા, સાધી નિશ્ચિત એમ;
તે જ જિતાસન જાણ તું, જિતપ્રાણ પણ તેમ. ૧૦૮.

સિદ્ધિ દાસી એહની, સ્થિતપ્રજ્ઞ એ જાણ;
માટે યત્ને ધારણા, સાધે યોગી માન. ૧૦૯.

માયિક ફળ સિદ્ધિતણું, ક્ષણભંગુર પણ તેમ;
માટે ત્યાગી એહને, રે'વું નિશ્ચિલ એમ. ૧૧૪.

શાશ્વત ફળ વિજ્ઞાનનું, હરે જન્મસંદેહ;
માટે ત્યાગી સિદ્ધિઓ, વરે જ્ઞાનિજન એહ. ૧૧૫.

યોગરહસ્ય સુગૂઢ એ, કેવળ સદ્‌ગુરુગમ્ય;
હોય કૃપા ગુરુદેવની, જાણે **રંગ** સુકમ્ય! ૧૧૮.

**અ.૩૬ ૨/૬૮ ૧.૧૧.૧૪ સમીપ, અમી, મયુરીકા**

થતાં ધારણા ત્યાં, કરવું અંતર્ધ્યાન;
દોષ નિવારી સર્વ જે, તારે ભવથી માન. ૩૪.

પ્રથમ સગુણ સુસ્થિર કરી, ધ્યાવું નિર્ગુણ તેમ
રૂપ માહરૂં ભૂપ હે!, અનન્યભાવે એમ. ૩૫.

અજ અવિકારી હું સદા!, નિર્ગુણ નિશ્ચલ જાણ;
વિભુ પરાત્પર એક હું;, સર્વાધાર પ્રમાણ. ૩૬.

૧. ગોલાકાર

રક્ષણ કરવા સાધુનું, દુષ્ટ દંડવા તેમ;
ધર્મસ્થાપવા દેહ આ, ધર્યો સુમંગલ એમ. ૩૭.

ભક્તભાવનાવશ થઈ, મનુષ્યરૂપે આમ
સ્વમાયા સહ અવતર્યો, અખંડ આત્મારામ. ૩૮.

નિરાકાર સાકાર હું, સચ્ચિદ્ આનંદ એક;
પૂર્ણ નિરંજન જાણ તું, કેવલ નિષ્કલ[૧] છેક. ૩૯.

દેહે દેહાતીત હું, જાણે ભક્તો એમ;
ધરે ધ્યાન અંતર વિષે, તરે કાળથી તેમ. ૪૦.

ધ્યાય ભાવથી રૂપ આ સુંદર મારૂં જાણ,
ભલે સ્નેહથી દ્વેષથી, કોઈ ભયથી માન. ૪૧.

તરે સર્વ એ નિશ્ચયે, ના એમાં સંદેહ;
વસ્તુશક્તિ એવી નકી, ના દેખે મતિ એહ. ૪૨.

થતાં સ્પર્શ અગ્નિતણો, અજાણતાં પણ એમ,
બાળે ના શું? તું કહે;, તારે ભક્તિ તેમ. ૪૩.

નિર્વિકાર હું સર્વદા, નિરાવરણ પણ તેમ;
માટે મદ્ધ્યાને તરે, ભક્ત નિશ્ચયે એમ. ૪૭.

અનુક્રમે કરવું સદા, પગથી આશિર[૨] ધ્યાન;
થતાં સ્થિર અભ્યાસથી, વૃત્તિ મુખ પર જાણ. ૪૮.

કરવી સુસ્થિર યત્નથી, પછી હાસ્ય પર તેમ;
ભૂલી સર્વાંગો પછી, થાવું તન્મય એમ. ૪૯.

થાતાં તન્મય ધ્યાનથી, ઊઠે વૃત્તિ ન જાણ;
ધ્યેયાકારે મન રહે, આનંદોત્પ્લુત[૩] માન. ૫૦.

લાગે પૂર્વે સગુણ આ, ધ્યાન અંતરે એમ;
થતાં સ્થિર, નિર્ગુણ કરે, એજ અંતમાં તેમ. ૫૧.

ક્રમે ક્રમે આકારથી, ખસે વૃત્તિ તું જાણ;
થાય ચિત્ત નિર્ગુણ સ્વયં, નિરાકાર પ્રમાણ. ૫૨.

ધ્યેય ધ્યાન ધ્યાતા તણું, રહે ભાન જ્યાં એમ;
રહે ત્રિપુટિ ત્યાં સુધી, જાણ ધ્યાન તું તેમ. ૫૩.

હું ધ્યાતા આ ધ્યાન એ, રહે ન ભાન લગાર;
મન તન્મય નિશ્ચલ રહે, કેવલ ધ્યેયાકાર; ૫૪.

વૃત્તિ બીજી ના ઊઠે, રહે સુનિશ્ચલ એમ,
નિર્વાતે દીપક યથા, ધ્યેયાકારે તેમ; ૫૫.

જાણ સમાધિ એ નકી!, થતાં સિદ્ધ એ જાણ,
મન ઈન્દ્રિય બુદ્ધિ બધાં, થાય નિશ્ચેષ્ટ માન. ૫૬.

છોડી દોડાદોડ એ, થાય સ્વરૂપે લીન;
યોગી આનંદે રહે, થાએ ના કદિ દીન. ૫૭.

ટળે ઉપાધિ સર્વ ને, આધિવ્યાધિ પણ જાણ
ના બાધે એને કદિ, થતાં સમાધિ માન. ૫૮.

મનોભંગ થાએ નકી, વાસનાક્ષય તેમ;
સંશય નષ્ટ થઈ મળે, જીવન્મુક્તિ એમ. ૫૯.

જન્મે યોગી ના પછી, વધે ન તે જ પ્રમાણ;
મૃત્યુ પામે ના કદિ;, પુનર્જન્મ ક્યાં માન! ૬૦.

ન પામે પરિણામ એ, અસંગ કેવળ એમ;
ભૂતભૌતિક થી સદા, કેવળ અલિપ્ત તેમ. ૬૧.

થાએ વ્યાપ્ત ન મોહથી, સંસારે કદિ જાણ;
કેવળ આત્મારામ એ, બ્રહ્મરૂપ તું માન. ૬૨.

ભિંજાએ ના જળ થકી, બળે ન આગે તેમ;
ના શોષાએ વાયુથી, અછેદ્ય શસ્ત્રો એમ. ૬૩.

કલ્પોના કલ્પો વહે, તોએ ચળે ન એહ;
જન્મમરણ એને નહીં, એમાં ના સંદેહ. ૬૪.

શબ્દાદિકથી ના કદિ, થાય સંબદ્ધ જાણ;
રહે સ્વરૂપે સર્વદા, એકરૂપ એ માન. ૬૫.

ના ભોક્તા કોનો કદિ, ના ભોજય પણ તેમ;
નિર્વિકાર નિઃસંગ એ, કેવળ અલક્ષ્ય એમ. ૬૬.

એકપણું ના એહનું, થાય કોઈથી ભંગ;
થતાં ધારણા એહવી, નડે ન માયારંગ. ૬૭.

રાગદ્વેષાદિક મળો[૪], થાએ સુદગ્ધ જાણ;
યોગાનલ સળગ્યો જિહાં, લાગે વાર ન માન. ૬૮.

ના સ્પર્શે મળ એ ફરી, થાય દગ્ધ જે એમ;
થાય ચિત્ત નિર્મલ અને, નાસે ભ્રાન્તિ તેમ. ૬૯.

શોક મોહ શોધ્યા ન ત્યાં, જડે સર્વથા જાણ;
ટળે કર્મસંઘાત જ્યાં, રહે ન બંધનિશાન. ૭૦.

વૃત્તિ બ્રહ્મસ્વરૂપમાં, મળે એકધા જેહ,
ચળે ન ત્યાંથી એ ફરી, કલ્પાન્તે પણ તેહ. ૭૧.



૧. અખંડ ૨. માથા સુધી ૩. આનંદથી તરબોળ ૪. મલિન ભાષા

માટે તંદ્રા છોડીને, કરવો યોગાભ્યાસ;
જાણી યોગચર્યા સુખે, રહી સુસાવધ ખાસ. ૭૯.

અજ્ઞાની જન માનથી, થાએ પ્રફૂલ્લ જાણ;
કરે ઉદ્વેગ અંતરે, જો થાએ અપમાન. ૮૦.

માટે યોગી માનને, માને વિષવત્ જાણ;
અમૃતદૃષ્ટિથી ગ્રહે, સદા જાણ અપમાન. ૮૩.

કંટાળે સન્માનથી, ગણી ઝેર સમ એહ;
હરખાએ અપમાનથી, ગણી સુધા સમ તેહ. ૮૪.

તોજ યોગસિદ્ધિ વરે, નહિ તો બંધન જાણ;
માટે જાણી ભૂપ હે!, કરવું તે જ પ્રમાણ. ૮૫.

જોઈ શુદ્ધ સ્થળ દગે, ભરવું ડગલું એમ;
ગાળી વસ્ત્રો ઉદકને, પીવું નિશદિન તેમ. ૮૬.

શાસ્ત્રશુદ્ધ જાણી સદા, વચન બોલવું જાણ;
થાય શુદ્ધ મન જે થકી, ધરવું તેનું ધ્યાન. ૮૭.

વિષયચિંતને જાણ તું, થાએ બંધન વીર;
ઈશચિંતને ચિત્ત આ, થાએ પાવન ધીર! ૮૮.

બ્રહ્મચર્ય અસ્તેય ને, ત્યાગ અહિંસા જાણ,
ગુરુસેવા શાન્તિ ધૃતિ, શૌર્ય વિનય પણ માન; ૧૨૫.

લઘ્વાહાર અને વળી, સ્વાધ્યાય પણ તેમ;
નિત્યાભ્યાસ કહ્યો નકી, યોગ સિદ્ધિકર એમ. ૧૨૬.

સારભૂત લેવું સદા, શોધી શાસ્ત્રો જાણ;
સંગ્રહબુદ્ધિથી કદિ, ના પઢવું બહુ માન. ૧૨૭.

આ જાણું દોડું તિહાં, કહી એમ નર જેહ,
ફરે તૃષાતુર સર્વદા, થાએ કષ્ટી તેહ. ૧૨૮.

કલ્પે પણ વિદ્યા તણો, ના પામે કદિ પાર;
માટે કરવું શાન્ત મન, લઈ સર્વનો સાર. ૧૨૯.

આવ્યો શરણે દીન હું, આપ માત ને તાત;
ના બીજું કોઈ મુને, વિના આપ ગુરુનાથ! ૧૩૩.

**અ.૩૭**

ધન્ય ધન્ય તું ભૂપ હે!, સાંભળ આપી ધ્યાન;
યોગાભ્યાસે રત રહે, મુક્તસંગ સુજાણ. ૨.

અંતર્મુખ મન ઈન્દ્રિયો, કરી ધ્યાનરત એમ,
થાવું જિતરસ સર્વદા, પામે સિદ્ધિ તેમ. ૩.

એકાન્તે ફળમૂળ જળ, મળે નિરંતર ખાસ;
હોય ઉપદ્રવ ના જિહાં, કરવો ત્યાં અભ્યાસ. ૪.

વનનિકુંજે સત્સ્થળે, દેવાલયમાં તેમ,
અથવા શુદ્ધ ગુફા મહીં, શૂન્ય ગૃહે વા એમ ૫.

બેસી સુસ્થિર આસને, કરવો સતતાભ્યાસ;
યોગનિયમ પાળી સદા, છોડી આળસ ખાસ. ૬.

દેહદંડ નિરિચ્છતા[1], વાગ્દંડ તે મૌન;
મનોદંડ તે યોગ છે, અન્ય દંડ તો ગૌણ. ૭.

દંડત્રય સાધે સદા, તેજ ત્રિદંડી જાણ;
યોગ મૌન નિરિચ્છતા, શુદ્ધ દંડ એ માન. ૯.

વાંસ ગ્રહ્યો દંડી નહીં, પાખંડે રત જેહ;
રાગદ્વેષ ત્યજે નહીં, અધમ જાણવો તેહ. ૧૦.

ભેદાભેદ લહે નહીં, ચિત્તે ખેદ ન જાણ;
સ્વપ્ને સ્વાદ ન જે લહે, બ્રહ્મરૂપ તે માન. ૧૧.

જુએ સર્વ પોતા વિષે, તેમ સર્વમાં આપ;
શત્રુમિત્રભેદાદિથી, રહે દૂર નિસ્તાપ. ૧૨.

કોણ પ્રિય તેને પછી, અપ્રિય કોણ જ તેમ?
સમદષ્ટિ જેની થઈ, અદ્વિતીય તે એમ! ૧૩.

માટીનું ઢેફું અને, પથ્થર સોનું જાણ,
દેખે સમ શુદ્ધાત્મ જે, તે જ યોગીવર માન. ૧૪.

જીવબ્રહ્મના યોગથી, પામે શાશ્વત સ્થાન;
જન્મમરણ તેને નહીં, નિશ્ચય મનમાં માન. ૧૫.

જો લાગે આ કઠણ તો, સાંભળ સાધન અન્ય;
સુગમ અતિશય એ નકી, થા સાધી એ ધન્ય. ૨૩.

કામક્રોધાદિક ત્યજી, છોડી વિષયાધ્યાસ;
સાધી આસન બેસવું, સદા અસંગ ઉદાસ. ૨૪.

બંધ કરી અંગુષ્ઠથી, કર્ણ યુક્તિથી જાણ,
નેત્ર [2]તર્જનીથી વળી, નાસા તે જ પ્રમાણ. ૨૫.

મધ્યમાંગુલિથી કરી, બંધ સુસાવધ એમ,
આનન[3] અન્યાંગુલિ થકી;, વૃત્તિ એકાગ્ર તેમ. ૨૬.

૧. અન્નાદિ દેહને આવશ્યક ચીજો પ્રત્યે પણ ઉદાસીનતા ૨. ટચલી આંગળી ૩. મોઢું

દક્ષિણ કર્ણે જે ધ્વનિ, પ્રગટે મંદ ગભીર,
સાંભળવો સ્થિર ચિત્તથી, નિત્ય નિયમથી ધીર ૨૭.

થતાં ગભરાટ નાસિકા, છોડી વામ સુજાણ,
પુનઃ દબાવી એહને, શ્વાસ દક્ષિણે માન. ૨૮.

મંદ ગતિથી છોડવો;, ફરી ફરીથી એમ
કરવું સાવધ યુક્તિથી;, નાદ સૂણવો તેમ. ૨૯.

લક્ષ્ય સૂક્ષ્મમાં રાખવું, છોડી સ્થૂલ અવાજ;
થતાં ચિત્ત તન્મય તિહાં, વિસરે બીજાં કાજ. ૩૦.

પ્રગટે દશવિધ નાદ જે, ઠરે ચિત્ત જો ત્યાંય;
મરે અન્યવૃત્તિ અને, શિઘ્ર ઉન્મની થાય! ૩૧.

થાય સમાહિત એ થકી, યોગી પ્રસન્નચિત્ત;
એકભક્ત નિર્ભય સદા, જાણ મુક્ત નિશ્ચિંત ૩૨.

બાહ્યાભ્યંતર છોડીને, થતાં સમાહિત એમ;
કરવા એનો ઘાત ના, કોઈ સમર્થ તેમ. ૩૩.

મુક્ત સ્થિતિ જેને વરે, ગુરુપ્રસાદે જાણ;
ભ્રષ્ટ તેહને કો કરે?, મશક કાળ કલિ માન! ૩૪.

એવું પણ જો ના બને, નડે વિઘ્ન જો તેમ,
પ્રારબ્ધે અભ્યાસ ના, વધે અગાડી એમ; ૩૫.

પ્રબળ પાપ જો તેહનું, થાએ મન ચંચળ;
યોગી વ્યાકુળ થાય એ, કરવા એ નિશ્ચલ. ૩૬.

**વિશ્વંભર :-**

તેણે વિશ્વંભર તણું, કરવું અનુદિન ધ્યાન;
જશે પાપ એથી નકી, થશે ચિત્ત સ્થિર માન. ૩૭.

સહસ્ર પાદો જેહના, બાહુ સહસ્ર તેમ,
નેત્રો સહસ્ર જેહનાં, મસ્તક સહસ્ર એમ; ૩૮.

અનંત બ્રહ્માંડો વસે, જેને ઉદરે જાણ,
જેનો પિંડ ત્રૈલોક્ય આ, જેનું તેજ મહાન્; ૩૯.

સર્વ પ્રાણીઓનાં શિરો, એનાં શિર એ તેમ;
સર્વ ગાત્ર એનાં નકી, જાણે જ્ઞાની એમ. ૪૦.

અતલ પાદતલ એહનું, વિતલ પાદોર્ધ્વ જાણ;
ગુલ્ફ[૧] સુતલ મહાતલ નકી, જંઘાદેશ[૨] પ્રમાણ. ૪૧.

જાનુ[૩] તલાતલ જેહના, ઉરુ[૪] રસાતલ તેમ;
કમર પાતાલ સપ્ત એ, જાણ અધઃસ્થિત એમ. ૪૨.

ભૂલોક ડૂંટી નકી, ભુવર્લોક તે પેટ;
સ્વર્લોક હૃદ્ કંઠ જે, મહર્લોક એ ઠેઠ. ૪૩.

જનલોક આનન કહ્યું, તપોલોક ભ્રૂ જાણ;
સત્યલોક શિર ઊર્ધ્વ એ, સપ્તલોક તું માન. ૪૪.

હવા પ્રાણ પૃથ્વી તનુ;, ચૌદે ભુવનો એમ
જાણ શરીરે એહના, વ્યાપક વિષ્ણુ તેમ. ૪૫.

વિવિધ લોક અવયવ અહા!, દંત નક્ષત્ર જાણ;
માયા સુહાસ્ય જેહનું, મોહક કેવળ માન. ૪૬.

નિમેષોન્મેષ[૫] જેહના, રાતદિવસ એ તેમ;
કટાક્ષ સૃષ્ટિ જાણ તું, કુક્ષી સમુદ્ર એમ. ૪૭.

નદી નાડીઓ કેશ તે, વૃક્ષૌષધી પ્રમાણ;
રેત વૃષ્ટિ અસ્થિ નકી, પર્વત જેનાં માન. ૪૮.

બળ વજ્ર જેનું અહા!, કોપ રુદ્ર પણ તેમ;
દિશા કાન વાયુ ત્વચા, સૂર્ય નેત્ર પણ એમ. ૪૯.

વરુણ જીભ જેની કહી, ઘ્રાણ અશ્વિનીબાળ;
જ્ઞાનેન્દ્રિય આ સૂણ તું, કર્મેન્દ્રિય નિર્ધાર. ૫૦.

વાચા અગ્નિ જાણ તું, ઈન્દ્ર જેહના હાથ;
ઉપેન્દ્ર પગ યમ નૈર્ઋતી, ગુદા જાણ સાક્ષાત્! ૫૧.

લિંગ પ્રજાપતિ જેહનું, મન ચંદ્રમા તેમ;
ચિત્ત નારાયણ નકી, બુદ્ધિ બૃહસ્પતિ એમ. ૫૨.

રુદ્ર અહંકૃતિ જેહની, એવું જેનું રૂપ;
વિશ્વંભર જગદીશ એ, તારે નિશ્ચય ભૂપ! ૫૩.

ધ્યાતાં જેને ચિત્તમાં, પ્રગટે મહદાનંદ;
યદ્વાચક ઓંકાર તું, જાણ ભૂપ નિઃસ્પંદ[૬]. ૫૪.

એજ પ્રણવ તારક કહ્યો, જાણી ગુરુમુખ એહ,
એકાન્તે યત્સ્મરણથી, તરે યોગીજન જેહ. ૫૫.

ઋષિદેવાદિ જાણીને, કરતાં એનું ધ્યાન,
બળે પાપ જન્મો તણાં, થાય મનોલય જાણ. ૫૬.

માટે સુસ્થિર આસને, બેસી નિયમે એમ;
ભાવે જપવો પ્રણવ એ, દીર્ઘોચ્ચારે તેમ. ૫૭.

સાર્ધત્રય[૭] માત્રા કહી, એની નિશ્ચય જાણ;
અકાર ઉકાર ને વળી, ત્રીજી મકાર માન. ૫૮.



૧. ઘૂંટણ ૨. ઢીંચણને ઘૂંટણની વચ્ચેનો પગ ૩. ઢીંચણ ૪. સાથળ ૫. આંખ મીંચવી ઉઘાડવી તે ૬. નિશ્ચલ ૭. સાડાત્રણ

અડધી માત્રા જે રહી, અતિ સૂક્ષ્મતર એહ;
જેનો કદિ ઉચ્ચાર ના, થાએ મુખથી તેહ. ૫૯.

જાણે યોગી એ નકી, નિર્ગુણ માત્રા એમ;
કીડી સમ ઘૂમે અહા, બ્રહ્મરંધ્રમાં તેમ! ૬૦.

ગાન્ધારસ્વરયુક્ત એ, આપે પરમાનંદ;
માટે ગાન્ધારી કહે, એને યોગાનંદ. ૬૧.

અડધી માત્રા નકુળની[1], એક ચાષની જાણ;
બે માત્રાથી કાગડો, બોલે નિશ્ચય માન. ૬૨.

મોર ત્રણ માત્રા થકી, જાણી માત્રા તેમ,
સાર્ધત્રય માત્રા વડે, ઉચ્ચારે ૐ એમ. ૬૩.

વધતાં વધતાં સાત ને, આખર ચૌદ પ્રમાણ,
માત્રામેળે બોલતાં, થાય ઉન્મની માન. ૬૪.

કરતાં દીર્ઘોચ્ચારથી, ઓંકાર ધ્વનિ એમ,
ઘૂમે મસ્તકમાં સ્વયં, નાદ મનોહર તેમ. ૬૫.

જપતાં ત્રિકાળ ભાવથી, અનુદિન એમ સુજાણ;
ઉત્તરોત્તર મીઠડો, લાગે અતિશય જાણ. ૬૬.

મનોરાજ્ય પાછાં હઠે, પામે મન વિશ્રામ;
થાય વૃત્તિનીરોધ ને, રહે ન ભયનું નામ. ૬૭.

લઈ યુક્તિથી પ્રણવનું, ધનુષ્ય સાવધ એમ;
અભ્યાસે ખેંચી કરે, સજ્જ બરાબર તેમ. ૬૮.

બાણ લગાડી મન તણું, વીંધે બ્રહ્મનિશાન;
જન્મમરણ તેને નહીં, સ્વયં બ્રહ્મ એ જાણ. ૬૯.

કરે બાર બંદુક તણો, રાખી લક્ષ્યે ચિત્ત;
દૃષ્ટિ માખી પર ઠેરવી, તે જ અહીં પણ રીત. ૭૦.

થાતાં બેસાવધ તિહાં, લક્ષ્ય ચૂકતાં તેમ,
મારો બીજે વાગતાં, પડે નિશાન ન જેમ. ૭૧.

તેમ અહીં પણ જાણવું;, કરતાં પ્રમાદ જાણ,
પડે ચિત્ત વિક્ષેપમાં, આવે દુઃખ મહાન. ૭૨.

માટે સાવધ ચિત્તથી, કરે અભ્યાસ જેહ;
સમાધાન પામે અને, થાએ કૃતાર્થ તેહ. ૭૩.

જાણી ભેદ માત્રા તણો, ઋષિ દેવતા તેમ;
છંદાદિક જાણી કરે, પછી ઉચ્ચાર એમ. ૭૪.

અગ્નિ ઋષિ અકારનો, છંદ ગાયત્રી જાણ;
બ્રહ્મા દૈવત એહનું, પીળો વર્ણ સુજાણ. ૭૫.

**ક્લીં** બીજ શક્તિ ક્રિયા, જાગ્રદવસ્થા તેમ;
ભૂઃ સ્થાન, સ્વર તિહાં, જાણે ઉદાત્ત એમ. ૭૬.

ઋગ્વેદ એનો કહ્યો, ગાર્હપત્યાગ્નિ જાણ;
વિશ્વ આત્મા ગુણ રજસ્, ભૂતત્ત્વ પણ માન. ૭૭.

પ્રાતઃસવન[2] કહ્યું તિહાં, સ્થૂલભોગ દગ્ સ્થાન;
વાગ્ વૈખરી જાણ તું, સ્થૂલ દેહ ત્યાં માન. ૭૮.

એવું મનમાં ધારીને, કરવું અકારધ્યાન;
ઉકારધ્યાન કહું હવે, સાંભળ ભૂપ સુજાણ. ૭૯.

વાયુ ઋષિ ઉકારનો, ત્રિષ્ટુપ છંદ સુહાય;
વિષ્ણુ દેવતા એહની, લોહિત[3] વર્ણ સુકાય. ૮૦.

જ્ઞાન શક્તિ ને બીજ છે, **શ્રીં** તેહનું તેમ;
ભુવઃ સ્થાન યોગી કહે, સ્વપ્નાવસ્થા એમ. ૮૧.

યજુર્વેદ એનો કહ્યો, અનુદાત્ત સ્વર જાણ;
અગ્નિ દક્ષિણ તત્ત્વ ત્યાં, તેજ દિવ્ય પ્રમાણ. ૮૨.

સવન માધ્યંદિન નકી, તૈજસ આત્મા તેમ;
સત્ત્વ ગુણ પ્રવિવિક્ત છે, ભોગ ઉકારે એમ. ૮૩.

કંઠસ્થાન કહ્યું તિહાં, વાગ્ મધ્યમા જાણ;
સૂક્ષ્મદેહ જાણી મને, કરવું ઉકારધ્યાન. ૮૪.

સૂર્ય, ઋષિ મકારનો, જગતી છંદ સુજાણ;
ઈશ્વર મૃત્યુંજય કહ્યું, દૈવત તેનું માન. ૮૫.

શ્વેત વર્ણ **હ્રિં** બીજ ને, દ્રવ્ય શક્તિ પણ તેમ;
નિદ્રાવસ્થા ને વળી, સ્વઃસ્થાન પણ એમ. ૮૬.

સ્વરિત સ્વર એનો નકી, સામવેદ તું જાણ;
આહવનીયાગ્નિ કહ્યો, દ્યૌસત્ત્વ પ્રમાણ. ૮૭.

સવન તૃતીય પ્રાજ્ઞ છે, આત્મા તેનો તેમ;
તમોગુણ હૃત્સ્થાન ને, ભોગ આનંદ એમ. ૮૮.

વાચા પશ્યંતી કહી, કારણદેહ પ્રમાણ;
જાણી એવું મન વિષે, કરવું મકારધ્યાન. ૮૯.

અર્ધમાત્રાનો ઋષિ, વરુણ જાણવો એમ;
વિરાટ છંદ દૈવત તિહાં, છે પરમાત્મા તેમ. ૯૦.

૧. નોળિયો ૨. હોમ ૩. લાલ

ક્રૌં બીજ વિજ્ઞાન છે, શક્તિ તેની જાણ;
સર્વ વર્ણ ભૂર્ભુવઃ સ્વઃ, સ્થાન તેહનું માન. ૯૧.

તુર્યાવસ્થા સર્વ ગુણ, સર્વ સ્વર પણ તેમ;
અગ્નિ સાંવર્તક કહ્યો, સર્વ સવન પણ એમ. ૯૨.

પ્રત્યગ્ આત્મા તત્ત્વ છે, ત્રણ તેહનાં જાણ;
નાદ વેદ વાણી પરા, મૂર્ધાસ્થાન પ્રમાણ. ૯૩.

નિરતિશય આનંદ ત્યાં, કેવળ અનુભવગમ્ય;
દેહ મહાકારણ કહ્યો, અસ્મિતાર્થ એ કમ્ય. ૯૪.

અર્ધમાત્રાધ્યાન આ, કહ્યું ભૂપતે એમ;
જાણી શ્રદ્ધાભાવથી, કરવું યથાર્થ તેમ. ૯૫.

ઋષિ બ્રહ્મ ધ્વનિ તણો, દેવ પરાત્મા જાણ;
અવ્યક્ત ગાયત્રી કહ્યો, છંદ તેહનો માન. ૯૬.

ચિચ્છક્તિ, મનોન્મની, જાણ અવસ્થા એમ;
સ્વાત્મૈક્યાવસ્થિતિ તિહાં, વદે અનુભવી તેમ. ૯૭.

ચિદાકાશ સુસ્થાન છે!, જાણી એવું જેહ,
કરે ધ્યાન સત્વર વરે, જીવન્મુક્તિ તેહ. ૯૮.

થાય અસ્મિતાલય ઈહાં, દ્વૈત નિર્મૂલ થાય;
સ્વાત્મવૈભવે એકલો, રાજે[1] આત્મા ત્યાંય! ૯૯.

વ્યષ્ટિ પિંડ, સમષ્ટિ તે, જાણ બ્રહ્માંડ તેમ;
લક્ષ્યાર્થે બન્ને તણો, અભેદ કેવળ એમ. ૧૦૦.

વિશ્વ વ્યષ્ટિદેહે કહ્યો, વિરાટ્ સમષ્ટિ માંહ્ય;
અભેદ બેઉનો નકી, સદા યોગિજન ધ્યાય. ૧૦૧.

તૈજસ સૂત્રાત્મા[2] તણો, પ્રાજ્ઞેશ્વરનો એમ;
દેખે અભેદ અંતરે, મટે ભ્રાન્તિ તો તેમ. ૧૦૨.

પ્રથમ હ્રસ્વ માત્રા કહી;, બીજી દીર્ઘ પ્રમાણ;
જાણ પ્લુત ત્રીજી વળી, અર્ધ અગોચર માન. ૧૦૩.

વ્યક્ત પહેલી બીજી તો, માત્રા અવ્યક્ત તેમ;
ત્રીજી ચિચ્છક્તિ પરબ્ર,હ્મ અર્ધ એ એમ. ૧૦૪.

આજ ક્રમે ચિંતી હૃદે, માત્રા સાવધ જાણ;
ચિત્ત પરોવી લક્ષ્યમાં, કરવું સાદર ધ્યાન. ૧૦૫.

પ્રણવ નામ આત્મા તણું, તેથી બ્રહ્મ ઓંકાર;
નામ નામી અભિન્ન એ શ્રેષ્ઠોપાસનસાર. ૧૦૬.

જાણી ચિહ્નો મૃત્યુનાં, કરે ઉપાસન જેહ;
ચિન્તી સ્વરૂપ અંતરે, થાય બ્રહ્મમય તેહ. ૧૦૭.

ચિત્ત થાય ના બ્રહ્મમાં, લીન કદાપિ તોય,
સ્વર સાધી વૈખરી થકી, જપતાં મુક્તિ હોય. ૧૦૮.

ના થતાં લય ચિત્તનો, થાય વૈખરી જાપ;
થાય પ્રાણલય એ થકી, ટળે એથીએ તાપ. ૧૦૯.

જાય બ્રહ્મલોકે સુધી, થાય મુક્ત વિધિ સાથ;
ક્રમમુક્તિ એને કહી;, હરે પુનર્ભવ તાત! ૧૧૦.

ગુરુકૃપાથી પ્રણવના, ધ્યાને સાધક એમ
થાય મુક્ત અહિયાં જ વા, લે ક્રમમુક્તિ તેમ. ૧૧૧.

જેવો માત્રાભ્યાસ ત્યાં, મળે તેહવો લોક;
પ્રણવોપાસનથી કદિ, રહે ન સહસા શોક. ૧૧૨.

થતાં જ્ઞાન અહિંયા જ એ, થાએ જીવન્મુક્ત;
શેષ પ્રારબ્ધ ભોગવી, લીન બ્રહ્મમાં યુક્ત. ૧૧૩.

એનું પ્રાણોત્ક્રમણ ના, થાય કદાપિ જાણ;
થાય લીન સ્વરૂપમાં, પ્રાણ એહના માન. ૧૧૪.

તપ્ત પથ્થરે નાંખતાં, જલબિંદુઓ જેમ,
રહે ન એ ત્યાં પલક પણ, શમે પથ્થરે જેમ; ૧૧૫.

તેમ પ્રાણ મુક્તો તણા, જાય ન બીજે ક્યાંય;
થાય લીન સ્વરૂપમાં, તેથી જન્મ ન થાય ! ૧૧૬.

કાર્યબ્રહ્મોપાસના, કરે યોગિજન જેહ,
જાય સુષુમ્ણામાર્ગથી, બ્રહ્મલોકમાં તેહ. ૧૧૭.

ક્રમમુક્તિ પામે તિહાં, બ્રહ્મદેવ સહ જાણ;
પ્રણવોપાસન એમ એ, ખાલી જાય ન માન. ૧૧૮.

મૃત્યુકાળ જાણી સ્વયં, રોકી નવે દ્વાર;
સાધી સ્વર, ભેદે સુધી, બ્રહ્મરન્ધ્ર નિર્ધાર. ૧૧૯.

જાણી માત્રા, જોરથી, રટે ઓંકાર એમ;
રાખી બ્રહ્મે ચિત્ત એ, થાએ સુમુક્ત તેમ. ૧૨૦.

એકમાત્રાધ્યાનથી, જાએ જો કદિ પ્રાણ;
ભૂલોકે જન્મે ફરી, ઋગ્વેદે એ માન. ૧૨૧.

બ્રહ્મકુલે જન્મી તિહાં, બ્રહ્મચર્યથી એમ
કરી તપસ્યા જ્ઞાનથી, વરે નિર્વાણ તેમ. ૧૨૨.



૧. શોભે, પ્રકાશે ૨. હિરણ્યગર્ભ

માત્રાદ્વયનું ધ્યાન જો, થતાં સિદ્ધ અસુ જાય;
અંતરિક્ષમાર્ગે થઈ, સોમલોકમાં જાય. ૧૨૩.

યજુર્વેદ ત્યાં એહને, પહોંચાડે તું જાણ;
દિવ્ય સૌખ્ય જ્યાં ભોગવી, આવે ભૂ પર માન. ૧૨૪.

જન્મી નરદેહે તિહાં, થાએ જ્ઞાની એહ;
વરે શીઘ્ર નિર્વાણ ત્યાં, એમાં ના સંદેહ. ૧૨૫.

થતાં ત્રિમાત્રાધ્યાન જો, જાએ તેમજ પ્રાણ,
સામ સૂર્યલોકે લઈ, જાય એહને માન. ૧૨૬.

પાપમુક્ત થઈ સામથી, બ્રહ્મલોકમાં એમ,
જાએ ત્યાંથી ધ્યાનથી, થાએ સુમુક્ત તેમ. ૧૨૭.

કાર્યથકી પર જે નકી, પ્રકૃતિથી પર જાણ,
નિર્વિકાર અજ અમર જે;, આત્મા કેવલ માન; ૧૨૮.

વ્યાપી સઘળે જે રહ્યો, પુરુષ અનામી એમ
સાર્ધ ત્રિમાત્રાધ્યાનથી;, ભળે તેહમાં તેમ. ૧૨૯.

એકરૂપ તદ્રૂપમાં થાય, ઉપાસક જાણ.
નામરૂપ છોડી રમે, નદ્યર્ણવવત્ માન! ૧૩૦

શોક મોહ એને પછી, થાએ નિરર્થ કેમ?
અપરિચ્છિન્ન થાએ સ્વયં!, જાય પછી ક્યાં તેમ? ૧૩૧

જવું આવવું એહને, નહીં એ પછી જાણ;
રહે વ્યાપીને સર્વ એ, કેવળ મુક્ત સુજાણ! ૧૩૨

કહે દત્ત અલર્કને, જાણી રાજા એમ.
કરવી પ્રણવોપાસના, તારક નિશ્ચય તેમ. ૧૩૩

સૂણી વચન રાજા કરે, પ્રશ્ન ફરીથી જાણ.
અલખ નિરંજનને કહે, આગળ એહ સુજાણ. ૧૩૪

આ અધ્યાયે વર્ણવ્યું, પ્રણવોપાસન તેમ;
કરતાં શ્રદ્ધાભક્તિથી, તરે **રંગ** ના કેમ? ૧૩૫

**અ.૩૯**

ગુરુકૃપાથી કોક દિન, પામે વિરલો જ્ઞાન;
પડે પુણ્યથી શ્રવણમાં, સન્મુખથી એ માન. ૩.

ના દુષ્કર ભજને કશું, વાગે લેખે મેખ;
જાણે વિરલો યોગી એ, અન્ય વિડંબન ભેખ. ૫૭.

સ્મરવો આત્મારામ ને, થાવું સાવધ જાણ;
કરી રટણ ઓંકારનું, કરવા સુલીન પ્રાણ. ૭૯.

જેવું જેનું આચરણ, તેવું થાય સ્મરણ;
માટે ચેતી પ્રથમથી, કરવું સદા ભજન. ૮૦.

કરી જન્મ પર્યંત ના, સત્સંગતિ કદિ જાણ;
રડે આખરે ગાભરો, થતાં યમાંકિત માન. ૮૧.

જન્મમરણ ચૂકે નહીં, વિના જ્ઞાન કદી એમ;
દંડે આવી કારમો, કાળ આખરે તેમ. ૮૨.

મૃત્યુચિહ્ન માટે લહી, રહેવું સાવધ જાણ;
જાણી સાધન ગુરુમુખે, કરવું યથાર્થ માન. ૮૩.

ભલે રહે સંસારમાં, ચૂકે ભજન ન જેહ;
ના પસ્તાએ એ કદિ, એમાં ના સંદેહ. ૮૪.

વિના જ્ઞાન વાચાળતા, મૂરખતા એ જાણ;
માટે બકબક મૂકીને, કરવું સાધન માન. ૮૫.

**અ.૪૧.**

સ્થાવર જંગમ સર્વને, માની ભગવદ્રૂપ,
કરતાં વંદન ક્યાં રહે, કૃતજ્ઞતા ભવકૂપ? ૮.

'ઈદં સદેવ' શ્રુતિ વદે, જગત બ્રહ્મ આ તેમ;
જતાં ભેદદૃષ્ટિ તિહાં, રહે ખેદ ના એમ. ૯.

ઈશ્વરગુરુમાં ભેદના, તેમજ નિઃસંદેહ;
કરે અવિદ્યા નષ્ટ જે, ઈશ્વર ગુરુવર તેહ. ૧૦.

ગુકારથી શાસ્ત્રે કહી, મૂળ અવિદ્યા તેમ;
રુકાર તન્નાશક નકી, એક ગુર્વીશ એમ. ૧૧.

બે અક્ષરનો મંત્ર એ, તારે નિઃસંદેહ;
ભવબાધાહારક નકી, મંત્રોત્તમ ગુરુ તેહ. ૧૨.

ગુરુ ગુરુ કરતાં શ્વાસ આ, જાઓ નિશ્ચય એમ;
ના ઈચ્છા બીજી કશી, પામ્યો સકળ ક્ષેમ. ૧૩.

કાઢી ચર્મ આ દેહનું, જૂતાં ગુરુપદ માંહ્ય
ઘાલું તોએ ના વળે, એ ઋણ શ્રી ગુરુરાય! ૧૪.

કરો કૃપા ગુરુવર હવે, રાખો સ્મરણ અખંડ;
ના ભૂલું પદ આ કદિ, પડી જતાં પણ પંડ. ૧૫.

ધન્ય માત યલ્લેખથી, મળ્યા ભવત્પદ આમ;
સંતમહંત મુનીશ્વરો, જયાં પામે વિશ્રામ. ૩૧.

ધન્ય ધન્ય ગુરુચરણ આ!, યચ્છરણે ક્ષણ માંહ્ય
નાઠું તમ જન્મો તણું, રહે શોક ત્યાં કયાંય? ૩૨.

આત્મા અસંગ નિશ્ચયે, ઈન્દ્રજાળ જગ જાણ!
મન નિશ્ચળ કરી એહવો, કરતાં વિવેક માન. ૪૦.

ઊઠે ચિત્તે વાસના, ના સ્વપ્રે પણ તેમ;
જન્મમરણ તેને નહીં, સદા મુક્ત એ એમ. ૪૧.

વેદપ્રમાણથી થયું, જ્ઞાન પૂર્ણ જે જાણ,
નાશ કરે તેનો નહીં, એવું અન્ય પ્રમાણ. ૪૨.

સ્વપ્રે પણ યોગીશ્વરો, ના જાણે સ્થિતિ જેહ,
અનિર્વાચ્ય ગતિ ભક્તની, પ્રેમલક્ષણા તેહ. ૪૬.

દેહ મડું માની વરે, કેવળ પર સાક્ષાત્;
એ મિલનસુખ કો વદે!, જાણે ભક્ત સુજાત. ૪૭.

કોટિજન્મસુકૃત ફળે, ત્યારે ભક્ત થવાય;
નહિ તો વાતોમાં વહી, બહુધા જીવન જાય. ૪૮.

જ્ઞાનોત્તર ભક્તિ નકી, સર્વશ્રેષ્ઠ તું જાણ;
આર્તાદિક ભક્તો મહીં, જ્ઞાની વરિષ્ઠ માન. ૪૯.

જે આ જ્ઞાની ભક્ત તે, નિત્યયુક્ત પ્રભુ માંહ્ય;
પ્રેમરસાપ્લુત જાણ તું, તે તો મુક્ત સદાય. ૫૦.

એ ભક્ત્યમૃતસ્વાદ તો, જાણે જેનો તે જ!
બીજા પામર ના લહે, જેમ જન્માંધ તેજ!! ૫૧.

નિરુપમ પરમાનંદ એ, સદા અનુભવે ભક્ત;
ભવકીટક એ શું લહે, જે કીચડ માં સક્ત? ૫૨.

સ્વયં સચ્ચિદાનંદ પણ, ના જાણે હરિ એહ;
લે માટે, અવતાર શું, જોવા દેહ વિદેહ? ૫૩.

પડે ચેન ના દેવને, નકી ભક્ત વિણ એમ;
વર્તે ભક્તાધીન શું, છોડી લજજા તેમ? ૫૪.

પ્રેમલુબ્ધ ભક્તો કને, રહે નિરંતર જાણ;
એવી અનન્યભક્તિ આ, પ્રેમલક્ષણા માન. ૫૫.

લૂખી ચારે મુક્તિ ત્યાં!, ભજનાનંદ અખંડ
વર્તે ત્યાંથી તત્ક્ષણે, નાસે માયાબંડ. ૫૬.

એવી ભક્તિ અલર્કને, મળી અયત્ને જાણ;
ધન્ય દૈવ એનું નકી!, કરે કોણ વખાણ? ૫૭.

**દત્ત દર્શન :-** **હર્ષ પટેલ, અમી ઠાકોર**

રમ્ય છબી એ દત્તની, શોભા મુખની તેમ;
નેત્રાચપળતા શી કહું ?, જીવંત મત્સ્યો જેમ! ૫૮.

રૂપ મનોહર ફૂટડું, વદનકંજ સુહાસ્ય;
પ્રેમકટાક્ષો જોઈને કરે, સૌંદર્ય [૧]લાસ્ય! ૫૯.

વરદ અભય બે કર અહા!, કંઠ શંખ સમ તેમ!
વિશાળ વક્ષઃસ્થળ અહા, પેટ પર્ણ સમ એમ!! ૬૦.

નાભિ સુહામણી અતિ, ઊરુ કેળ સમ જાણ;
વજ્રાંકુશધ્વજપદ્મથી, અંકિત ચરણ પ્રમાણ. ૬૧.

મંદસ્મિત મુખ પર લસે, તેજઃ પુંજ શરીર;
જોઈ મનડું ના ખસે, ત્યાંથી જાણ લગીર. ૬૨.

અત્યદ્ભુત છબી એ નકી, નિર્ગુણ જાળ પ્રમાણ;
મનોમત્સ્ય જેમાં જઈ, થાએ તન્મય માન! ૬૩.

આમતેમ ભટકી યદા, દેખે શાન્તિ ન કયાંય;
દેખી ભગવદ્રૂપ આ, ઠરે આખરે ત્યાંય. ૬૪.

ખસે ન ત્યાંથી ખેંચતાં, ફરે ન પાછું તેમ;
થાએ તન્મય સર્વથા, મૂકી ચેષ્ટા એમ. ૬૫.

ચોંટી માખી મધ વિષે, ઊડી શકે ન જાણ;
ભગવદ્રૂપે તેમ આ, ઠર્યું ના ખસે માન. ૬૬.

મન રાજા ઈન્દ્રિય તણો, ઠરતાં રૂપે એમ,
દોડે બ્હાર ન ઈન્દ્રિયો, રહે સ્વામિવશ તેમ. ૬૭.

છોડી શેઠ ન સેવકો, જાએ ક્યાંય સુજાણ;
તેમ મનોવશ ઈન્દ્રિયો, રહે સ્વસ્થ તું જાણ. ૬૮.

જતાં સાથ શ્રીમંતની, મિજબાનીમાં જેમ,
ન માંગતા પણ સેવકો, પામે મિષ્ટાન્ન તેમ; ૬૯.

મનને પરમાનંદ ત્યાં, મળતાં ધ્યાને જાણ,
નાસે ઈન્દ્રિયખેદ ને, થાય તૃપ્ત એ માન. ૭૦.



૧. નૃત્ય

રૂપે મન રમતાં નકી, ખસે ન ઈંદ્રિય તેમ;
થાએ નિશ્ચલ સર્વથા, કેવળ અચેષ્ટ એમ. ૭૧.

અલર્કની પણ એ સ્થિતિ, થઈ નિશ્ચયે જાણ;
ગુરુરૂપે મન જે ઠર્યું, ત્યાંથી ખસે ન માન. ૭૨.

વદે વેદ પરોક્ષ જે, તે તું અપરોક્ષ જાણ;
અમને ભક્તોને સદા, એક જ ધ્યેય સુજાણ. ૧૦૨.

તું જ મુક્તિ મારી વિભો!, ભુક્તિ યુક્તિ પણ તેમ;
પુનઃ પુનઃ પ્રણમું તને, વંદુ શતધા એમ. ૧૦૩.

કરવાનું કીધું બધું, પ્રાપ્ય મેળવ્યું જાણ;
જોવાનું જોયું હવે, રહ્યું ન એ અભિમાન. ૧૦૪.

કોણ વદે? કો સાંભળે?, સઘળું એકાકાર!
થયું નષ્ટ હું તું પણું, તોએ વંદુ દયાળ!! ૧૦૫.

માની આજ્ઞા આપની, જાઉ નિશ્ચય એમ;
મુક્તસંગ વિચરૂં સુખે, યથાપ્રારબ્ધ તેમ!! ૧૦૬.

અલખ કહે આગળ હવે, **રંગ** જામશે કેમ
અનુભવશે સંતો સુધી!, તર્યો અત્ર નૃપ એમ!! ૧૦૮.

**અ.૧૨૦**

ગ્રહે ચરણ સદ્ભાવથી!!, બોલે શ્રીગુરુ ત્યાંયઃ-
રાખી હાથ જે હૃદય પર, કરે શોક તું આંહ્ય. ૧૧.

તેજ હૃદય આનંદનું, સ્થાન નિશ્ચયે જાણ;
આત્મજ્ઞાન વસે તિહાં, સચ્ચિત્સુખમય માન. ૧૨.

પરમાત્મા વ્યાપક અહીં, ચરાચરે જે જાણ
નિવાસ તેનો હૃદય આ, પ્રાણીમાત્રનું માન. ૧૬.

શાસ્ત્ર સકળ એવું કથે, વદે અનુભવી તેમ;
જીવાત્મા જેને કહે, એ જ ઈશ છે એમ. ૧૭.

નામરૂપકુલજાતિ ને, ગોત્રાદિકની એમ
કરી કલ્પના જડ વિષે, નિરાધાર આ તેમ. ૨૦.

કહે ક્ષણિક જડ દેહને, હું હું નિરર્થ જાણ;
સંબંધીને દેહનાં, મારાં તેજ પ્રમાણ. ૨૧.

આત્માને પણ એ કશું, ના સ્પર્શે કદિ આંહ્ય;
નિર્વિકાર એ તો સદા, નિરુપાધિક સોહાય. ૨૨.

નિર્વિકલ્પ નિશ્ચલ અને, સદા નિરંજન એહ;
નાશ ન પામે ના કદિ, થાય ક્ષીણ પણ તેહ. ૨૩.

વધે ઘટે ના સર્વથા, કેવલ ચિન્મય જાણ;
અનાદ્યનંત સંપૂર્ણ એ, શુદ્ધ સનાતન માન. ૨૪.

સારાનરસાથી રહે, અળગો અલિપ્ત તેમ;
સુખદુઃખાદિક દુન્યવી, અડે ન એને એમ. ૨૫.

કર જોડી કન્યા વદેઃ-, જડચેતનનો ભેદ
કહો મને કરુણાનિધે!, ટળે જે થકી ખેદ. ૨૬.

બોલે સદ્ગુરુ સૂણ એઃ-, પોતાને ના જેહ
લહે, તેમ ના અન્યને, જાણે જડ સહુ તેહ. ૨૭.

જાણી પોતાને લહે, જેહ અન્યને તેમ,
તે જ ચૈતન્ય જાણ તું, શાસ્ત્રાનુભવે એમ. ૨૮.

નિર્વિકાર સાક્ષી સ્વયં,પ્રકાશ જે કૂટસ્થ,
અજરામર ચૈતન્ય એ, પ્રત્યગાત્મા તટસ્થ. ૨૯.

બોલે કન્યાઃ- શું કહ્યું, ખોટું મેં તો આંહ્ય?
વાગે કાંટો પગ મહીં, જાણ દેહને થાય! ૩૦.

મારી સણકો એકદમ, પ્હોંચે શિર પર્યંત;
માખ મગતરૂં બેસતાં, થાય સહન ના હન્ત!? ૩૧.

માટે એવા દેહને, જડ તે ક્યમ કહેવાય?
વદેગુરુઃ- સુણ કન્યકા!, સમજી ઊલટું આંહ્ય. ૩૨.

દેહજ ચેતનરૂપ જો, હોત નિશ્ચયે એમ;
ફાવે ત્યાં રહી સર્વને, જોઈ શક્ત એ તેમ. ૩૩.

શબ્દાદિક વિષયો તણું, થાત એહને જ્ઞાન;
ફાવે ત્યાં રહી સર્વથા, વિણ ઈન્દ્રિય તું માન. ૩૪.

ચેતનને નેત્રાદિની, દર્શનાદિને માટ
ના આવશ્યકતા કદિ, પ્રકાશ જે સાક્ષાત્. ૩૫.

દેહનેજ એ સર્વની, પડે જરૂર તું જાણ;
વિણ નેત્રે દેખે નહીં;, સુણે શબ્દ ન માન. ૩૬.

શ્રવણ વિના કદિ દેહ આ!, ના માટે ચૈતન્ય
દેહ કદાપિ જાણ તું, જાણનાર ત્યાં અન્ય! ૩૭.

અહંકાર આત્મા તણા, તાદાત્મ્યે તનુ એહ
જડ છતાં ચેતનસમી, ભાસે નિઃસંદેહ. ૩૮.

આપાદતલમસ્તકે, અહંકાર એ જાણ,
ઓતપ્રોત સઘળે રહ્યો, શરીર માંહે માન. ૩૯.

ભિન્ન ભિન્ન આ દેહને, થાય અવસ્થા એહ
પ્રાપ્ત તેથીજ નિશ્ચયે;, ના એમા સંદેહ. ૪૦.

પૂર્ણ વિકાસિત હોય એ, અહંકાર જ્યાં એમ,
જાગ્રદવસ્થા જાણ તું, પ્રાણીમાત્રને તેમ. ૪૧.

અર્ધોન્મીલિત તે થતાં, સ્વપ્નાવસ્થા જાણ;
નિદ્રાવસ્થામાં રહે, અવિકસિત એ માન. ૪૨.

એમ અહંકારે કરી, અવસ્થાત્રય આંહ્ય;
નિદ્રાવસ્થામાં થતાં, અહંકારલય ત્યાંય. ૪૩.

થોભે વ્યવહારો બધા, લોકસર્વના તેમ;
મોહશોકદુ:ખાદિનું, રહે ભાન ના એમ. ૪૪.

માટે ચેતન દેહને, કહી ન શકીએ જાણ;
જન્મમરણ ચૈતન્યને, ના કલ્પાંતે માન. ૪૫.

દેહ વિકારી જાણ આ, સર્વ અનુભવે એહ;
કોશ અન્નમય એ કહ્યો!, શરીરદ્વારે તેહ. ૪૬.

કર્મ શુભાશુભ થાય આ, જીવાત્માને જાણ;
પૂર્વદેહમાં જે કર્યાં, તત્સમ આ તનુ માન. ૪૭.

કર્મભોગકારણ પડે, કરવી ધારણ આંહ્ય
માટે જ્ઞાને મુક્તિ જો, પ્રાપ્ત ન અહિયાં થાય. ૪૮.

જન્મમરણ ચૂકે નહીં;, દેહ નિરંતર તેમ
ધરી, ભ્રમણ સંસારમાં, કરે જીવ આ એમ! ૪૯.

જોતાં, દેહનિદાન શું?, માતાપિતા જે અન્ન
ખાય, તેહનો રસ થઈ, થતાં એહ રસ ઘન. ૫૦.

**હર્ષ પટેલ, અમી ઠાકોર, આશીતા પ્રજાપતી**

રક્તરેત બની એ તણું રક્તરેતથી એહ
થાય દેહ નિર્માણ આ; વધે અન્નથી તેહ. ૫૧.

અન્નાભાવે ક્ષીણ થાએ, અંતે ભૂ માંહ્ય
મળી જાય રખ્યા થઈ, અન્નકોશ એ આંહ્ય. ૫૨.

વિકારી જડ એવો નકી દશ્યરૂપ નિર્ધાર;
શી રીતે ચૈતન્ય એ? બોલ વિચારી સાર. ૫૩.

જુએ વસ્તુને જે તથા, જોનારો તે અન્ય
દ્રષ્ટા દશ્ય ન એ કદિ, એક રૂપ અનન્ય. ૫૪.

એજ ન્યાયથી દેહનો, દ્રષ્ટા બીજો જાણ,
દેહ થકી વ્યતિરિક્ત[1] જે;, દેહ ન એ કદિ માન. ૫૫.

દેખાએ તે નાશવાન્, વેદસિદ્ધાંત એહ;
દશ્યમાત્ર નશ્વર બધું;, તેમ પ્રત્યક્ષ દેહ. ૫૬.

જડ વિકારમય મલિન આ, ચેતન કેમજ થાય?
રક્તરેત માબાપનું, ભળે અમંગલ ત્યાંય; ૫૭.

અસ્થિ મજ્જા સ્નાયુ એ, પિતૃરેતથી તેમ,
માંસ રુધિર ત્વચા બને, માતૃરક્તથી એમ. ૫૮.

કફ વાત ને પિત્તથી, થાય ઘટ્ટ એ જાણ
રજસ્વલાના મેલથી, નવ માસ લગ માન. ૫૯.

થાય વૃદ્ધિંગત તથા, દેહ વિકારી એહ;
છ માસ અંદર કદિ, પડે ગર્ભ જો તેહ. ૬૦.

માંસપિંડ સમ જડ નકી, દેખાએ એ એમ;
સપ્તમ માસે તાલુનું, સ્થાન ભેદીને તેમ. ૬૧.

કરે પ્રવેશ ગર્ભમાં, ઈશચૈતન્ય જાણ,
ચલનવલન આદિક ક્રિયા, કરે ગર્ભ ત્યાં માન. ૬૨.

પુણ્યપાપ જે પૂર્વના, સ્મરી અંતરે ત્યાંય,
ગર્ભકષ્ટ જોઈ તથા, દુ:ખિત અતિશય થાય. ૬૩.

સોહં શબ્દોચ્ચારથી, ઈશપ્રાર્થના તેમ
કરી કહે, આ દુ:ખથી, છૂટતાં જ હું એમ. ૬૪.

સોહં શબ્દે ઈશનું, કરીશ અનન્ય ભજન;
અભેદભાવે નિશ્ચયે, કરીશ તચ્ચિંતન. ૬૫.

એમ યાતના ગર્ભમાં, ભોગવી દુ:સહ જાણ,
મરણતોલ દુ:ખ માતને, આપી અંતે માન. ૬૬.

નવ માસ પૂરા થતાં, યોનિદ્વારે એહ
મલમૂત્રાદિક મેલ સહ, પડે કીટસમ તેહ. ૬૭.

અથવા આડો હોય તો, માતૃપ્રાણને તેમ
ઘાતક સમજી એહને, કાપી કાઢે તેમ! ૬૮.

ગર્ભાવસ્થા એહવી, દુ:ખદ નિશ્ચય આંહ્ય;
જન્મ્યે ઉત્સવ કો કરે, મર્યે શોક વા ત્યાંય? ૬૯.

જન્મ પામતાં ગર્ભમાં, કીધો સંકલ્પ જેહ
આજન્મ હરિભજનનો, ભૂલે સત્વર તેહ. ૭૦.



૧. જુદા

બાલ્યાવસ્થા ખેલમાં, ખુએ જુવાની તેમ
વિષયભોગમાં; ઘડપણ, પુત્રપૌત્રની એમ. ૭૧.

ચિંતામાં દિન નિર્ગમી, આયુષ એળે ખોય;
મરણ આવતાં આખરે, પશ્ચાતાપે રોય! ૭૨.

સહસ્ત્રાવધિ વીંછીઓ, એકજ સમયે જાણ
કરડતાં જે વેદના, થાય તેહવી માન. ૭૩.

અસહ્ય પીડા ભોગવી, ત્યાગે શરીર તેમ;
શ્વાન સૂકર[1] વૃક્ષ વા, દેવ મનુષ્ય એમ. ૭૪.

પશ્વાદિકની યોનિમાં, ગ્રહે જન્મ વા જાણ;
ઉચ્ચનીચ થઈ અવતરે, કર્માનુસાર માન. ૭૫.

મરણ સમે સાથે કશું ના આવે તલપૂર;
કર્મ સાથ જીવ જાય આ;, રહે આપ્તજન દૂર! ૭૬.

બોલે કર જોડીઃ- પ્રભો!, બોલો યથાર્થ આપ;
તોએ દુઃખ ન આ શમે!, સરશે ક્યારે પાપ? ૮૭.

લખ્યો જન્મ જે સ્ત્રી તણો, વિધિએ લલાટ માંહ્ય
પુનઃપુનઃ શું એ ગ્રહી, સર્વ જીંદગી આંહ્ય. ૮૮.

ચૂલાચક્કીમાં કરી, પૂરી; મરવું એમ?
ગધાવૈતરા વિણ ન શું, અન્ય દૈવમાં[2] તેમ. ૮૯.

કર્યું નિર્માણ સ્ત્રી તણા, વિરિંચિએ[3] હા હન્ત?
માત્ર પુરુષને માટ શું, જ્ઞાનમુક્તિનો પંથ? ૯૦.

સુણી શ્રીગુરુ ઓચરેઃ-, મા ધીરજ ખો એમ;
કથન ન મારૂં એહવું, માને ભળતું કેમ? ૯૧.

સ્ત્રીપુરુષાદિક ભેદ ના, કદિ જીવની માંહ્ય;
કર્માનુસાર દેહ સહુ, પામે નિશ્ચય આંહ્ય. ૯૨.

પાપપુણ્ય જે જેહનું, તે સમ તે તે દેહ,
સ્ત્રી પુરુષાદિકનો અહીં, ધરે પ્રાણીઓ તેહ. ૯૩.

અભિન્ન ચેતન એહમાં, ના એમાં કંઈ ભેદ;
સ્ત્રીપુરુષનપુંસકાદિકનો, ના ત્યાં ખેદ. ૯૪.

પાંચ જ્ઞાનેન્દ્રિય અને, પંચ કર્મેન્દ્રિય જાણ,
પંચ પ્રાણ, મન બુદ્ધિને, ચિત્તાહંકાર માન. ૯૫.

ઓગણીસ એ તત્ત્વનો, લિંગસંજ્ઞક[4] જેહ
સૂક્ષ્મદેહ, તેમાં પડે, ચૈતન્યજ્યોતિ જેહ. ૯૬.

તેજ જીવ, બીજો નહીં!, ચેતનમાં એ આંહ્ય
સ્ત્રીપુરુષાદિક ભેદનું , નામનિશાન ન ક્યાંય. ૯૭.

થતાં મોત નરનારીનું, જીવ ગયો કે' એમ;
સ્ત્રીપુંવાચક શબ્દ ના, કોઈ લગાડે તેમ. ૯૮.

તેમ જન્મ સ્ત્રીનો થતાં, પ્રાપ્ત એકદા જાણ,
એનો એજ ફરી ફરી, લેવો ન પડે માન. ૯૯.

કર્માનુસાર બધું બને, ન્યૂન અધિક વા જેમ
પાપપુણ્ય નર આચરે, દેહ તે તે તેમ. ૧૦૦.

સ્ત્રીપુરુષાદિક બ્રહ્મવિટ્,ક્ષત્રશૂદ્રનો જાણ
મુક અંધ પંગ્વાદિ[5] ને, સુજ્ઞ મૂર્ખ વા માન. ૧૦૧.

થાય પ્રાપ્ત સહું કર્મથી, ના એમાં સંદેહ;
અંતે મતિ જેવી રહે, તેવી ગતિ ને દેહ! ૧૦૨.

મુક્તિ જ્ઞાને સર્વને, સ્ત્રીપુંભેદ ન ત્યાંય;
દેહાત્મ્યૈક્યે મૂઢધી, પડે દુઃખમાં આંહ્ય! ૧૦૩.

સુણી એહ ગંગા વદેઃ-, દયાસિંધુ ગુરુનાથ!
આપજ મારા આપ્ત ને, આપ માત ને તાત. ૧૦૪.

કર્યો ઉપદેશ જે મને, માન્ય સર્વથા તેહ;
શંકા એકજ થાય ત્યાં, કરો દૂર પ્રભુ એહ. ૧૦૫.

શરીર આ જડ નિશ્ચયે, જીવ અસંગ ઉદાસ
માટે સુખદુઃખાદિ આ, થાય પ્રાણને ખાસ. ૧૦૬.

કારણ તેનું સ્પષ્ટ છે;, ભિન્ન દેહથી પ્રાણ,
દેહે વસી જડ દેહને, આપે શક્તિ પ્રમાણ. ૧૦૭.

તે તે ઈન્દ્રિયદ્વારથી, તે જ કરાવે કામ;
ચલનવલનઆદિક ક્રિયા, દેહાદિની તમામ. ૧૦૮.

થાય પ્રાણની મદદથી;, ક્ષુધાતૃષા પણ તેમ
પ્રાણનેજ લાગે નકી;, લેવું દેવું એમ. ૧૦૯.

કરે પ્રાણ એ સર્વથા;, ગાઢ ઊંઘમાં આંહ્ય
શ્વાસોચ્છ્વાસરૂપે રહી, જાગ્રત એહ સદાય. ૧૧૦.

શ્વાનજંબુકાદિક[6] થકી, રક્ષે શરીર એહ;
સર્વ ક્રિયા પ્રાણે બને;, એ વિણ મડદું દેહ. ૧૧૧.

શ્વાસોચ્છ્વાસ રહી જતાં, મરી ગયો કે'લોક;
માની અમંગલ એહને, બાળે મૂકી પોક! ૧૧૨.

૧. ભુંડ ૨. નસીબમાં ૩. વિધાતાએ, બ્રહ્માએ ૪. લિંગ નામે ૫. પાંગળો વગેરે ૬. કૂતરાં, શિયાળવા વગેરે.

વસે પ્રાણ આ દેહમાં, જ્યાં લગ જાગ્રત એમ,
કઠણ શબ્દ પણ બોલતાં, પત્યાદીકને તેમ. ૧૧૩.

અશસ્ત્રવધસમ એહને, કહે સકળ જન આંહ્ય;
જતાં પ્રાણ પ્રત્યક્ષ એને, બાળી દે ત્યાંય. ૧૧૪.

તોય દહન કરનાર પર, હત્યારોપ ન કોય
કરે સર્વથા; એ થકી, એજ સિદ્ધ અહીં હોયઃ- ૧૧૫.

માતપિતા પતિ સુત બધાં, આપ્તેષ્ટાદિક આંહ્ય
પ્રાણસ્વરૂપ નિશ્ચયે;, શંકા લેશ ન ત્યાંય. ૧૧૬.

પ્રાણ ચૈતન્યયુક્ત એ;, ઊંઘ મહી પણ તેમ
મચ્છર માખી બેસતાં, ઝટ ઉડાડે એમ. ૧૧૭.

આઘુંપાછું વસ્ત્ર પણ એ, કરે વ્યવસ્થિત એહ,
માટે આત્મા પ્રાણ એ;, ના એમાં સંદેહ! ૧૧૮.

જાણ્યું મેં એ નિશ્ચયે, વદે કન્યકા એમ;
સુણી તુષ્ટ ગુરુ ઓચરે, આગળ વર્ણન કેમ!! ૧૧૯.

વદે પત્નીને શ્રીગુરુ, **રંગ** અલૌકિક એહ;
નિમિત્ત પત્ની, પણ બધી, લીલા પરાર્થ તેહ!! ૧૨૦.

**અ.૧૨૧**

બોલે ગુરુઃ- હે કન્યકા!, ધન્ય મતિ તુજ જાણ;
તોએ આત્મા કોણ તે, ના જાણ્યું તેં માન. ૧.

જડ તનુ આ આત્મા નહીં, લહ્યો એટલો સાર,
પતિપુત્રાદિક પ્રાણ છે, કરી એહ નિર્ધાર. ૨.

ઉપાસના એ પ્રાણની, કરતાં અનન્ય એમ
હિરણ્યગર્ભોપાસકો, પ્રાણલોકમાં જેમ. ૩.

જાય, તેમ તલ્લોકની, થાએ પ્રાપ્તિ જાણ;
જન્મમરણ ચૂકે નહીં!, કારણ નિશ્ચય પ્રાણ. ૪.

ના આત્મા કદિએ અરે;, વાયુરૂપ એ જડ
અન્ય વાયુ સમ જાણ તું;, મા સંશયમાં પડ. ૫.

નિદ્રાદિકમાં વસ્ત્ર એ, કરે વ્યવસ્થિત જેહ,
નિત્યાભ્યાસે એ બને;, ના એમાં સંદેહ. ૬.

હોય ચૈતન્યરૂપ જો, પ્રાણ નિશ્ચયે એમ,
થતાં પ્રાપ્ત નિદ્રા અહીં, વસ્તુ કોઈની તેમ. ૭.

ચોરી શક્ત ન કોઈએ, દેખ વિચારી આંહ્ય;
ભૂખ તરસ લાગી કહી, બોલે જેહ સદાય. ૮.

પ્રાણ તણો પણ પ્રાણ એ, અન્ય પ્રાણથી જાણ;
આપી ચેતન દેહને, એજ ચલાવે માન. ૯.

પ્રાણ એકલો ના કરી, શકે ચલનાદિ એહ;
અંતર્યામી પ્રાણનો, વસે કોઈ જે તેહ. ૧૦.

આપી બળ આ પ્રાણને, રહી અંતરે તેમ,
ચલનવલનાદિક ક્રિયા, એજ કરાવે એમ. ૧૧.

ભક્ષ્યપેયાદિ આપીને, જઠરે અન્ન પચન
પ્રાણાદિદ્વારે કરાવે, એહજ ચિદ્‌ઘન. ૧૨.

કર્તા કારયિતા છતાં, એવો આત્મા એહ,
જાણ નિર્લેપ સર્વથા!, પ્રાણ સમાન ન તેહ. ૧૩.

જડ અચેતન જાણ તું;, સારૂં નરસું તેમ
થાએ નિજ સાન્નિધ્ય થી, તોય અકર્તા એમ. ૧૪.

પરાધીન સઘળાં તમે!, જાણો કેમ ન એહ?
શક્તિ ન આંખ ઊઘાડવા;, જુઓ પ્રત્યક્ષ તેહ. ૧૫.

અહંપણું રાખી વૃથા, મરો કેમ નાદાન?
પરાધીનત્વ ઓળખી, ત્યજો અહં-અભિમાન. ૧૬.

કર્તૃત્વાદ્યભિમાનથી, રહે દૂર જે એમ,
સારૂં નરસું એહને, નડે ન કદિએ તેમ. ૧૭.

હેમ લોહ બંનેયની, સાંકળ સમાન આંહ્ય
બંધનકારક પ્રાણીને;, શંકા લેશ ન ત્યાંય. ૧૮.

એમ મોક્ષપ્રાપ્તિ મહીં, પાપ ઘણેરાં જેહ
તેમ પુણ્ય પણ નિશ્ચયે, પ્રતિબંધક સહુ તેહ. ૧૯.

નરકપ્રાપ્તિ પાપથી, સ્વર્ગ પુણ્ય થી જાણ;
જન્મમૃત્યુનું દુઃખ પણ, ટળે ન એથી માન. ૨૦.

પુણ્ય સંગ્રહે જ્યાંસુધી, ત્યાં લગ સ્વર્ગે વાસ;
થતાં પુણ્યક્ષય, પાપથી, પુનઃ નરકની ખાસ. ૨૧.

થાએ પ્રાપ્તિ પ્રાણીને;, જન્મમરણદુઃખ એમ
ટળે ન કલ્પે પણ નકી, આત્મજ્ઞાન વિણ તેમ. ૨૨.

માટે ફલકાંક્ષા ત્યજી, પુણ્યકર્મ નર આંહ્ય
કરે ઈશપ્રીત્યર્થ જો, શુદ્ધ ચિત્ત તો થાય. ૨૩.

ઈશકૃપાથી બુદ્ધિમાં, પડે શુદ્ધ પ્રકાશ;
સત્ય જ્ઞાન થઈ મોક્ષપદ, પામે સત્વર ખાસ. ૨૪.

ગત જન્મે સત્કર્મનું કરે, આચરણ જેહ,
આ જન્મે સદસદ્વિચારે, અયત્ને તેહ. ૨૫.

શુદ્ધબુદ્ધિ થઈ જન્મતઃ, ઈશકૃપાથી જાણ
યોગ્ય સદ્‌ગુરુ મેળવી, પામે આત્મજ્ઞાન. ૨૬.

તોડી માયાપાશ એ, સદ્‌ગુરુબોધે એમ,
જીવન્મુક્તિસૌખ્યનો, કરે ઉપભોગ તેમ. ૨૭.

પ્રાણસંબંધમાં કર્યો, તેં જે વ્યક્ત વિચાર,
જાણ પ્રાણમય કોશ એ, લિંગદેહનો સાર. ૨૮.

આત્મા વિભિન્ન એ થકી, સચ્ચિતસુખમય જાણ!
બોલે કન્યાઃ- હે ગુરો!, આવ્યું મુજને ભાન. ૨૯.

સમજી હું સઘળું હવે;, બોલુંચાલું જેહ
તેમ અન્ય વ્યવહાર જે, થાય દેહનો તેહ. ૩૦.

થાએ ઈન્દ્રિયદ્વારથી;, માટે ઈન્દ્રિય આંહ્ય
આત્મા ચાલક નિશ્ચયે;, અથવા ઈન્દ્રિય માંહ્ય. ૩૧.

રાજા મન એ સર્વનો, સર્વ નિયામક તેમ;
માટે મન આત્મા નકી, બંધમોક્ષપ્રદ એમ. ૩૨.

અહંભાવ દેહે સદા, રાખે મન એ આંહ્ય;
ગૃહદારાક્ષેત્રાદિ પર, મમતા તેમ સદાય. ૩૩.

સ્વયં નિર્લેપ સર્વદા;, [1]કાર્યાંતરમાં એહ
હોય તલ્લીન જયાહરે, તદા મહાધ્વનિ તેહ. ૩૪.

થાય નિકટ તોએ કદિ, લહે ન કંઈએ એમ;
માટે મન આત્મા નકી, નિર્વિકાર જે તેમ. ૩૫.

સુણી વચન એનાં વદે, સદગુરુઃ- ગંગા દેખ!
એક જ રાજયે ના કદિ, રાજા હોય અનેક. ૩૬.

એજ ન્યાયથી ઈન્દ્રિયો, આત્મરાજ ના જાણ;
ભૌતિક જડ એ ઈન્દ્રિયો, આત્મા કેમ મહાન? ૩૭.

મનોવૃત્તિ વિણ કામ ના, કરે એહ નિઃશંક;
હોતાં મન અન્યત્ર ના, સુણે કાન જો શંખ! ૩૮.

એમજ સઘળે જાણવું;, ઈન્દ્રિય આત્મા કેમ
પરાધીન જે સર્વથા?, ના મન આત્મા તેમ, ૩૯.

ભૂતરજોગુણથી યથા, થાય પ્રાણ નિર્માણ,
સત્વગુણાત્મક મન તથા, અન્નતત્ત્વથી માન. ૪૦.

સંકલ્પવિકલ્પરૂપ એ, ચંચલ અતિશય જેહ,
થતાં પ્રાપ્ત ત્રૈલોક્ય પણ, થાય તૃપ્ત ના તેહ! ૪૧.

દુષ્ટવાસનાયુક્ત એ, થાય કદાપિ એમ,
ભૂતપ્રેતાદિયોનિમાં, લઈ જાય જો તેમ!! ૪૨.

આત્મા વ્યાપક સર્વથા, નિષ્કલંક નિર્મલ,
નિત્યતૃપ્ત નિશ્ચલ સદા!, મન વિકારી ખલ. ૪૩.

[2]પરિચ્છિન્ન ભમતું રહે;, સાંભળ એહ પ્રમાણઃ-
ગયું હતું મન માહરૂં, હવાં[3] અન્યત્ર જાણ; ૪૪.

આવ્યું પાછું અબ ઘડી, કહે લોક સહુ એમ;
થાય સિદ્ધ એથી નકી, પરિચ્છિન્ન મન તેમ. ૪૫.

હોય ન એ પરિચ્છિન્ન જો, ગમન આગમન આંહ્ય
કરી શકત ના નિશ્ચયે!, સાંભળ બીજું ત્યાંયઃ- ૪૬.

અંતે જે વિષયે ઠરી, તદાકાર મન એહ
થાએ, તે યોનિ મહીં, જન્મ પ્રાણી લે તેહ. ૪૭.

જાણે જે જે વસ્તુને, અન્ય તેથી તે જાણ,
ઘટજ્ઞાતા ઘટથી અહીં, ભિન્ન જેમ સુજાણ. ૪૮.

તેમ મન તણું જે લહે, ગમન આગમન આંહ્ય
ભિન્ન એહ મનથી નકી, જાણે સર્વ સદાય. ૪૯.

માટે મન આત્મા નહીં;, સ્વપ્નજાગ્રતે એમ
જાણે સહુ કો સ્પષ્ટ એ!, પડે સંશયે કેમ? ૫૦.

સ્વપ્ન મહીં ઈન્દ્રિયતણું, ચલનવલન ના જાણ;
તોયે ઈન્દ્રિયરૂપથી, મન સર્વમય માન. ૫૧.

આત્માના સાનિધ્યથી, કરે સર્વ વ્યવહાર;
આત્મા સ્વયંપ્રકાશ એ, માટે નિશ્ચય સાર. ૫૨.

મન પરવશ જડ શું લહે?, કારણ જયોતિ દેખ
સૂર્યચંદ્રાદિ સ્વપ્નમાં, તેમ નેત્રાદ્યનેક. ૫૩.

કાર્યજયોતિ જે ઈન્દ્રિયો, દેહ સાથ સહુ એહ
કરે સર્વથા કાંઈ ના;, ત્યારે મન જડ તેહ. ૫૪.

આત્મચૈતન્યે થઈ, તત્તદ્રુપે જાણ
જોઈ તે તે હર્ષ કે, પડે શોકમાં માન. ૫૫.

૧. બીજા કામમાં ૨. મર્યાદાબદ્ધ ૩. હમણાં

સાક્ષિભૂત એ સર્વનો, આત્મા કેવળ એક,
નિર્વિકાર નિશ્ચલ સદા, સચ્ચિત્સુખમય છેક. ૫૬.

સર્વજ્યોતિની જ્યોતિ એ, યત્પ્રકાશે જાણ
મન ઈન્દ્રિય દેખે બધાં, મા કર તું અનુમાન. ૫૭.

ચેષ્ટાશૂન્ય રહે યદા, મન નિષ્ક્રિય નિશ્ચલ,
સત્ય જ્ઞાન એ આત્મનું, થાય તદા નિર્મલ. ૫૮.

કોશ મનોમય આ નકી, લિંગદેહમાં જાણ;
આત્મોપાધિભૂત એ, મનજ્ઞાનેન્દ્રિય માન. ૫૯.

તેથી મનોવ્યાપારમાં, પામે ન બંધન આંહ્ય;
કરતાં નિગ્રહ પણ યદિ, મન એકાગ્ર ન થાય. ૬૦.

સગુણ મૂર્તિ ઈશ્વર તણી, સ્વાધિકાર સમ જાણ્
કરી, એકભાવે સદા, કરવું પૂજન માન. ૬૧.

બેસી સુસ્થિર આસને, ધ્યાન સુમંગલ તેમ
કરવું પગથી શિર સુધી, નખશિખાંત[1] સપ્રેમ. ૬૨.

નિજ હૃત્કમલે ધ્યેયમૂર્તિ, કરી સુસ્થિર એહ,
ધ્યેયાકારે મન સદા, કરવું નિશ્ચલ તેહ. ૬૩.

તૂટે અનુસંધાન તો, યત્ન ફરીફરી તેમ
કરી એજ અભ્યાસમાં, રહેવું મંડ્યા એમ. ૬૪.

માસે છ માસે યદિ, અથવા વર્ષે જાણ
કરતાં મહત્પ્રયાસ પણ, થાય ન મન સ્થિર માન; ૬૫.

તોએ ધૈર્ય ન છોડવું, કરવો સતતાભ્યાસ
કંટાળ્યા વિણ અંતરે;, થશે સ્થિરતા ખાસ. ૬૬.

તેથી મનની નિશ્ચયે;, ધ્યાનયોગથી એમ
પૂર્વજન્મકૃત પાપનો, સંચય સુનષ્ટ તેમ. ૬૭.

થઈ, વ્યાપાર[2] મન તણા, સ્વયં થંભશે જાણ;
થશે ચિત્ત સ્વાધીન ને, થશે સિદ્ધ પ્રભુધ્યાન. ૬૮.

સુણી વચન એ ગુરુ તણાં, બોલે કન્યા એમઃ-
કહો આપ યથાર્થ પણ, પ્રેરે બુદ્ધિ જેમ, ૬૯.

વર્તે મન તેવું જ આ;, માટે આત્મા એહ
કે'તાં બુદ્ધિને અહીં, બાધ ન નિઃસંદેહ. ૭૦.

બુદ્ધિ સ્વતંત્ર નિશ્ચયે;, એ વિણ પ્રત્યક્ષ આંહ્ય
અનુમાનાદિક પક્ષનો, કદિ સ્વીકાર ન થાય. ૭૧.

જ્ઞાન ન બુદ્ધિ વિણ નકી;, બુદ્ધિકર્તૃત્વ એમ
થાએ દગ્ગોચર બધે, કરતાં વિચાર તેમ. ૭૨.

માટે બુદ્ધિ જ આત્મ એ, થાય એમ અનુમાન;
સુણી દયાઘન ગુરુ વદેઃ-, ધન્ય તર્ક તુજ જાણ. ૭૩.

તોએ ના સમજી હજી, સત્ય તત્ત્વ તું આંહ્ય;
સુણ, ભૂતસત્ત્વાંશથી, બુદ્ધયુત્પત્તિ થાય. ૭૪.

અંતઃકરણ તણો નકી, ભેદ બુદ્ધિ એ એક;
સત્ત્વ રજસ્ તમસે કરી, ત્રિગુણાત્મક એ છેક. ૭૫.

બુદ્ધિ સ્વતંત્ર કહો યદિ, જાણે એવું જેહ
હોવી જોઈએ અન્ય કો, બુદ્ધિ દ્રષ્ટા તેહ. ૭૬.

વિચાર કરતાં એહવી, દિસે બુદ્ધિ ના ક્યાંય;
ભાસે વધઘટ બુદ્ધિમાં!, કેમ આત્મ એ થાય? ૭૭.

અગ્નિ તણા સાન્નિધ્યથી, બાળે લોઢું જેમ,
આત્માના સાન્નિધ્યથી, બુદ્ધિ પ્રકાશે તેમ. ૭૮.

થાય લીન નિદ્રામહીં, બુદ્ધિ પ્રત્યક્ષ જાણ;
આત્મા એને કો કહે?, રવિ ખદ્યોત[3] ન માન. ૭૯.

તેમ કર્તૃત્વ બુદ્ધિમાં, સિદ્ધ ન થાએ દેખ;
પાપપુણ્ય જો એ કરે, સ્વર્ગનરકાદ્યનેક. ૮૦.

એજ ભોગવે યોગ્ય એ!, થાય જીવ શે બદ્ધ?
કોક કરે કો ભોગવે, એ તો સાવ વિરુદ્ધ! ૮૧.

બદ્ધદશા માટે અહીં, હોય જ્યાં લગી જાણ;
આધ્યાસીક કર્તૃત્વ ત્યાં, લગી જીવને માન. ૮૨.

શાસ્ત્રાનુભવે સિદ્ધ એ;, માટે આ સારાંશઃ-
લિંગદેહમાં બુદ્ધિ, વિજ્ઞાનમય કોશ ખાસ. ૮૩.

અન્ય કોશ સમ કોશ એ, ના એમાં સંદેહ;
બૌદ્ધમતાનુયાયીઓ, માને આત્મા તેહ! ૮૪.

ભૂલ એમની એ નકી, બુદ્ધિ વિકારી જાણ;
નિર્વિકાર આત્મા સ્વયં,પ્રકાશ ચેતનખાણ. ૮૫.

બુદ્ધિ થકી જુદો નકી, બુદ્ધિસાક્ષી અમેય;
જાણ વિચારી નિજ હૃદે, તત્ત્વ એહ અધ્યેય[4]! ૮૬.

સુણી વચન કન્યા વદે, જોડી કરદ્વય ત્યાંયઃ-
કહ્યું પ્રથમ આપે પ્રભો, અહંકારલય થાય. ૮૭.



૧. પગથી માથા સુધી ૨. ચેષ્ટા, દોડધામ ૩. આગિયો ૪. વર્ણન ન કરી શકાય તેવું

તેજ સ્થિતિ નિદ્રા તણી;, કહો હવે વિપરીતઃ-
થતાં લીન બુદ્ધિ અહીં, નિદ્રા એ નિશ્ચિત! ૮૮.

સાચું શું અહિયાં પ્રભો?, થાય મુને સંદેહ;
બોલે ગુરુ, સાવધ થઈ, સાંભળ યથાર્થે તેહઃ- ૮૯.

અંતઃકરણ તથા વદે, ભેદ ચાર કો આંહ્ય;
માને બીજા બે; તહીં, ચિત્ત તણો મન માંહ્ય. ૯૦.

સમાવેશ કરી બુદ્ધિનો, અહંકારમાં તેમ
અંતર્ભાવ કરી વદે, સ્વાન્ત દ્વિવિધ એ એમ. ૯૧.

જે સમયે બુદ્ધિ અને, અહંકારલય થાય;
નિદ્રાવસ્થા જાણ એ, કોશ આનંદમય આંહ્ય. ૯૨.

દેહને જ આત્મા કહી, ચાર્વાકો નિઃશંક,
અહંપણુ રાખી તહીં, ચૂંથે નિરર્થ પંક[1]. ૯૩.

અસત્ય એ જાણે સુધી!, મીમાંસક પણ એમ
માની આત્મા જીવને, અહંપણુ ત્યાં તેમ. ૯૪.

ચિદાભાસમાં રાખીને, સ્થાપે નિજ સિદ્ધાંત;
એ પણ ગૌણ જ જાણ તું;, કથે સત્ય વેદાંતઃ- ૯૫.

કર્તુત્વભોક્તૃત્વહીન એ, ગમનાગમનવિહીન,
અહંબ્રહ્મ લક્ષ્યાર્થ છે, પ્રત્યગાત્મા અભિન્ન. ૯૬.

અહંકારલક્ષ્યાર્થ જે, નિર્વિકાર કૂટસ્થ,
શુદ્ધ બુદ્ધ ચૈતન્ય જે, નિત્ય બ્રહ્મ સર્વસ્થ; ૯૭.

સમાનાધિકરણે કરી, ઐક્ય બેઉનું એમ,
અહંકારલક્ષ્યાર્થને, કથે આત્મતા તેમ. ૯૮.

અહંકારવાચ્યાર્થ તો, કેવળ જડ પરતંત્ર
દૃષ્ટનષ્ટ બુદ્ધિસમો, બાંધે અત્ર પરત્ર. ૯૯.

અહંકારનો નાશ એ, થાય ન જ્યાં લગ જાણ;
ભલે વિરિંચિસંનિધે, રહે કલ્પ લગ માન. ૧૦૦.

છૂટે તોય ન પ્રાણી એ, જન્મમરણથી આંહ્ય!
સૂણી વચન એ કન્યકા, વદે વિનતશિર[2] ત્યાંયઃ- ૧૦૧.

ભો ગુરુવર! આ, દેહથી અહંકારપર્યંત
જોતાં, આત્મા કોઈને, કહી ન શકીએ હન્ત! ૧૦૨.

અહંકાર આગળ પછી રહે ન કાંઈ તેમ!
શૂન્યને જ શું તો ગુરો કેવો આત્મા એમ ? ૧૦૩.

સુણી વચન ગુરુ ઓચરેઃ- આત્મા શૂન્ય ન જાણ;
સર્વસાક્ષી એ નિશ્ચયે સચ્ચિતસુખમય માન. ૧૦૪.

વદે કન્યકાઃ- શ્રીગુરો! જાગ્રદાદિમાં આંહ્ય
બને જેહ વ્યવહાર તે લીન ઊંઘમાં થાય. ૧૦૫.

પરમાનંદ રહે તિહાં થતા લીન સહુ એમ;
આનંદરૂપી શૂન્ય એ આત્મા કેમ ન તેમ? ૧૦૬.

બોલે શ્રીગુરુઃ- ધન્ય તું, સાંભળ યથાર્થ આંહ્યઃ-
ચેતનનું પ્રતિબિંબ જે પડે બુદ્ધિની માંહ્ય; ૧૦૭.

જીવ તે જ તું જાણ એ; બુદ્ધિયોગથી એહ
સ્થૂલ દેહથી જીવડો પામ્યો તાદાત્મ્ય તેહ. ૧૦૮.

જાગ્રદવસ્થામાં રહી સ્થૂલ ભોગનો આંહ્ય
લે અનુભવ એ; વિશ્વ નામે ઓળખાય ત્યાંય. ૧૦૯.

લિંગદેહથી જ્યાહરે પામે તાદાત્મ્ય તેહ,
પ્રવિવિક્તભોગે[3] રમે તૈજસ નામે એહ. ૧૧૦.

સ્વપ્નાવસ્થા ત્યાહરે કહે એહને આંહ્ય!
એજ જીવ હૃદયે યદા પૂરિત નાડી માંહ્ય. ૧૧૧.

મનબુદ્ધયાદિક સર્વને કરી પ્રાણમાં લીન,
પ્રાજ્ઞ નામથી ભોગવે પરમાનંદ અખિન્ન; ૧૧૨.

નિદ્રાવસ્થા એહને કહે લોક સહુ જાણ;
કોશ આનંદમય કહ્યો એને બીજે માન!! ૧૧૩.

હૃદયે પૂરિતનાડીમાં પરમાનંદે એમ
રહે જીવ, પણ બ્રહ્મમાં થાય ન સમરસ તેમ. ૧૧૪.

જળમાં જળબિંદુ પડી એકરૂપ થઈ જાય,
તેમ જીવ ના બ્રહ્મમાં થાય તદ્રુપ આંહ્ય. ૧૧૫.

જેમ ઘડામાં જળ ભરી કરી બંધ મુખ છેક
નાંખે મહાસાગર મહીં, ડૂબાડી દે દેખ. ૧૧૬.

તોય ઘટોદક એ કદિ મહાસાગરજળ માંહ્ય
થાય ન સમરસ; તેમ આ જીવ નિંદમાં આંહ્ય. ૧૧૭.

અનિર્વાચ્ય અજ્ઞાનથી હોવાથી આવૃત,
પરમાનંદે મગ્ન પણ થાય ન સમરસ મુક્ત. ૧૧૮.

ભોગાર્થે પ્રારબ્ધના થઈ જાગ્રત ક્ષણ માંહ્ય
સ્મરી પૂર્વ કૃત્યો ફરી, ઈચ્છા તત્સમ આંહ્ય. ૧૧૯.

૧. કાદવ ૨. માથું નમાવીને ૩. સૂક્ષ્મ

કરે કાર્ય કરવા તણી;, પડે બંધને તેમ!
બ્રહ્મજ્ઞાન તણી થઈ, પ્રાપ્તિ ન જ્યાંલગ એમ. ૧૨૦.

ઉપાધિભૂત અજ્ઞાન એ, થાય નષ્ટ ના જાણ;
બ્રહ્મરૂપમાં જીવ એ, ભળે ન ત્યાંલગ માન. ૧૨૧.

એવું જુદું સર્વથી, શૂન્ય કથે તું જેહ
તેને પણ જે જાણનાર, આત્મા ન્યારો તેહ. ૧૨૨.

શૂન્ય એહને કો કહે?, બોલ કરી સુવિચાર;
જ્ઞાતા જે સર્વેયનો, આત્મા એ નિર્ધાર. ૧૨૩.

સર્વસાક્ષી સર્વજ્ઞ એ!, હોય કાંઈ ન ત્યાંય
કોણ લહે એ કે' મને;, આત્મા એજ અકાય. ૧૨૪.

સાક્ષી ચૈતન્ય એ નકી, લહે શૂન્ય જે એમ;
આત્મા વા બીજું ભલે, પાડો સુનામ તેમ. ૧૨૫.

સુણી વચન કન્યા વદેઃ-, ગાઢ નિંદમાં આંહ્ય
વસે કોણ સાક્ષિત્વથી?, કહો મને ગુરુરાય. ૧૨૬.

શી રીતે એ રે' તહીં?, થાતાં જાગ્રત એહ
ઓળખવો શી રીતથી?, કરો દૂર સંદેહ. ૧૨૭.

બોલે ગુરુઃ- સુણ કન્યકા!, થતાં ગ્રહણ જો આંહ્ય,
સૂર્યચંદ્રમંડલ તદા, સ્પષ્ટ ન એ દેખાય. ૧૨૮.

નથી એમ એ કો વદે?, બને ન એવું જાણ;
તેમ જીવ સાક્ષી થઈ, રહે નિંદમાં માન. ૧૨૯.

થાતાં જાગ્રત સર્વને, વદે સ્વાનુભવ મસ્તઃ-
ઊંઘ્યો'તો હું સ્વસ્થ આટલો, વખત નિસ્ત્રસ્ત[1]. ૧૩૦.

જાણ્યું ના મેં કાંઈએ;, સ્મરણ કરીને એમ
વારંવાર વદે; બને, અનુભવ વિણ ના તેમ. ૧૩૧.

એજ શૂન્યસાક્ષી તણું, પ્રમાણ નિશ્ચય જાણ;
જીવ બ્રહ્મથી ભિન્ન ના, શાસ્ત્રાનુભવ પ્રમાણ. ૧૩૨.

તોએ દેહાદિક મહીં, અહંભાવથી એહ
કરે વ્યવહાર જ્યાંલગી, જીવ જ ત્યાંલગ તેહ. ૧૩૩.

સચ્ચિતસુખમય જીવ આ;, તોય અભિમાનગ્રસ્ત
મોહિત થઈ માયા થકી, થાય વિષયાર્થે[2] ત્રસ્ત. ૧૩૪.

સત્ય માર્ગ ભૂલી ભમે, બ્હાર સુખાર્થે એમ;
પ્રિયસંબંધો બાંધીને, થાએ દુઃખી તેમ! ૧૩૫.

સુખસ્વરૂપ પોતે છતાં, ના જાણીને તેહ,
દેહબુદ્ધિમનશૂન્યમાં, આત્મભ્રાન્તિથી એહ. ૧૩૬.

મારે તડફડિયાં વૃથા, સુખ માટે નિજ બ્હાર;
ભરી હવામાં બાચકા, અંતે થાય ખુવાર! ૧૩૭.

શૂન્યસાક્ષી આત્મા નકી, ધર્માધર્માતીત;
કાર્યકારણભાવથી, સદૈવ જે વર્જિત[3]. ૧૩૮.

જાણ [4]ષડ્ભાવવિકારથી, રહિત સનાતન એહ;
દેશવસ્તુકાલાદિથી, અપરિચ્છિન્ન[5] તેહ. ૧૩૯.

શુદ્ધ બુદ્ધ વિમુક્ત એ, નિત્ય સત્ય સુજાણ;
પરમાનંદાદ્વૈત એ, વેદગેય ચિત્ખાણ! ૧૪૦.

એવા એ આત્મા તણી, જાણ સુલભ ના આંહ્ય,
તોએ જ્ઞાન અશક્ય ના, થવું જાગૃતિ માંહ્ય. ૧૪૧.

સર્વ સંકલ્પને કરી, દૂર આત્મસ્વરૂપ
હું જ, એમ નિશ્ચય થકી, ધ્યાતાં થાય તદ્રૂપ. ૧૪૨.

જેમ વાયુયોગે જળે, તરંગાદિ[6] ઉત્પન્ન
થાય વિવિધ, તોએ ન, એ. વિચાર જલભિન્ન. ૧૪૩.

થાતાં સ્તંભન વાયુનું, શમે સર્વ એ જાણ;
ભિન્નપણે દેખાય ના, થાય જલરૂપ માન. ૧૪૪.

તેમ ભૂતભૌતિક બધું, નામરૂપગુણભેદ
ભાસે અનેકવિધ છતાં, આત્મા એક અભેદ. ૧૪૫.

સર્વ એહ, હે કન્યકા!, સચ્ચિતસુખમય જાણ;
નામરૂપ સહુ માંહ્યથી, છોડી સર્વત્ર માન. ૧૪૬.

સચ્ચિદ્આનંદરૂપ આ, જોવું સઘળું આંહ્ય;
જેથી કોઈનું કોઈએ, પ્રિય અપ્રિય ના ત્યાંય. ૧૪૭.

સાધુ અસાધુ, મિત્ર વા, શત્રુ, કોઈ ના તેમ;
યોગિવિયોગીત્યાદિ ના, ભાસે ભેદો એમ. ૧૪૮.

સુણી વચન એ કન્યકા, વદે જોડી કર ત્યાંયઃ-
સર્વ યથાર્થ વદો પ્રભો!, તોય જગત્ આ આંહ્ય. ૧૪૯.

દિસે પ્રત્યક્ષ ભિન્ન ત્યાં, નાનારૂપ અનેક,
શી રીતે સ્વામી કહી, શકાય સઘળું એક? ૧૫૦.

સુણી પ્રશ્ન ગુરુ ઓચરે, આગળ એ સંધાન;
વદે પત્નીને શ્રીગુરુ, દીનદયાળુ માન. ૧૫૧.



૧. ત્રાસ વગર સુખથી ૨. દુઃખી ૩. મુક્ત ૪. છે, જન્મે છે વગેરે અવસ્થાઓ ૫. અમર્યાદિત ૬. મોજાં વગેરે

અલખ નિરંજનને કહે, વરસે અમૃતનીર;
પીએ સશ્રદ્ધ રંગ કો, ચાતક વિરલું ધીર! ૧૫૨.

**અ.૧૨૨ ૨/૭૦ ૦.૨૧.૦૧ સમીપ સ્વાદીયા, જાનકી જોષી**

વળતી અલખ વદે સુધીઃ-, સૂણી પ્રશ્ન એ જાણ,
બોલે ગુરુઃ- હે કન્યકા, સાંભળ સદ્‌ગુણખાણ? ૧.

પડે કરા પર્જન્યના[1], જલરૂપી જો આંહ્ય;
કઠણ દૃષદ[2] સમ એ નકી;, પડતાં પાણી માંહ્ય. ૨.

દિસે ભિન્ન જલથી અહા!, તોએ જલમય એહ;
જાણે મોટેરાં બધાં, છેતરાય શિશુ જેહ. ૩.

અલ્પકાળમાં ઓગળી, થાતાં જલમય જાણ,
જાય ભ્રાંતિ પથ્થર તણી, બાળકની પણ માન. ૪.

નામરૂપાત્મક બધું, ભાસે જગ આ તેમ;
છોડી ભેદ વિવેકથી, જોતાં બ્રહ્મ જ એમ. ૫.

ઊંધું ના સમજીશ ત્યાં;, નામરૂપ ઘટ જેહ
રહે નામ ના તેહનું, ફોડી નાંખતાં તેહ; ૬.

કરવો તેમ અશેષ ના, બને જગતનો નાશ,
[3]કરે કર્યું તે મન થકી, ના ભેદાએ ખાસ. ૭.

કર્યું મને તે કર થકી, ભંગ ન પામે તેમ;
નામરૂપ સૃષ્ટિ બધી, થાય નષ્ટ ના એમ. ૮.

બ્રહ્મસ્થિતિ થાતાં અહીં, ફરે દૃષ્ટિ સાક્ષાત્;
જે જે દેખે તે બધું, દિસે બ્રહ્મમય કાન્ત[4]. ૯.

ફૂટ્યા વિણ ઘટ મૃત્તિકા[5], દિસે જેમ ઘટ માંહ્ય,
નામરૂપમૂલે તથા, ભાસે બ્રહ્મ અકાય. ૧૦.

વદે કન્યકાઃ- ના ગુરો, થાએ નિશ્ચય તેમ!
બોલે ગુરુઃ- જો ઉર તણી, જાય ન શંકા એમ; ૧૧.

કર વિચાર સુસ્થિર થઈ, રે'શે ના સંદેહ;
કહે કન્યકાઃ- શું કરૂં?, મન એકાગ્ર ન એહ. ૧૨.

થાય, શ્રીગુરો થાકી હું!, બોલે ગુરુઃ- કર ધ્યાન
રાતદિવસ તું ખંતથી, થશે કાર્ય તુજ માન. ૧૩.

બોલે કન્યાઃ- હે ગુરો!, નિષ્ફળ વાતો માંહ્ય
જાય કાળ, પણ ના મળે, વખત ધ્યાનાર્થ હાય! ૧૪.

વૃત્તિ બ્રહ્માકાર જ્યાં, જઈએ કરવા એમ,
ઓચિંતું આવી ખડું, રહે વિઘ્ન ત્યાં તેમ. ૧૫.

દોડે મન વિષયો મહીં, કરવા છતાંય યત્ન;
પડે કષ્ટ, ફળ ના દિસે, અલ્પ ભલેના કૃત્સ્ન[6]! ૧૬.

બોલે ગુરુઃ- તુજ પર ન, દેખાએ ઈશપ્રસાદ;
ઈશાનુગ્રહ વિણ બધું, શ્રવણ વ્યર્થ સાક્ષાત્!! ૧૭.

ફૂંકે સોની ભૂંગળી, પવન આમથી તેમ
જાય નીકળી; તેહવું, શ્રવણ સર્વથા એમ. ૧૮.

યદા કદા સ્વલ્પાલ્પ પણ, ઠસે ચિત્તમાં જાણ
કા કા કરતો જગ મહીં, ભટકે કાક સમાન. ૧૯.

શાબ્દિક જ્ઞાને એ નહીં, સરે કાર્ય કદિ એમ;
જન્મમરણ છૂટે નહીં, વધે અહંતા તેમ. ૨૦.

પ્રાર્થે કન્યા એ સુણીઃ-, શ્રવણ એહવું આંહ્ય
કરવું કે ના સર્વથા, કહો એક ગુરુરાય. ૨૧.

બોલે ગુરુઃ- હે કન્યકા!, કર્યું શ્રવણ બહુ એમ
કે'વડાવવા લોકમાં, ના કરવું કદિ તેમ. ૨૨.

તમે લોક પુરાણીને, આપી દક્ષિણા આંહ્ય,
માનો મોક્ષ થયો તથા, સુણી કથાઓ ત્યાંય! ૨૩.

સૂંઘી છીંકણી રોફમાં, દોડો પટપટ કેમ,
મૂકી રડતાં છોકરાં, વૃથા કથામાં એમ? ૨૪.

સૂણી કથા બ્હેરા ભલે, કાન એમ કદિ હોય,
તોએ બ્રહ્મજ્ઞાન ના, પામે એથી કોય! ૨૫.

ઊલટું અભિમાને મરે, ડોળ વધારી એમ!
વદે કન્યકાઃ- હે ગુરુ!, કરો મશ્કરી કેમ? ૨૬.

બોલે ગુરુઃ- હું તો રહ્યો, સ્વયં મસ્કરી[7] આમ;
કરૂં મશ્કરી કેમ ના?, એજ માહરૂં કામ! ૨૭.

તોએ કન્યા કહું તને, એકજ મનથી આંહ્ય
કાર્ય સાથ બે થાય ના, સત્ય માન ઉર માંહ્ય. ૨૮.

વખત કોઈને ના મળે, પ્રથમ શ્રવણનો જાણ;
યદા કદાચિત્ જો મળે, વ્યર્થ ન ખોવો માન. ૨૯.

શ્રવણ વિના જે સ્વાત્મસુખ, થાય પ્રાપ્ત તે કેમ?
માટે કરવું નિયમથી, શ્રવણ ભાવથી તેમ. ૩૦.

૧. વરસાદના ૨. પથ્થર ૩. હાથથી ૪. સુંદર ૫. માટી ૬. આખું, પૂરેપૂરું ૭. દંડી, સંન્યાસી

કરી મનન એ શ્રવણનું, વર્તે તત્સમ જેહ,
સ્વાત્મપ્રાપ્તિમાં એહને, વાર ન નિઃસંદેહ. ૩૧.

શ્રવણ સમું ના વર્તતાં, વ્યર્થ શ્રવણ એ જાણ;
લાભ ન થાતાં એ થકી, થાય સદા નુકશાન. ૩૨.

વદે કન્યકાઃ- હે ગુરો!, અલ્પ શ્રવણ જે થાય,
થઈ મનન તેનું સુખે, ધ્યાનાદિક પણ આંહ્ય. ૩૩.

થાએ તત્સમ જે થકી, કૃપા ઈશની તેમ
થાય યથા તેવું કહો, સાધન કાંઈ એમ. ૩૪.

સૂણી વચન ગુરુ ઓચરેઃ-, સાંભળ ગંગા એક;
પ્રાણિમાત્રને આ બધા, પોતાનો જે દેખ. ૩૫.

દેહ તે જ પ્રિય અંતરે;, માટે સુખદુઃખ જેમ
થાએ પોતાને અહીં, બીજાને પણ તેમ. ૩૬.

થાય એમ માની સદા, દેવાલય નિજ દેહ
કલ્પી, એમાં જે વસે, જીવ નિરામય તેહ. ૩૭.

સ્વયંપ્રકાશ શિવ અંતરે, માની નિશ્ચય આંહ્ય,
સોહંભાવે પૂજવો;, પુષ્પ અહિંસા ત્યાંય. ૩૮.

હિંસાશબ્દે પ્રાણનો, કેવળ ઘાત ન જાણ;
દુખવવું મન કોઈનું, તે પણ હિંસા માન. ૩૯.

માટે મન ના કોઈનું, દુખવવું કદિ તેમ;
કાયા વાચા મન થકી, જે જે કૃત્યો એમ. ૪૦.

કર્યાં તેહ સહુ ભાવથી, કરવાં ઈશાર્પણ;
નિર્મલ બુદ્ધિ રાખીને, કરવું સરલ વર્તન. ૪૧.

અસત્ય ના કદિ બોલવું;, ક્રોધરૂપ ચંડાલ,
સ્પર્શ ન કરવો તેહનો;, થતાં સ્પર્શ તત્કાળ. ૪૨.

કરવું સ્નાન સચૈલ[1] ત્યાં;, નિંદે જો કો તેમ,
તોએ શાન્તિ ન છોડવી;, વદવું ના કટુ એમ. ૪૩.

ના ઈન્દ્રિય બ્હેકાવવી, સ્વવશ રાખવી જાણ;
મધુર બોલવું સર્વથી, સત્ય ન ત્યજવું માન. ૪૪.

દુષ્ટ કર્મ કરવા કદિ, થાવું ઉદિત ન તેમ;
આપ્તવિયોગે દુઃખ ના, કરવું મનમાં એમ. ૪૫.

અહંકારને ત્યાગવો, શૌચ[2] પાળવું આંહ્ય;
સત્સંગે રમવું સદા, રહેવું તુષ્ટ સદાય. ૪૬.

નિયમે સચ્છાસ્ત્રો તણું, કરવું શ્રવણ સપ્રેમ;
થાય શિવાનુગ્રહ નકી, સદા વર્તતાં એમ. ૪૭.

બોલે કન્યાઃ- શ્રીગુરો!, સોહંભાવે એહ
સામ્બ સદાશિવ પૂજવો, શી રીતે પણ તેહ? ૪૮.

સૂણી વચન ગુરુ ઓચરે, કહું પૂજાપ્રકારઃ-
સઃ એટલે દૂર જે, પરોક્ષ પર નિર્ધાર. ૪૯.

અહં શબ્દથી હું નકી, અપરોક્ષ જે એમ;
સઃ શબ્દે શિવ, જીવ આ, અહંશબ્દથી તેમ. ૫૦.

સોહં શબ્દે એમ આ, બે પદ નિઃસંદેહ;
દરેક પદના અર્થ બે, સાંભળ સાવધ તેહ. ૫૧.

એક વાચ્યાર્થ, દૂસરો, જાણ લક્ષ્યાર્થ ત્યાંય;
પ્રથમ અહંપદના કહું, અર્થદ્વય એ ત્યાંય; ૫૨.

પ્હેલો ભૌતિક દેહ આ, બીજું લિંગ શરીર,
કારણ જડ અજ્ઞાન જે, ત્રીજો દેહ અસ્થિર, ૫૩.

તદ્વેષ્ટિત[3] ચૈતન્યનું, જે પ્રતિબિંબ સુહાય
જીવ શબ્દથી જે સહું, જાણે જન આ આંહ્ય. ૫૪.

અહં-વાચ્યાર્થ એ નકી, સાક્ષી કૂટસ્થ જેહ
અહંલક્ષ્યાર્થ નિશ્ચયે, ઓળખ યથાર્થ તેહ. ૫૫.

અર્થદ્વય સઃ શબ્દના, સાંભળ સાવધ તેમ;
દેહત્રય બ્રહ્માંડના, પ્રથમ વિરાટ ત્યાં એમ; ૫૬.

બીજો હિરણ્યગર્ભ જે, લિંગદેહ સુવૃત્ત,
ત્રીજો કારણદેહ ત્યાં, જેને અવ્યાકૃત્[4] ૫૭.

માયા લોકોમાં કહે;, દેહત્રયથી એહ
વેષ્ટિત બ્રહ્મચૈતન્ય ને, માયાબિંબિત તેહ. ૫૮.

**શંભુ મહેતા, જાનકી જોષી**

ઈશ્વર નામે જેહને, લોક ઓળખે આંહ્ય,
સઃ પદનો વાચ્યાર્થ એ જાણ નિશ્ચયે ત્યાંય. ૫૯.

સત્ય જ્ઞાનાનંદ જે શુદ્ધ બ્રહ્મ ચૈતન્ય
સઃ પદનો લક્ષ્યાર્થ એ તેમ કન્યકા ધન્ય! ૬૦.

વિરોધ વાચ્યાર્થે તિહાં; માટે છોડી એહ,
લક્ષ્યાર્થે મતિ રાખીને રે'વું નિઃસંદેહ. ૬૧.

વિરાટ સૂત્રાત્મા અને અવ્યાકૃતથી પર,
બ્રહ્મ સનાતન જે સ્વયં શુદ્ધ બુદ્ધ અચલ; ૬૨.



૧. સવસ્ત્ર માથાબોળ ૨. બાહ્યાંતર, પવિત્રતા ૩. તેનાથી વીંટળાયેલું ૪. અવ્યક્ત

સત્ય જ્ઞાન અનંત જે, કેવળ સુખની ખાણ,
ઉત્પત્તિ સ્થિતિ પ્રલયનો, સાક્ષી જે નિર્વાણ.[1] ૬૩.

તેજ સચ્ચિદાનંદ હું, પ્રત્યગાત્મા સદાય
દેહત્રયસાક્ષી સ્વયં, નિત્ય કૂટસ્થ આંહ્ય! ૬૪.

અખંડ તૈલધારા સમું, કરવું ચિંતન એહ;
ધ્યાન નિદિધ્યાસન કહ્યું, એજ નિઃસંદેહ. ૬૫.

શિવરૂપ જીવ નિશ્ચયે, કરવો એ નિર્ધાર,
એજ શ્રવણ તારક અહીં, બીજું સર્વ અસાર. ૬૬.

એજ વિચારે સર્વદા, રે'વું નિમગ્ન આંહ્ય;
જીવશિવની એકતાનો, નિશ્ચય દઢ થાય. ૬૭.

તેજ મનન ગંગા નકી;, કરવો એ અભ્યાસ,
એજ ધ્યાન છે નિશ્ચયે;, અન્ય વિડંબન[2] ખાસ! ૬૮.

**હર્ષ, જાનકી, શંભુ**

જેમ 'હું' કહો દેહને, તેમ પરાત્પર જેહ
શિવ સર્વેશ્વર તે જ હું;, એમાં ના સંદેહ. ૬૯.

એવી સુદઢ ભાવના, થાય અંતરે આંહ્ય;
જેમ વ્યવહાર જન સહુ, ભૂલે ઊંઘની માંહ્ય. ૭૦.

આત્મસ્વરૂપાકાર, તેવી વૃત્તિથી દેખ
આનંદે દેહાદિનું, થાય વિસ્મરણ છેક. ૭૧.

એજ ઉપરતિ; નિર્વિકલ્પ, સમાધિ એને જાણ
કહે સર્વજ્ઞ ઋષિવરો, મા કર તું અનુમાન. ૭૨.

થાય કૃતકૃત્ય એ થકી, મનુષ્ય નિશ્ચલ આંહ્ય;
જન્મ મરણ એને નહીં, મુક્ત એહ સદાય! ૭૩.

વ્યવહારદષ્ટિથી કદિ, મુક્તજનોનો દેહ
રહી જીવતો ભૂ વિષે, વિચરે તોયે તેહ. ૭૪.

**સમીપ, જાનકી**

હાનિ ન કિંચિત્ એમને;, થતાં એકદા ભંગ
જ્ઞાન થકી આવરણનો, જીવન્મુક્ત અસંગ!! ૭૫.

દેહાદિકનું એમને, ના તાદાત્મ્ય જરાય;
ધન્ય બોધવૈભવ[3] અહા!, અભ્યાસે જે આંહ્ય. ૭૬.

બોધગ્રહણે નિશ્ચયે, મનોભંગ કરી જેહ
કરે વાસનાક્ષય અહીં, જીવન્મુક્ત નર તેહ! ૭૭.

એક વખત આત્મા તણો, થાતાં સાક્ષાત્કાર,
થાય નષ્ટ શોકાદિ ને, સંશય ટળે અસાર. ૭૮.

નાશ હૃદયગ્રંથી[4] તણો, થઈ એમ તત્ક્ષણ,
જન્મમરણપ્રદ કર્મનો, થાએ વિલય ગહન!! ૭૯.

તૂટે માયાપાશ ને, કર્તૃત્વાદિક તેમ
શમે સર્વથા, ના રહે, પાપપુણ્ય પણ એમ. ૮૦.

આવા જ્ઞાનીનો ભલે, પકવ પત્ર સમ દેહ
પડે ગમે તે સ્થાનમાં, તોએ નિઃસંદેહ. ૮૧.

પ્રાણોત્ક્રમણ[5] ન એહનું, થાય કદાપિ જાણ;
તપ્ત પાષાણે પડી, જલબિંદુ જયમ માન. ૮૨.

થાય લીન તેમાં જ એ, તેમ જ્ઞાનીની આંહ્ય
પ્રાણાદિક સઘળી કલા, લીન સ્વરૂપે થાય. ૮૩.

**૨/૭૧ ૦.૫૪.૪૯ સમીપ સ્વાદીયા, જાનકી જોષી**

સ્વયં બ્રહ્મ જ્ઞાની તથા, થાય નિશ્ચયે એહ;
સારભૂત વેદાંતનું, તત્ત્વ કન્યકા તેહ. ૮૪.

કહ્યું સાદ્યંત આ તને;, હવે શ્રવણનું કામ
રહ્યું સર્વથા ના તને!, કહી ગુરુ એ આમ. ૮૫.

રહ્યા સ્તબ્ધ નિઃશબ્દ ત્યાં, દ્વિજકન્યા એ તેમ
કરી મનન એ શ્રવણનું, નિદિધ્યાસ સપ્રેમ. ૮૬.

કરી મનનનો અંતરે, સ્વાત્માનંદે ત્યાંય
બ્રહ્મરૂપ થઈ આખરે, વિદેહમુક્તિ આંહ્ય. ૮૭.

કરી પ્રાપ્ત છૂટી અહા, જન્મમરણથી એહ;
ધન્ય માતપિતા નકી, એનાં નિઃસંદેહ! ૮૮.

ગુરુમૂર્તિ નિજ પત્નીને, કહે તે સમે, એમ
પુત્રશોક ત્યજી હે પ્રિયે, થા સાવધ તું તેમ. ૮૯.

દેહાભિમાન છોડી આ, મમોપદેશવિચાર
કરી નિરંતર જો તથા, વર્તીશ તું નિર્ધાર. ૯૦.

પરમાનંદ તણી થશે, પ્રાપ્તિ તુજને જાણ!
વદે અન્નપૂર્ણા સતીઃ-, ચિત્તે મમ આ જ્ઞાન. ૯૧.

આપ તણી આશિષ વિના, રે'શે ના સ્થિર તેમ;
પતિસ્વરૂપ પ્રભુ તમ પદે, થઈ લીન સપ્રેમ. ૯૨.

અબલા દાસી આપની, માગું કૃપાપ્રસાદ!
બોલે શ્રીગુરુઃ- હે પ્રિયે!, આજ સુધી સાક્ષાત્. ૯૩.

પાતિવ્રત્યે માહરી, કીધી સેવા જાણ;
અભેદબુદ્ધિથી તથા, દત્ત તણી પણ માન. ૯૪.

૧. ચોક્કસ ૨. ફજેતી ૩. જ્ઞાનસંપત્તિ ૪. સત્ ચિત્‌ની એકતાના જ્ઞાનરૂપી ગાંઠો ૫. પ્રાણનું અન્યત્ર જવું

કીધી સેવા જે અહીં, જાણ ન નિષ્ફળ તેહ;
થઈ કૃપા શ્રીદત્તની, તુજ પર નિઃસંદેહ. ૯૫.

પુત્રમૃત્યુનિમિત્તથી, પામી આ સદ્બોધ;
આશિષ મારી પણ તને;, સ્વાન્તે જ્ઞાનજ્યોત. ૯૬.

થશે પ્રગટ તારા નકી, મા કર શંકા દેખ;
તૂટી અજ્ઞાનબંધનો, તારાં સત્વર છેક. ૯૭.

ના ભીતિ કલિકાલની, રે'શે તુજને જાણ;
ના બાધશે સ્વપ્નેય એ, તને ફરી અજ્ઞાન. ૯૮.

બ્રહ્મપ્રકાશ અંતરે, પડી અબઘડી આંહ્ય,
પરમાનંદ તણી તને, થાશે પ્રાપ્તિ સદાય. ૯૯.

વિદેહમુક્તિ આખરે, પામીશ નિઃસંદેહ!
એમ કહી શ્રી ગુરુ તિહાં, સુધાદૃષ્ટિથી તેહ. ૧૦૦.

દેખે નીજ કાન્તા ભણી;, તેથી એકાએક
સતી અન્નપૂર્ણા તણું, માયિકાવરણ છેક. ૧૦૧.

થાય નષ્ટ તત્ક્ષણ અહા!, પતિ સહ જગ સંપૂર્ણ
દેખાવા લાગ્યું તિહાં, દત્તસ્વરૂપ તૂર્ણ!! ૧૦૨.

વદી એમ શ્રીગુરુ તિહાં, રહ્યા મૂક સ્મિતવક્ત્ર;
સતી અન્નપૂર્ણા કરે, નમન સાષ્ટાંગ તત્ર. ૧૧૪.

દેખી એમની એ સ્થિતિ, બોલે શ્રી ગુરુ ત્યાંયઃ-
હવે તું અને હું પ્રિયે, રહ્યાં ભિન્ન ના આંહ્ય. ૧૦૫.

તોએ મહત્ત્વ અર્ણવે, હોવા છતાંય જેમ
મર્યાદા એ ના ત્યજે, સંસારે આ તેમ. ૧૦૬.

પાળી મર્યાદા સદા, વર્તન કરવું જાણ,
સશાસ્ત્ર સ્ત્રીજાતિ તણા, ધર્મ પ્રમાણે માન. ૧૦૭.

માતા અનસૂયા અને, મદાલસાદિક તેમ
પુણ્યસ્ત્રીઓએ ધર્મમ,ર્યાદા પાળી જેમ. ૧૦૮.

નામ અમર નિજનું કર્યું;, તેમ ભૂ વિષે આંહ્ય
વર્તી પોતે હે પ્રિયે!, થઈ કૃતાર્થ સદાય, ૧૦૯.

અન્ય સ્ત્રીઓને ધર્મ,મર્યાદાપાલન તેમ
કરતાં શિખવ્યું અહીં, સ્વોદાહરણે[1] એમ. ૧૧૦.

દેહભાવથી પતિ તણી, દાસી હું પદનિષ્ઠ;
જીવભાવથી પતિ તણો, અંશ તેમ સન્નિષ્ઠ. ૧૧૧.

આત્મભાવથી હું અને, એકરૂપ પતિ તેમ;
રાખી ભાવના એહવી, જલતરંગવત્ એમ. ૧૧૨.

બ્રહ્માનંદે મગ્ન તું, રહી સર્વ વ્યવહાર
બાહ્યદૃષ્ટિથી દેહ સમ, કર હવે નિર્ધાર! ૧૧૩.

**અ.૧૫**

સચ્ચિદ્આનંદરૂપ હું, વ્યાપક સઘળે એમ,
કલ્પામ્બુવત્[2] સર્વદા;, જાઉં આવું કેમ? ૧૩૮.

કોનો સુત? ક્યાં મોકલે?, ક્યાં જાઉં? શું કામ?
સઘળે એક જ હું ભર્યો, ખાલી ક્યાંય ન ઠામ! ૧૩૯.

હું જ અન્ન અન્નાદ[3] હું, ભેદ છેદ ના લેશ;
ભોગ્ય ભોગસ્વાદ ના, આત્મારામ અશેષ! ૧૪૦.

દેશકાલવસ્તુ બધી, વ્યાપી અખંડ એમ,
રહ્યો સર્વમાં એક હું, સર્વરૂપથી તેમ. ૧૪૧.

કર્મ વિના કોઈ કદા, રહે ન જગમાં એમ;
સ્વભાવ એ પ્રકૃતિતણો;, કોણ અકર્મા તેમ? ૧૪૪.

સદાચારથી ચાલતાં, બીજા જન પણ તેમ
ચાલે જોઈ શ્રેષ્ઠ ને, માટે જ્ઞાની એમ, ૧૪૫.

ચાલે શાસ્ત્રાધારથી, વસિષ્ઠાદિક જાણ;
છોડે લૌકિક ના કદિ;, તું કાં ત્યજે સુજાણ? ૧૪૬.

ભુમિકા[4] ત્રણ પ્રથમની, જાગ્રદવસ્થા જાણ,
ચોથી સ્વપ્ન, જ્ઞાની તિહાં, બ્રહ્મવેત્તા માન. ૧૪૭.

પંચમભૂમિ પહોંચતાં, બ્રહ્મવિદ્વર એમ;
અલ્પ નિદ્રા એ નકી, કહે જ્ઞાનીઓ તેમ. ૧૪૮.

છઠ્ઠી ગાઢ નિદ્રા સમી, ઊઠે સ્વતઃ ન જાણ;
બ્રહ્મવિદ્વરીયાન્ એ, કરે કર્મ પણ માન. ૧૪૯.

તુર્યા સપ્તમ જાણવી;, સ્વતઃ[5] પરતઃ[6] તેમ,
પામે ઉત્થાન ના કદિ, યોગી તત્પર એમ. ૧૫૦.

જીવન્મુક્ત રહે સુખે, કરી કર્મ નિર્લેપ,
મુક્તસંગ આનંદથી, નડે ન માયાકેફ ૧૫૩.

થશે જ્ઞાન સ્થિર એ નકી, વળી લોકોપકાર
અહંકાર ઢીલો થશે, એવો શાસ્ત્રાધાર! ૧૫૪.



૧. પોતાના દૃષ્ટાંતથી ૨. પ્રલયકાળના પ્રાણીની માફક ૩. અન્નને ખાનાર ૪. જ્ઞાનીની સ્થિતિ ૫. પોતાની મેળે, સ્વાત્મસ્ફુરણથી ૬. બીજાથી; પરસ્ફુરણથી

દેહ-અહંતા[1] બંધ છે, મોક્ષ અહંતાત્યાગ
થતાં સ્વાત્મબુદ્ધિ બધે, શમે 'અહં-મમ' આગ. ૧૫૫.

જતાં અહં-મમ ના નડે, માનાપમાન જાણ;
વિષય વાસના ના કદિ, ઊઠે નિશ્ચય માન. ૧૫૬.

નિર્વિકાર નિશ્ચેષ્ટ મન, રહે સ્વાનંદતૃપ્ત;
ચિત્ત સમાહિત[2] સર્વદા, દેહભાન પ્રસુપ્ત. ૧૫૭.

એવો સ્વસ્થિર જે સદા, મુક્ત તેજ પ્રમાણ;
જ્યાં જ્યાં મન એનું તિહાં, નિત્ય સમાધિ માન. ૧૫૮.

અનાસક્ત વર્તે સદા, ત્યજે કર્મફળઆશ,
અહંકાર જાણે નહીં, મોક્ષ તેહનો દાસ! ૧૫૯.

ભલે હોય એ મૂઢ પણ, તોડે સત્વર બંધ;
તું તો જ્ઞાની, ના તુને, નડે સ્વપ્નસંબંધ. ૧૬૦.

અવશ ચિત્ત જેનું સદા, થાએ વિષયાસક્ત;
થાએ મુક્ત ન એ કદિ, પામે શિક્ષા સખ્ત. ૧૬૧.

મન બાંધે મન છોડવે, સંગાસંગે એમ;
સ્વાત્મનિષ્ઠને કો કદિ, બાંધે સ્વપ્ને કેમ? ૧૬૨.

ગૃહકૃત્યે રત જારિણી, કરે બ્હારથી કામ;
ચિત્ત જારસંગે રમે!, તેમજ સ્વાત્મારામ.[3] ૧૬૩.

બ્રહ્મનિષ્ઠ યતચિત્ત એ, કરે સકળ વ્યવહાર;
બ્રહ્મરસાસ્વાદે રમે, અભ્યંતર નિર્ધાર!! ૧૬૪.

મોક્ષ ન સ્વર્ગે ના કદિ, પાતાળે એ જાણ;
ભૂમંડલ આકાશમાં, ના એ નિશ્ચય માન. ૧૬૫.

અહંકાર[4] મારી રહે, તચ્ચિત્તો એ જાણ;
અહંકારક્ષય મોક્ષ એ, ના બીજો તું માન. ૧૬૬.

ફૂલ મચડતાં શ્રમ બહુ;, એથી પણ ત્યાં લેશ,
અહંકારત્યાગે નકી; ના જરીએ ત્યાં ક્લેશ. ૧૬૭.

ઊર્મિ અહંમમત્વની, સ્ફૂર્તિ ભ્રાન્તિ ગતિ તેમ
ચેષ્ટા એ મનની નકી;, અડે જ્ઞાનીને કેમ? ૧૬૮.

ચિત્તો રાખી બોધ આ, રહે તન્નિષ્ઠ નિત્ય;
માની સ્વપ્નવત્ બધા, કર્મબંધ અનિત્ય. ૧૬૯.

ના નિર્બંધ કરૂં તુને;, થશે જ્ઞાન સુસ્થિર,
શાન્તિ અંગે જામશે, એમ વર્તતાં ધીર. ૧૭૦.

બંધન સ્વપ્ને ના નડે, રહે અખંડાનંદ;
લાભ થાય મુમુક્ષુને, તૂટે ભવસંબંધ! ૧૭૧.

એક તાત્પર્ય શાસ્ત્રનું;, પામે જડસો ભય,
બ્રહ્મમય સંસારને, માની માયામય! ૧૭૮.

ભૂલી સ્વસ્વરૂપને, કર્તૃત્વાદિ ભાર;
વહી વ્યર્થ શિરે મરે, દુ:ખે મૂઢ ગમાર. ૧૭૯.

બરફ ટુકડો પ્યાસથી, પાણી માટે ધાય;
ફરી પર્વતે થાકતાં, દેખે જલમય કાય! ૧૮૦.

કોણ? ક્યાંથી? શું કરૂં?, શોધે સુખને એમ;
નિત્યમુક્ત પણ ભ્રાંતિથી, ફરે ગાભરો તેમ! ૧૮૧.

**અ.૧૬**

કર્માદિક શ્રમ વ્યર્થ ત્યાં, નાસે એથી ન ભ્રમ;
થતાં જ્ઞાન સ્વરૂપનું, ટળે સમૂળ ક્રમ. ૪૨.

જ્ઞાનયોગ ઉત્કૃષ્ટ એ, કરે ભ્રાન્તિ સુદૂર;
આપે પરમાનંદ ને, શમે દ્વૈતઅંકુર. ૪૩.

નિત્યમુક્તતા એહની, ના થાએ કદિ ભંગ;
નિર્વિકારને ના કદિ, લાગે વિકારરંગ! ૪૮.

શુદ્ધસત્ત્વ નિજ શક્તિમાં, એજ બ્રહ્મપ્રતિબિંબ;
ઈશ્વર સૃષ્ટિતાત એ, રાચે જોઈ ડિંભ[5]. ૪૯.

બ્રહ્મારૂપે એ કરે, જગદુત્પત્તિ જાણ;
પાળે વિષ્ણુરૂપથી;, શિવ સંહારે માન. ૫૦.

પ્રાણિમાત્રના હૃદયમાં, રહે નિરંતર એમ;
તારે ભક્તોને સદા, દંડે દુર્જન તેમ. ૫૧.

શુદ્ધ સત્વગુણ પ્રકૃતિ, વિદ્યા માયા જાણ;
સર્વજ્ઞતા તદુપાધિથી, પામે ઈશ્વર માન. ૫૨.

મલિનસત્ત્વ જે પ્રકૃતિ, એજ અવિદ્યા તેમ;
પડે બ્રહ્મપ્રતિબિંબ ત્યાં, જીવ પરતંત્ર એમ. ૫૩.

વ્યષ્ટિભૂત અલ્પજ્ઞ એ;, ઈશ્વર સમષ્ટિભૂત;
નચાવે સ્વતંત્ર એ, અજ્ઞ જીવ અદ્ભુત. ૫૪.

બે શક્તિ માયાતણી, આવરણ વિક્ષેપ;
સ્વરૂપ આચ્છાદિત કરે, એજ આવરણ ચેપ. ૫૫.

૧. દેહાત્મબુદ્ધિ ૨. શાંત, ચાંચલ્યથી રહિત ૩. સ્વસ્વરૂપમાં વિશ્રાંતી લેનાર ૪. દેહમાં આત્મત્વની બુદ્ધિ ૫. બાળક

ઈશ મુક્ત વિણ જીવ જે, બીજા પામર તેમ;
પડે આવરણ તેમને, 'હું અજ્ઞાની' એમ. ૫૬.

ભૂલી સોહં શુદ્ધ હું, પૂછે કોહં જાણ;
અજ્ઞાને શિર પર ધરે, કર્તૃત્વાદ્યભિમાન! ૫૭.

કાર્ય આ જ વિક્ષેપનું, સુખદુઃખાત્મક એમ;
[1]નાનાયોનિભ્રમણ જે, ભુતભૌતિક તેમ. ૫૮.

ભૂલતાં અદ્વૈત એ;, ખડો દ્વૈતવિક્ષેપ;
કહે વિપ્ર 'ચાડાંલ' હું', કરી મોહથી કેફ! ૫૯.

મંદ અંધકારે પડી, હાથ દોરડી જેમ,
ના જાણી માને અહિ[2];, ખેલ સર્વ આ તેમ. ૬૦.

અજ્ઞાનાત્મક મનતણો, વિકલ્પ આ આવરણ;
ભયકંપાદિ થાય જે, તે વિક્ષેપજનન[3]. ૬૧.

થતાં જ્ઞાન દોરીતણું, જાય સર્પભ્રમ જાણ;
ટળે ક્રમે વિક્ષેપ એ;, રહે કદિ ક્ષણ માન. ૬૨.

કોણ રડે એને પછી?, તેમ જીવઅજ્ઞાન
થતાં નષ્ટ, ના ભ્રમણ ત્યાં, વિક્ષેપે એ માન. ૬૩.

અહંસ્ફૂરણ બ્રહ્મે થયું, ના થઈને જેહ,
તે જ પ્રકૃતિ જાણતું, અભિન્ન નિઃસંદેહ. ૬૪.

દેવતા ઈન્દ્રિયતણી;, થતાં પાંચ એકત્ર!
કાયા વાચા મન થકી, થાય શુભાશુભ અત્ર. ૯૬.

પુણ્યે સ્વર્ગાદિક મળે, પાપે નરકે જાય;
મિશ્રપાપપુણ્યે મળે, મનુષ્યજન્મ સદાય. ૯૭.

લખ ચોરાશી યોનિઓ;, સ્વેદજ અંડજ જાણ,
ઉધ્ભિજ્જ જરાયુજ ને વળી, દિવિજ[4] પાંચમી ખાણ. ૯૮.

કર્મભોગ માટે ફરે, જીવ મૂઢ ત્યાં એમ;
થાય કલ્પકોટિ ભલે, ટળે ભ્રમણ ન તેમ. ૯૯.

વિના જ્ઞાનનિશ્ચય કદિ, કૂટયે કર્મ હજાર!
વિના દીપ દીઠો કદિ, થતાં દૂર અંધકાર? ૧૦૦.

સૃષ્ટિક્રમ એવો કહે, વેદ શાસ્ત્ર સહુ તેમ;
માની ભ્રાન્તિ સત્ય એ, ભમે મૂઢમતિ એમ. ૧૦૧.

ઈશ્વર સમ ગુરુ માનીને, શ્રદ્ધા રાખી અખંડ;
કરવી સેવા ખંતથી, સહી શીતોષ્ણ દંડ. ૧૦૪.

બેસી પાસે પ્રમેથી, કરવું શાસ્ત્રશ્રવણ;
થતાં જ્ઞાન સુદૃઢ ક્ષણે, પામે નિર્વાણ જન. ૧૦૫.

ગુર્વનુગ્રહમાત્રથી થશે, જ્ઞાન સુસ્થિર;
અન્યથા શ્રમ વ્યર્થ એ, છિદ્રે રહે ન નીર. ૧૦૬.

નિદિધ્યાસયોગાદિથી, થવું સ્વયં તદ્રૂપ;
જ્ઞાન અપરોક્ષ એ નકી, સાક્ષાત્કાર અનુપ. ૧૧૨.

'જાણવું' તે તો પરોક્ષ, 'થવું' અપરોક્ષ જાણ;
સદ્ગુરુકૃપા વિણ ના કદિ, બને એક પણ માન. ૧૧૩.

ઉપક્રમાદિક લિંગથી, તાત્પર્યૈકયધારણ
સચ્છાસ્ત્રોનું ગુરુમુખે, જાણ એજ શ્રવણ. ૧૧૪.

'નથી બ્રહ્મ' એવી મતિ, અસત્ત્વાવરણ એહ;
થાય નષ્ટ આ શ્રવણથી;, માને નર'છે તેહ'. ૧૧૫.

બ્રહ્મ એક અનેક વા?, ઊઠે સંશય એમ;
સંશયભાવના એ નકી, નાસે શ્રવણે તેમ. ૧૧૬.

શ્રવણાનુસાર તે પછી, કરતાં મનનાભ્યાસ;
અસંભાવના જાય એ, થતાં ચિત્ત સ્થિર ખાસ. ૧૧૭.

વસ્તુ છે પણ ના દિસે, એજ અભાનાવરણ;
શ્રવણાનુસારે ચિંતતાં, મનને જાય તત્ક્ષણ. ૧૨૬.

થતાં નિદિધ્યાસને થકી, સર્વ આવરણ નષ્ટ;
ધ્યાને અદ્વિતીયતા, પામે સાધક સ્પષ્ટ. ૧૨૭.

એકાન્તે બેસી સદા, ત્યજે સંકલ્પ સર્વ;
ધ્યાનાભ્યાસે થાય એ, સ્વયં બ્રહ્મ નર શર્વ[5]. ૧૨૮.

કીટ ભ્રમરધ્યાને સ્વયં, થાય ભ્રમર સાક્ષાત્;
ધ્યાનપ્રભાવ એ નકી, જાણે લોક સુજાત. ૧૨૯.

જીવ બ્રહ્મ મૂળે સ્વયં, કરે સ્વસ્વરૂપધ્યાન;
થાએ બ્રહ્મસ્વરૂપ તો, શું આશ્ચર્ય સુજાણ? ૧૩૦.

જીવ બ્રહ્મ તો ધ્યાન નો, શો ઉપયોગ વ્યર્થ?
શંકા ઊઠે જો કદિ, કહું સૂણ સદર્થ. ૧૩૧.

અનિર્વચનીય[6] ઈશની, માયા શક્તિ જેહ,
તેથી થાય સ્વરૂપમાં, ભ્રાંતિ સ્વસંદેહ. ૧૩૨.

અવિદ્યા કામ કર્મ થી, થતાં જીવ સંયુક્ત;
રાગદ્વેષવશ એ થઈ, કરે યુક્તાયુક્ત. ૧૩૪.



૧. જુદી જુદી ૨. સાપ ૩. વિક્ષેપની ઉત્પત્તિ કાર્ય ૪. દૈવી ૫. શિવ ૬. સત્ય, અસત્ય વગેરે કોઈપણ રીતથી વર્ણવી શકાય ન તેવી

કર્માચરણે ત્રિવિધ એ, ભમે નિરંતર એમ;
જન્મમરણ ઘટમાળ એ, થાય બંધ ના તેમ. ૧૩૫.

રાહુગ્રસ્ત થયો રવિ, માને મૂઢ અજાણ;
તેવું જીવાવરણ આ, ભાસમાત્ર પ્રમાણ. ૧૩૬.

વિના જ્ઞાન ના એ ટળે, કરતાં કોટિ ઉપાય;
શ્રવણાદિકક્રમ થી થતાં, જ્ઞાન આપે જાય. ૧૩૭.

શાબ્દજ્ઞાન પરોક્ષ એ, ધ્યાને અપરોક્ષ જાણ,
થઈ મળે સ્વરૂપમાં;, માટે કરવું ધ્યાન. ૧૩૮.

મહાવાક્યચિંતન કરી, લે અપરોક્ષાનુભવ;
થઈ લીન સમાધિમાં, થઈશ મુક્ત સજવ[1]. ૧૪૦.

તૂર્ણ સ્થિર કરી જ્ઞાનને, કર મનનો તું ભંગ;
વાસનાવન બાળીને, થા નિર્વિઘ્ન અસંગ. ૧૪૧.

જીવન્મુક્ત થઈ પછી, શેષ પ્રારબ્ધભોગ
થતાં પૂર્ણ મદ્રુપમાં, વિદેહકૈવલ્યયોગ. ૧૪૨.

સત્વર નૃપ પામીશ તું, માન નિશ્ચય એહ;
શુભાશિષ મારી તને, મા કર મનસંદેહ. ૧૪૩.

**અ.૧૭**

મહાવાક્ય કહેવું કુને?, કેમ ચિંતવું એહ,
થાએ અપરોક્ષાનુભવ, જેથી નિઃસંદેહ? ૨.

'મહતો મહીયાન્' જે, બ્રહ્મ એક સુજાણ,
તેનું વિવરણ જે કરે, બ્રહ્માત્મૈક્ય પ્રમાણ. ૪.

મહાવાક્ય એ વેદનાં, ચાર મુખ્ય નિર્ધાર!
તેમાં બોધક મુખ્ય જે, સામવેદનું સાર; ૫.

શ્વેતકેતુને અરુણ એ, કથે ફરી ફરી જાણ;
'તત્ત્વમસિ' મહાવાક્ય એ, 'તે તું છું' નૃપમાન. ૬.

ધ્યાન દઈ સાંભળ નકી, થાશે સાક્ષાત્કાર;
સાધન સિદ્ધ થતાં સુખે, થાય મૂઢ ભવપાર. ૭.

નિત્યાનિત્યવિવેક એ, પહેલું સાધન જાણ;
ઈહામુત્ર વિષયે સદા, વિરાગ બીજું માન. ૮.

ચિત્તે વિષયો જો વસે, થાય ના કદિ ધ્યાન;
માટે વિષયત્યાગને, આપે શ્રેષ્ઠો માન. ૯.

મનશમન ઈન્દ્રિયદમન, વિષયોપરતિ તેમ;
શીતોષ્ણાદિકસહન જે, તિતિક્ષા પણ એમ. ૧૦.

ગુરુવચને શ્રદ્ધા અને, સમાધાન મન માંહ્ય,
યથાપ્રાપ્તસંતોષ જે,ષટ્સંપત્તિ થાય. ૧૧.

ત્રીજું સાધન આ નકી, મોક્ષેચ્છા ચતુર્થ;
મુક્તિ માટે તડફડે, થાય વ્યાકુળ તદર્થ. ૧૨.

સિદ્ધ કરી સાધન સુખે, જવું સદ્ગુરુશરણ;
સેવા કરી સદ્ભાવથી, કરવું વાક્યવિવરણ. ૧૩.

સદાચારરત્ જે સદા, પુરો જ્ઞાને તેમ;
નિજાનંદમાં મસ્ત જે, બ્રહ્મનિષ્ઠ ગુરુ એમ. ૧૪.

તચ્છરણે ભ્રમ ક્યાં રહે?, આડાઅવળા બોલ
જેના, શાસ્ત્રો સર્વ એ, કાઢે માયાપોલ! ૧૫.

ષડ્લિંગે તાત્પર્યનું, ચિત્તે ગ્રહણ શ્રવણ;
કરતાં એ સદ્ભાવથી, રહે ન ભ્રાન્તિ ક્ષણ. ૧૬.

વ્યાપક સઘળે જે રહ્યું, એક અખંડ અરૂપ,
સ્થૂલ સૂક્ષ્મ ચિહ્નાદિથી, વર્જિત છેક અનુપ; ૧૦૦.

સચ્ચિદ્આનંદરૂપ જે, ભૂમા[2] સ્વયંપ્રકાશ,
પરમાત્મા પરબ્રહ્મ એ, તત્પદાર્થ તે ખાસ. ૧૦૧.

સર્વેશ્વર સર્વજ્ઞ જે, સર્વશક્ત સમાન;
અનંત જે જાણ્યા થકી, થાય સર્વનું જ્ઞાન. ૧૦૨.

જીવરૂપે સર્વમાં, કરી પ્રવેશ તેમ,
કરે નિયંત્રાણ સર્વનું, નિર્વિકાર જે એમ; ૧૦૩.

આપે જીવોને સ્વયં, અલિપ્ત કર્મનું ફળ;
પરબ્રહ્મ પરોક્ષ એ, તત્પદાર્થ નિર્મળ. ૧૦૪.

**હું અખંડ એ બ્રહ્મ છું, કેવલ નિશ્ચલ એક;**
**સત્યાદ્વૈત વિશુદ્ધ હું, આનંદામૃત છેક.** ૧૨૮.

યોગાભ્યાસે સ્થિર કરી, ચિત્ત નિરંતર આમ;
કરતાં ધ્યાન અખંડ આ, પામે અક્ષય ધામ. ૧૨૯.

**અ.૧૮**

સુણી વચન શ્રીદત્તનાં, બોલે અર્જુન ધીરઃ-
કૃપા કરો પ્રભુ ના રહે, ચિત્ત એક ક્ષણ સ્થિર; ૧.

૧. વેગે, જલ્દી ૨. અપરિચ્છિન; સર્વ વ્યાપક

થાયે સ્તંભન વાયુનું, વ્યોમખંડન તેમ;
તરંગબંધન યુક્તિથી, ચિત્ત ના પણ એમ. ૨.

દુર્જય મન ચંચલ અતિ, ઠરે કેમ એ નાથ?
વદે દત્તઃ- વૈરાગ્યથી, યોગાભ્યાસે તાત! ૩.

યોગાભ્યાસ કહું હવેઃ-, યમ નિયમાસન જાણ,
પ્રાણાયામ પછી કહ્યો, પ્રત્યાહાર પ્રમાણ; ૫.

ધારણા પછી ધ્યાન ને, સમાધિ - એ અષ્ટાંગ
કહે યોગ યોગી જનો!, કહે કોઈ ષડંગ. ૬.

સ્વાભાવિક બે માનીને, યમનિયમને તેમ;
કહે સમાધિ ફળ ગણી, કોઈ સપ્તાંગ એમ. ૭.

વિકલ્પાવિકલ્પ[1] ભેદથી, એક સમાધિ અંગ
ગણી બીજીને ફળ કહે, કોઈ તેમ અષ્ટાંગ. ૮.

બે રૂપ આત્માતણાં, સ્થાવર જંગમ તેમ;
ઈશ્વરબુદ્ધિ ત્યાં કરી, મા કર પીડા એમ. ૯.

કાયા વાચા મન થકી, દેવું દુઃખ ન અલ્પ;
શ્રેષ્ઠ **અહિંસા** એ કહી, પ્રથમ ધર્મ અનલ્પ[2]. ૧૦.

યથાર્થ પ્રિય બોલવું, **સત્ય** એજ પ્રમાણ,
તૃણ સરખું ના ચોરવું, કદિ અન્યનું માન; ૧૧.

કહ્યું **અસ્તેય** એ તને!, **દયા** પ્રાણીની દાઝ;
ત્યાગ મૈથુનનો સદા, **બ્રહ્મચર્ય** વ્રતતાજ. ૧૨.

રહેવું નિષ્કપટી સદા, જાણ **આર્જવ** એમ
**ક્ષમા** સહન દુઃખાદિનું, અક્રોધે એ તેમ. ૧૩.

થતાં હાનિ પણ મન વિષે, થાય વિકાર ન જેહ,
**ધૃતિ**; પથ્ય મિત જમવું જે, **મિતાહાર** છે તેહ. ૧૪.

બે ભાગો અન્ને ભરી, ત્રીજો જળથી તેમ;
ચોથો ખાલી પેટનો, રાખે સાધક એમ. ૧૫.

મૃજજલથી દેહાદિને, ધ્યાને અંતર જાણ,
સાફ રાખવું **શૌચ** એ;, કહ્યા દશ યમ માન. ૧૬.

કહું નિયમ દશ સુણ તું, અર્જુન સાવધ એમ;
દેહશુદ્ધિ કૃચ્છ્રાદિથી[3], **તપ** ઉત્તમ ત્યાં તેમ. ૧૭.

દૈવલાભથી તુષ્ટિ જે તે, **સંતોષ** પ્રમાણ;
વેદગુરુવિશ્વાસ જે, તેજ **આસ્તિક્ય** માન. ૧૮.

વેદાંતાદિવિચારને, કહ્યું **શ્રવણ** ઉત્તમ;
પાત્રે સ્વાર્થાર્પણ નકી, **દાન** ઉત્તમોત્તમ. ૧૯.

સર્વસમર્પણ પ્રભુપદે, એજ **પૂજન** જાણ;
સત્કર્મે પ્રીતિ સદા, **શ્રદ્ધા** નિર્મલ માન. ૨૦.

કુકર્મમાં લજ્જા કહી, **હ્રી** તારિણી એહ;
એકાદશ્યાદિક વિષે, ઉપોષણ **વ્રત** તેહ. ૨૧.

વેદાવિરુદ્ધ મંત્ર જે, ગુરુપદિષ્ટ પ્રમાણ;
તેનો નિત્યાભ્યાસ જે, **જપ** નિશ્ચય તું માન. ૨૨.

અધમ વાચિક ત્યાં કહ્યો, ઉપાંશુ[4] મધ્યમ તેમ;
માનસિક ઉત્તમ તિહાં, વેદ શાસ્ત્ર સહુ એમ. ૨૩.

દેશકાલજાતિ થકી, અનવચ્છિન્ન[5] ઉત્તમ
યમનિયમો મહાવ્રત નકી;, આપે ફળ સત્તમ[6] ૨૪.

યમનિયમો પાયો નકી;, હોય ન જો સુદૃઢ;
યોગમહેલ ચઢે નહીં, ભલે મરે મથી મૂઢ. ૩૮.

સાંભળ આસન તે પછી, સ્થિર સુખબેઠક એહ;
સિધ્દાસન સુશ્રેષ્ઠા એ, સાધે સિદ્ધા જાણ. ૪૫.

ચિંતા સઘળી છોડીને, બેસે ધૈર્યે જાણ;
આરંભે દૃઢ નિશ્ચયે, પ્રાણાયામ સુજાણ. ૫૫.

જ્યમ જ્યમ દોડે પ્રાણ એ, ત્યમ ત્યમ ચંચલ મન;
થતાં ચિત્ત ચંચલ નકી, દોડે પ્રાણ તત્ક્ષણ. ૫૬.

માટે જીતી એકને, કરવાં બંને સ્થિર;
સાધન શ્રેષ્ઠ સમાધિનું, જાણે યોગી ધીર. ૫૭.

થતાં પ્રાણજય નિશ્ચયે, થાય મનોજય જાણ;
એક નિબંધન બેઉનું, યોગશાસ્ત્ર પ્રમાણ. ૫૮.

નવે દ્વારો રોકતાં, થાય પ્રાણવશ તેમ;
વિણ વૈરાગ્યે ના કદિ, થાય ચિત્ત વશ એમ. ૫૯.

મન ચંચલ તત્ક્ષણ કરે, ક્ષુબ્ધ ઈન્દ્રિયગણ;
ના બલવદ્ રોકાય એ, થાકે અધવચ જન. ૬૦.

પ્રાણાયામાદિક થકી, માટે જીતે એમ;
ચંચલ મન પણ શીઘ્ર એ, થાય સુસ્થિર તેમ. ૬૧.

સગુણ ધ્યાન જપથી વળી, કરે કોઈ એ વશ;
ઠરે ઠામુકું જો ગ્રહે, બહ્મરસાયનરસ. ૬૨.



૧. સવિકલ્પ નિર્વિલ્પ ભેદથી ૨. મહાન ૩. ચાંદ્રયણાદિ ૪. પાસેના અન્ય જન ન સાંભળી શકે તે સાધારણ હોઠ હલાવીને કરેલો જપ ૫. અમર્યાદિત ૬. ઉત્તમ

ડાબા નાસાપુટ મહીં, ઈડા નાડી છે જાણ;
ચંદ્ર દૈવત તેહનું, કરે સિદ્ધ શુભ માન. ૬૩.

જમણા નાસાપુટ મહીં, નાડી પિંગલા તેમ;
સૂર્ય દૈવત તેહનું, ઉગ્રકાર્યકર એમ. ૬૪.

બે વચ્ચે ત્રીજી વસે, નામ સુષુમ્ણા જાણ;
બ્રહ્મરંધ્રમાં જાય એ, દેવકાર્યકર માન. ૬૫.

કુંડલિની તન્મૂલમાં, સર્પાકારે એહ
મુખે સુષુમ્ણામુખ ગ્રહી, રહી નિશ્ચેષ્ટ તેહ. ૬૬.

પ્રાણમાર્ગ રોકી પડી, ના જાવા દે પ્રાણ
સુષુમ્ણામાં દુષ્ટ એ;, કરવી જાગ્રત માન. ૬૭.

ચળે શીઘ્ર અભ્યાસથી, કરી ફૂત્કાર એમ;
ચઢે પ્રાણ ઉપર કળે, થાય ચિત્ત સ્થિર તેમ. ૬૮.

ડાબો અપાન જાણવો, જમણો પ્રાણ પ્રમાણ;
સમાન બંને થાય તે, કહે સુષુમ્ણા જાણ. ૬૯.

પૂરક ષોડશથી કરે, ચોસષ્ઠે કુંભક
બત્રીસ માત્રાથી કરે, રેચક એ ઉત્કટ[1]. ૭૦.

ઈડાથી પૂરક કહ્યો, મૂલબંધ[2] ત્યાં જાણ
કુંભકાન્તે કંઠમાં, બંધ જાલંદર[3] માન. ૭૧.

રેચક પિંગલાથી વળી, ઉડ્ડિયાન[4] પણ એમ;
મંદ મંદ કરી ફરી, કરવું પ્રતીપ[5] તેમ. ૭૨.

જેથી ખેંચે પ્રાણને, તેથી ના રેચક;
પ્રાણાયામાભ્યાસ એ, હરે સર્વ અઘ અક. ૭૩.

ખાલી કરવું પેટને, છોડી શ્વાસ બહાર,
પૂરક એ; થંભાવવો, ત્યાંજ કુંભક સાર. ૭૪.

લેવો અંદર તે પછી, ધીમે ધીમે તેમ,
રેચક સાધે એ નકી;, કેવળ કુંભક એમ. ૭૫

જેમ જેમ માત્રા વધે, થાય પ્રાણજય તેમ;
શુદ્ધ થતાં નાડી સહુ, ઠરે ચિત્ત પણ એમ. ૭૬.

વાતપિત્ત ને કફતણા, થતાં દોષ સુક્ષીણ;
થાય અગ્નિ પ્રદીપ્ત ને, થાય રોગ વિલીન. ૭૭.

કનિષ્ઠ પ્રાણાયામથી, છૂટે ઘર્મ વિશેષ;
મધ્યમથી સર્વાંગમાં, થાએ કંપ અશેષ. ૭૮.

ઉત્તમ પ્રાણાયામથી, બ્રહ્મરંધ્રમાં તેમ
ઠરે પ્રાણ સત્વર જઈ;, શ્વાસોચ્છ્વાસ એમ. ૭૯.

થાય બંધ, નિશ્ચેષ્ટ એ, થાય સર્વ શરીર;
મેઘનાદ સમ ગર્જના, સૂણે યોગી ધીર. ૮૦.

નાડિશુદ્ધિ ન થાય જો, કુંડલિની જાગ્રત,
સુષુમ્ણામાં પ્રાણ ના, ચઢે પિપીલિકાવત્. ૮૧.

તો વૃથા શ્રમ જાણવો, કરવો અધિક પ્રયાસ;
થતાં ઊર્ધ્વગતિ પ્રાણની, નાસે સમૂળ ત્રાસ. ૮૨.

પાંચ પાંચ ચઢાવીને, પ્રતિદિન પ્રાણાયામ,
પહોંચવું એંશી સુધી;, ચાર વાર નિત આમ. ૮૭.

માસત્રાય દૃઢ નિશ્ચયે, કરતાં પ્રાણાભ્યાસ;
થાય સુષુમ્ણામાર્ગ એ, શુદ્ધ સર્વથા ખાસ. ૮૮.

ઊઠે કુંડલિની નકી, ચઢે ઊર્ધ્વગતિ પ્રાણ;
ષટ્[6] ચક્રો ભેદાય ને, તૂટે ગ્રંથિ[7] મહાન્. ૮૯.

વસે અગ્નિ નાભિ મહી, કરવું તદાકુંચન;
રાખી તર્જની નાભિ પર, નિત્ય ત્રિકાળ ક્ષણ ક્ષણ. ૯૦.

હાથે ઝાલી પાદને, કરવું [8]કંદતાડન
નિત્ય આઠ ભસ્ત્રા કરી, રાખી નિશ્ચલ મન. ૯૧.

ત્યાગી લયવિક્ષેપને, સ્વરૂપાનુસંધાન
કરતાં, ઊર્ધ્વગતી પ્રાણને, થાય મનોન્મન માન. ૯૨.

બ્રહ્મરંધ્રે બાર દિન, ઠરતાં નિશ્ચલ પ્રાણ;
થાય સમાધિ શ્રેષ્ઠ એ, નિર્વિકલ્પ પ્રમાણ. ૯૩.

કરી પ્રાણજય નિશ્ચયે, ખેંચી મનથી એમ
પરાવૃત્ત સ્વવિષયથી, કરવી ઈન્દ્રિય તેમ. ૯૪.

મૂકી આળસ ફરી ફરી, કરતાં આ અભ્યાસ;
સિદ્ધ પ્રત્યાહાર થઈ, રહે ન કિંચિત્ ત્રાસ. ૯૫.

અંગ સમેટે કાચબો, નિજાધીન અંદર;
ખેંચે યોગી ઈન્દ્રિયો, તેમ સ્વવશ સકળ. ૯૬.

દોડે બહાર જો ફરી, ખેંચે અંદર તેમ;
થતાં સ્વવશ ઈન્દ્રિય સહુ, સ્થિતપ્રજ્ઞ નર એમ. ૯૭.

નાસે વિષયેચ્છા સહુ, થતાં પ્રજ્ઞા સુસ્થિર;
થાએ સિદ્ધિ દાસીઓ;, ધન્ય યોગિવર ધીર! ૯૮.

૧. ઉત્તમ ૨. ગુદા સંકોચન ૩. કંઠ સંકોચન ૪. પેટને અંદર ખેંચવું તે ૫. વિરુદ્ધ ૬. મૂલાધારાદિ ૭. બ્રહ્મગ્રંથી, વિષ્ણુગ્રંથી ને રુદ્રગ્રંથી
૮. નાભિની નીચે નવ અંગુલિ સુધી રહેલા નાડિના ઉગમ સ્થાનરૂપ કંદ

એવો પ્રત્યાહાર આ, કરી સિદ્ધ અર્જુન;
કરવી ધારણા તે પછી, સગુણ નિર્ગુણ તૂર્ણ. ૯૯.

રોકી રાખે ચિત્તને, એક સ્થળમાં જાણ,
પુનઃ પુનઃ અભ્યાસથી, ધારણા એ માન. ૧૦૦.

ઠેરવવું નિજ ચિત્તને, આત્મસ્વરૂપે એમ;
જો ન ઠરે વિક્ષેપથી, કરવું યત્ને તેમ. ૧૦૧.

નિર્ગુણમાં જો ના ઠરે, કરવું સગુણે સ્થિર;
લક્ષ્યે લાવી રોકવું, કરી યત્ન ગંભીર. ૧૦૨.

નિર્ગુણ હું આ રૂપથી, થયો સગુણસ્વરૂપ;
ભક્તરક્ષણકારણે, ધરી રૂપ અનુપ! ૧૦૩.

આસેચનક[1] સુમૂર્તિ એ, સુંદર મારી જાણ;
જોતા નેન ધરાય ના, અંગ એકૈક માન. ૧૦૪.

પુનઃ પુનઃ એ રૂપમાં, કરે ધારણા એમ;
થતાં ચિત્ત સુસ્થિર તિહાં, થાએ નિર્ગુણ તેમ. ૧૦૫.

ધ્યાનારંભે ધારણા, ધ્યાન વિસ્મૃતિ જેહ,
કહે સમાધિ યોગીઓ, ત્રણે અખંડ એહ. ૧૦૬.

સિદ્ધ ધારણા એ કરી, કરે પછીથી ધ્યાન;
સગુણનિર્ગુણભેદથી, દ્વિવિધ એ પણ જાણ. ૧૦૭.

સજાતીય વૃત્તિ તણો, તૈલધારવત્ જેહ,
પ્રવાહ અખંડ એકરસ, ધ્યાન નિર્મલ તેહ. ૧૦૮.

ધ્યાન ધ્યાતા ધ્યેયનું, રહે પૃથક્ જયાં ભાન;
ધ્યાન ત્યાં સુધી જાણવું, કહે યોગિજન માન. ૧૦૯.

ઠરે ચિત્ત અભ્યાસથી, ભૂલે ધ્યાતા ધ્યાન;
ધ્યેયાકારે મન રહે, નિવાતદીપપ્રમાણ[2]. ૧૧૦.

એજ સમાધિ જાણવી, યોગપ્રાસાદ[3] શિખર!
ધ્યેય માત્ર બાકી રહે, થાએ ચિત્તવિલય!! ૧૧૧.

દેહભાન ઊડે સહુ, બાહ્યાભ્યંતર જ્ઞાન;
થાય ત્ર્યવસ્થાતીત[4] મન, એજ ઉન્મની જાણ. ૧૧૨.

આત્મા જોઈ આત્મને, થાએ આત્મવિલીન;
આત્યંતિક સુખ દેખી એ, થાય વાસના ક્ષીણ. ૧૧૩.

નિર્વિકલ્પ સમાધિ એ, વરસે ધર્મામૃત;
ધર્મમેઘ યોગી કહે, થાય મુમુક્ષુ તૃપ્ત! ૧૧૪.

આત્યંતિક વિયોગ જે કરે દુઃખનો એમ
જીવબ્રહ્મયોગે કરી, યોગ શ્રેષ્ઠ એ તેમ. ૧૧૫.

સૂણી હૃષ્ટ અર્જુન થયો, પૂછે વંદી એમઃ-
ઊઠે શંકા મન વિષે, કરો દૂર પ્રભુ તેમ. ૧૧૬.

યોગે સાક્ષાત્કાર જો, કેમ વાક્યવિચાર?
કરે કોણ શ્રમ વ્યર્થ એ? કહો એક નિર્ધાર. ૧૧૭.

**અ.૧૯. ૨/૭૨ ૦.૩૧.૪૬ જાનકી જોષી, સમીપ સ્વાદીયા**
**બ્રહ્માત્મૈક્યજ યોગ :-**

દત્ત કહેઃ- સુણ ભૂપ હે!, ક્રિયાયોગથી એમ,
કલ્પે ભ્રાંતિ ના ટળે, થાય મુક્તિ ના તેમ. ૧.

વિના જ્ઞાન નિર્વાણ ના, સત્ય વચન તું માન;
કેવળ યોગે ના કદિ, મળે શાન્તિ સુજાણ. ૨.

યોગ યોગ તું શું કહે?, બ્રહ્માત્મૈક્યજ યોગ;
જ્ઞાનયોગ અષ્ટાંગ એ, ટાળે સંસૃતિરોગ! ૩.

દેહાદિક મિથ્યા સહુ, જાણી નિશ્ચય એમ;
દેહેન્દ્રિયવિષયે રહે, ઉદાસીન[5] યમ તેમ. ૪.

સ્વાત્મા નિર્મલ એક છે, કેવળ બ્રહ્મસ્વરૂપ;
જાણી અનુરક્તિ[6] તિહાં, કહ્યો નિયમ એ, ભૂપ! ૫.

બાહ્ય વિષય પ્રત્યે રહી, ઉદાસીન સુજાણ,
અંતર્દ્રષ્ટિ સ્થાપવી, તેજ આસન માન. ૬.

મયૂરકુક્કુટવત્[7] યદિ, બેઠે મુક્ત થવાત,
મરત રડી રડી ના નકી, નાહક પ્રાણિજાત.! ૭.

ચિદાત્માનું બુદ્ધિથી, અંતર્ગ્રહણ પૂરક;
સ્થીરીકરણ તત્તાત્ત્વનું, એજ જાણ કુંભક. ૮.

નામરૂપ માયિક બધું, રેચક તેનો ત્યાગ;
પ્રાણાયામ કહ્યો ત્રિધા, ઊઠ અર્જુન જાગ! ૯.

કેવળ નાસાપીડને, વાયુરોધથી તેમ,
થાય મુક્ત નર તો વૃથા, કરે શ્રવણશ્રમ કેમ? ૧૦.

માટે પ્રાણાયામ ત્યાં, સબીજ ઉત્તમ જાણ;
થતાં સ્થિર મન જ્ઞાની, પામે નર નિર્વાણ. ૧૧.

સ્વભાવ એ ઈન્દ્રિયતણો, કરે વિષયગ્રહણ;
જાણી, વિષયાધ્યાસથી, રહે દૂર સજ્જન. ૧૨.



૧. અતિશય આનંદ આપનાર ૨. તદ્દન સ્થિર ૩. મહેલ ૪. જાગ્રત, સ્વપ્નને સુષુપ્તિથી પર ૫. વિરક્ત ૬. પ્રેમ ૭. મોર અને કુકડાની માફક બેસીને

અનાસક્તિ એ જાણ તું, નિર્મળ પ્રત્યાહાર;
સ્વાત્મનિષ્ઠા ધારણા, ગતદુર્ભાવનસાર[1]. ૧૩.

ચિત્તબંધ નાભ્યાદિમાં, ભલે ઉપકારક જાણ,
મુક્તિ એ થકી ના કદિ, અર્જુન કલ્પે માન. ૧૪.

ધ્યાન 'અહં બ્રહ્માસ્મિ' એ, વૃત્તિ પ્રવાહ અખંડ;
માયામય વિકારનું, જયાં મૂર્ત્યાદિ ન બંડ. ૧૫.

અજ્ઞાને 'હું દેહ છું', માને અખંડ જેમ,
નિશ્ચિત માને 'બ્રહ્મ હું, એક પરાત્મા' તેમ; ૧૬.

દેહાત્મત્વ હઠે સહુ, પરાત્મત્વ સુસ્થિર
થાએ નિશ્ચિત જ્ઞાનથી;, એજ સમાધિ ધીર! ૧૭.

માટે હઠાભ્યાસથી, પ્રાણાયામે એમ
થતાં સ્થિર મન વાક્યનો, કરવો વિચાર તેમ. ૧૮.

ગુરુમુખથી વાક્યાર્થનું, કીધું જેહ શ્રવણ;
શ્રદ્ધાથી કરવું પછી, તેનું જાણ મનન. ૧૯.

વેદાવિરુદ્ધ યુક્તિથી, પરમાત્માનું તેમ
અખંડ એક વૃત્તિથી, કરવું ચિંતન એમ; ૨૦.

મનન ઉત્કૃષ્ટ એ કહ્યું!, નિદિધ્યાસ ધ્યાન;
સવિકલ્પ સમાધિ એ, સાધે સાધક જાણ. ૨૧.

વિજાતીય દ્વૈતાદિ જે, ત્યાગી પ્રત્યય[2] એહ;
સજાતીય અદ્વૈતનું, પ્રવાહીકરણ તેહ. ૨૨.

વિધિનિષેધાત્મક કહ્યા, બે આત્મગુણ માન;
યદ્ધયાને નિર્ભય થઈ, પામે નર નિર્વાણ. ૨૩.

સત્ય જ્ઞાન પ્રશાન્ત ને, પરબ્રહ્મ એ એમ;
શુદ્ધબુદ્ધાદિક સહુ, વિધ્યાત્મક ગુણ તેમ. ૨૪.

અસ્પર્શાશબ્દાદિને, અદ્વય અરૂપ જાણ;
અપાણિપાદાદિક સહુ, નિષેધાત્મક માન. ૨૫.

ઉભયાત્મક આ ગુણ નકી, સજાતીય નિર્ધાર;
કરવું તચ્ચિંતન સુખ, તૈલધારવત્ સાર. ૨૬.

તત્ત્વમસિવાક્યાર્થ જે, ષડલિંગે નિર્ણિત
ચિત્તે તલ્લક્ષ્યાર્થ જયાં, થાએ સ્થિર પુનિત. ૨૭.

મનન ધ્યાનાદિક થકી, થાએ સુદૃઢ એહ;
પ્રતિશ્વાસમાં યોગીના, અખંડ નિઃસંદેહ. ૨૮.

આત્મા એ પરબ્રહ્મ હું, અખંડૈકરસધામ;
કેવળ સચ્ચિત્સુખ નકી, શુદ્ધ બુદ્ધ ગતકામ! ૨૯.

થતાં મનન અખંડ એ, ધ્યાતૃધ્યાનવિલય
થઈ, અંતમાં મન રહે, ધ્યેયાકાર નિર્ભય. ૩૦.

નિર્વિકલ્પ સમાધિ આ, હરે મૂળ અજ્ઞાન;
વાસનાવન બાળીને, દમે પ્રારબ્ધ માન. ૩૧.

સર્વવ્યાપી ચૈતન્ય જે, સ્વયંપ્રકાશક એક;
સચ્ચિતસુખમય ત્યાં લસે, કેવલાદ્વૈત છેક! ૩૨.

થાતાં સાક્ષાત્કાર એ, બાહ્યાભ્યંતર એમ
જાણે યોગી ના કશું, થાએ ચિન્મય તેમ. ૩૩.

સૂર્યકાન્તના યોગથી, રવિપ્રતિબિંબે જાણ,
થાય તૂલ[3] અગ્નિ સ્વયં, તેમજ આ પણ માન. ૩૪.

બ્રહ્માકાર થઈ સ્વયં, મનોવૃત્તિ એ એમ;
હરી અજ્ઞાનધ્વાંતને, રહે બ્રહ્મમય તેમ. ૩૫.

કાર્ય સહ અજ્ઞાનનો, થતાં એથી વિનાશ;
બ્રહ્મ નિરંજન એક ત્યાં, રહે અદ્વૈત ખાસ. ૩૬.

કરી કાર્ય વૃત્તિ સ્વયં, થાએ સ્વાત્મવિલીન;
સ્વચ્છ કરી જળ નિર્મળી, કલ્ક[4] થાય જયમ લીન. ૩૭.

ઘટાકાશ ઘટ ફૂટતાં, મહાકાશ જયમ થાય;
થતાં નાશ ઉપાધિનો[5], જીવ બ્રહ્મ ત્યમ થાય. ૩૮.

[6]છાયા બિંબ સ્વયં બને, થતાં ઉપાધિ નષ્ટ;
ચિચ્છાયા ત્યમ જીવ પણ, થાય ચૈતન્ય સ્પષ્ટ. ૩૯.

હોય બાહ્ય અજ્ઞાત જે, તેને ઈન્દ્રિય મન
બુદ્ધયાદિક જાણે સહુ!, પ્રત્યગ્ બ્રહ્મ ચિદ્ઘન!! ૪૦.

સ્વયં જયોતિઃ સ્વરૂપ જે, જાણે કોણ જ કેમ?
મન બુદ્ધિ પહોંચે ન ત્યાં, દ્રષ્ટા દશ્ય ન એમ. ૪૧.

શંકા એવી જો ઊઠે, સાંભળ કહું સુજાણઃ-
મુખ મુખથી દેખાય ના, માટે દર્પણ જાણ. ૪૨.

આણી દેખાડે તિહાં, દેખે મુખ સુંદર;
આદર્શોપાધિ[7] થકી, થાએ સુખ સત્વર. ૪૩.

જડ દર્પણ એ શું લહે?, કયાંથી એને બોધ?
દેખે સ્વયં સ્વરૂપને;, તેમ બ્રહ્માત્મ શોધ. ૪૪.

૧. અસંભાવનાદિ દુષ્ટ ખ્યાલો દૂર થાય છે જેમાંથી તે. ૨. વૃત્યનુંભવ ૩. રૂ ૪. ભૂકી ૫. અજ્ઞાનનો ૬. પ્રતિબિંબ ૭. દર્પણ

મેલા દર્પણમાં દિસે, મુખ પણ મેલું જાણ;
હોય ચિરાડો દર્પણે, મુખે ચિરાડો માન! ૪૫.

કરે સ્વચ્છ જો ચાટલું, દિસે સ્વચ્છ મુખ જેમ;
ધોતાં મેલબુદ્ધિ તણો, સ્વાત્મદર્શને એમ. ૪૬.

આગંતુક મળ દર્પણે, તેમ બુદ્ધિ પર માન;
ધોતાં યોગાદિક થકી, સમ્યક્ દર્શન જાણ. ૪૭.

બુદ્ધિ પ્રતિબિંબિત નકી, તે જ જીવ વિખ્યાત;
મદદ કરે અજ્ઞાતને, જોવા ઈન્દ્રિયજાત. ૪૮.

અંધારે જોવા ઘડો, લાગે નેત્ર દીપક;
દીવો જોવા એક બસ, નેત્ર અન્ય નાહક[1]. ૪૯.

સ્વાત્મદર્શને એક બસ, બુદ્ધિવૃત્તિ ત્યમ અત્ર;
વૃત્તિવ્યાપ્યત્વ એ કહ્યું;, ફલવ્યાપ્યત્વ પરત્ર. ૫૦.

સ્વાત્મા દેખે સ્વાત્મને, માટે એમ સુજાણ;
ઈન્દ્રિયમનબુદ્ધયાદિ ના, કહે શ્રુતિ પ્રમાણ. ૫૧.

દીવો જોવા દીપનું, પડે કામ ના જેમ;
આત્મા સ્વયંપ્રકાશ જે, તેને અન્ય ન તેમ. ૫૨.

આડું જે અજ્ઞાન તે, બુદ્ધિવૃત્તિથી ખાસ
નાસે; શ્રવણાદિક સહુ, તદર્થ જાણ પ્રયાસ. ૫૩.

વૃત્તિ બ્રહ્માકાર એ, થાય સ્વરૂપે લીન;
નિર્વિકલ્પ સમાધિ આ;, રહે ન બીજું ચિહ્ન. ૫૪.

અખંડૈકરસ બ્રહ્મ જયાં, બીજું દ્વૈત ન અલ્પ;
થતાં આરૂઢ ત્યાં નકી, પુનઃ પતન ન સ્વલ્પ. ૫૫.

સ્વાભાવિક નિદ્રા મહીં, રહે સ્વરૂપજ્ઞાન;
જાગ્રત્સ્વપ્ને થાય એ, વૃત્તિજ્ઞાનસમાન. ૫૬.

ના બાધે અજ્ઞાનને, એ સામાન્ય જ્ઞાન,
અવિરોધી અજ્ઞાનનું, સૂર્યાતપવત્[2] માન. ૫૭.

તડકે તૂલ બળે નહી;, રાખે વચ્ચે લોક
સૂર્યકાંત તો ક્ષણ મહીં, બળે વિરોધે થોક. ૫૮.

'અહં બ્રહ્મ અદ્વૈત' એ, વૃત્તિજ્ઞાને તેમ,
બળે અજ્ઞાન પલકમાં;, ના સામાન્યે એમ. ૫૯.

દુર્ગમ મારગ યોગ આ, હોય કૃપા સંપૂર્ણ
દેવગુરુની, તોજ એ, થાય નિર્વિઘ્ન પૂર્ણ. ૬૦.

આવે આડે સિદ્ધિઓ, મારે એને લાત
ધૈર્યે સાવધ; તેજ એ, વરે મુક્તિ સાક્ષાત્. ૬૧.

અણિમાદિક સિદ્ધિ મહીં, રહે લપટાઈ જેહ;
ભલે થાય સમૃદ્ધ પણ, ખુએ મોક્ષસુખ તેહ. ૬૨.

નશ્વર ફળ સિદ્ધિ તણું, મોક્ષ નિશ્ચલ એક;
માટે યત્ને સાધના, કરવી સાવધ છેક. ૬૩.

થતાં લીન નિદ્રા મહીં, કરવું ચિત્ત જાગ્રત્;
થાય વિષયવિક્ષિપ્ત તો, કરવું શાન્ત તદ્વત્. ૬૪.

રાગદ્વેષાકુલ થતાં, વિવેકથી તત્ત્યાગ
કરી, સ્વસ્થ થતાં, છટકવાનો નાપે લાગે. ૬૫.

રસાસ્વાદમાં ના કદિ, થાય આસક્ત તેમ;
થઈ નિઃસંગ જ્ઞાનથી, રહે સુસ્થિર એમ. ૬૬.

થતાં ચિત્ત અભ્યાસથી, નિવાતદીપવત્ એમ;
થાય વૃત્તિ પ્રશાન્ત ને, યોગી કૃતાર્થ તેમ. ૬૭.

તૂટે હૃદયગ્રંથી ને, થાય છિન્ન સંશય;
ક્ષીણ થાય કર્મો સહુ, ટળે શોક ને ભય. ૬૮.

સંચિત ક્રિયામાણો બળે, જ્ઞાને તત્ક્ષણ જાણ;
યોગી પ્રારબ્ધ ભોગવે, જીવન્મુક્ત પ્રમાણ. ૬૯.

સર્પ કાંચળીનું કદિ, ધરે ન ઉર અભિમાન;
જ્ઞાની તેમ શરીરનું, આત્મારામ[3] સુજાણ. ૭૦.

યોગભૂમિકા આ વરી, યોગી અસંગ એમ;
વર્તે મુગ્ધાંધાદિવત્, યથાપ્રારબ્ધ તેમ. ૭૧.

સમર્થ સકલેંન્દ્રિય છતાં, વિષયસામીપ્ય તેમ;
વર્તે નિદ્રિતવત્ સદા, જાણ મુગ્ધ એ એમ. ૭૨.

બેઠે ઊઠે ચાલતાં, ચાર હાથથી દૂર,
ખસે ન દૃષ્ટિ જેહની;, જાણ અંધ એ, શૂર! ૭૩.

મીઠું કડવું વેણ જે, શુભ અશુભ વા તેમ;
યોગી સૂણી ન સાંભળે, જાણ બધિર તે એમ. ૭૪.

બોલે હિત મિત સત્ય જે, ખાતાં સત્કદન્ન[4],
વંદે નિંદે ના કદિ, અજિહ્વ એજ અસન્ન[5]. ૭૫.

મલમૂત્રોત્સર્ગાર્થ વા, ભિક્ષા માટે તેમ
એ વિણ બહાર ન નીસરે;, ફરે ન પંગુ એમ. ૭૬.



૧. નકામું ૨. સૂર્યના તડકાની માફક ૩. આત્મામાં જ વિશ્રાંતિ પામેલો ૪. સારૂં નરસું અન્ન ૫. અનાસક

બે દિવસની બાળકી, જોબનવંતી તેમ;
તરુણ વૃદ્ધા જોઈને, સમાનદષ્ટિ એમ. ૭૭.

ચળે ન અંતરમાં કદિ, નિર્વિકાર સુજાણ;
યોગી નપુંસક એ કહ્યો, અર્જુન નિશ્ચય માન. ૭૮.

યોગચર્યા આ ગ્રહી, વર્તે સાવધ એમ;
અંતર્નિષ્ઠ રહે સદા, આત્મદષ્ટિથી તેમ. ૭૯.

ભલે રહે સ્મશાનમાં, જને વને પણ એહ;
તારક જીવન્મુક્ત એ, નિર્ભય, નિઃસંદેહ. ૮૦.

કહ્યો યોગ આ જે તને, કહે અન્યને એમ;
[1]શ્રદ્દધાન વિનીત[2] જો, હોય સત્પાત્ર તેમ. ૮૧.

અનન્ય મારો ભક્ત જે, હેમ[3] માટી સમાન
માની, વિષયોમાં રહે, ઉદાસીન સુજાણ. ૮૨.

હિંસાદિક દુર્ગુણ ત્યજી, ભજે સર્વદા તેમ;
યોગી પ્રિયતમ પ્રાણથી, મને સર્વથી એમ. ૮૩.

રાજા તું પણ માહરો, એક નિષ્ઠ સુભક્ત;
વૃત્તિ તારી મત્પદે, રહે સર્વદા સક્ત. ૮૪.

અનાસક્ત તું વિષયમાં, જાણ નિર્મળ એમ;
શુદ્ધચિત્ત નિઃસંગ તું, કથ્યો યોગ આ તેમ. ૮૫.

યથાસાઙ્ગ અભ્યાસ થી, આ જન્મેજ સુજાણ
પામીશ મત્પ્રસાદથી, મત્સાયુજય નિર્વાણ. ૮૬.

બલિહારી ગુરુદેવની!, એજ વદાવે આમ;
**રંગ** રાંકડો શું લહે?, લે કેવળ ગુરુનામ!! ૧૩૦.

**અ.૨૦**

કહે દત્તઃ- કૃતાર્થ તું, એમાં ના સંદેહ;
તોય સનાતન ધર્મ આ;, મા છોડ નૃપ તેહ. ૨૨.

રાખી ચિત્ત સ્વરૂપમાં, કરવું સ્વકર્મ તેમ;
બાહ્યાચારે ના કદિ, થાએ બંધન એમ. ૨૩.

શિક્ષણ લોકોને મળે, થાએ પરોપકાર;
સ્વાભાવિક સ્વધર્મથી, ટાળે વિશ્વસંહાર. ૨૪.

સિદ્ધોનું દેખી યદિ, ચાલે લોકો તેમ,
અનાચાર વર્તે બધે;, થાય કુલક્ષય એમ. ૨૫.

માટે સ્વાચારે સદા, રહેવું સુજ્ઞે જાણ;
નિજ વર્ણાશ્રમકર્મનો, ત્યાગ ન કરવો માન. ૨૬.

લોકોપાધિ ટાળવા, બાહ્યદષ્ટિથી તેમ
વર્તે વિપરીત ક્વચિત્, જ્ઞાની અસક્ત એમ. ૨૭.

જીવન્મુક્તો ધન્ય એ, થાએ ક્યાંય ન સક્ત;
વસ્તુ ત્રિભુવનમાં નહીં, કરે એમને રક્ત! ૨૮.

દોડે પ્રતીપ[4] આપગા[5], મીઠો ક્ષારાર્ણવ;
થાએ શીતલ સૂર્ય પણ, ચળે ન જ્ઞાની લવ! ૨૯.

જણે વૃક્ષ મનુષ્યને, કીડી કુંજર તેમ;
માને ના આશ્ચર્ય એ, તોએ જ્ઞાની એમ! ૩૦.

જોઈ પલ્વલ[6] ના રમે, માનસ હંસ સુજણ;
જ્ઞાની આત્મારામ એ, તેમ વિશ્વમાં માન. ૩૧.

દોષબુદ્ધિથી ના ત્યજે, નિષિદ્ધ કેવળ એહ;
ગુણબુદ્ધિ થી વિહિત પણ, કરે ન શિશુવત્ તેહ. ૩૨.

કરે પુણ્ય જો એ કદિ, જાય ન સ્વર્ગે તેમ;
પાપે નરકે ના પડે, મુક્ત નિર્લેપ એમ. ૩૩.

મમત્વ સ્વપ્ને ના લહે, અંતર્નિષ્ઠ સદાય;
આત્મતૃપ્ત આત્મજ્ઞ એ, કરી કરે ન કાંય? ૩૪.

કર્મે આગ્રહ ના ધરે, ના અકર્મે તેમ;
કર્માકર્માતીત એ, રહે નૈષ્કર્મ્યે એમ. ૩૫.

પુણ્યમાર્ગરત સર્વદા, તોએ રહેવું જાણ;
બુદ્ધિભેદ ન કોઈનો, કરવો કદિએ માન. ૩૬.

શ્રેષ્ઠો જે જે આચરે, અન્ય લોક પણ તેમ;
માની પ્રમાણ એમને, કરે અનુકરણ એમ. ૩૭.

લક્ષ્યે રાખી ચિત્તને, અંતર્નિષ્ઠ અસંગ;
રહેવું જનવનમાં સદા, છોડી અવળા ઢંગ. ૩૮.

મા વ્યાકુળ થા મન વિષે, સાંભળ આપી ધ્યાન;
જ્ઞાની ભોગ ના નોતરે, થાએ ક્ષુબ્ધ ન માન. ૧૧૨.

સ્વપ્નવત્ માની બધું, રહે નિર્લેપ એમ;
ઈન્દ્રજાલવત્ મૂઢ ત્યાં, થાય આસક્ત તેમ. ૧૧૩.

રાગદ્વેષાદિક સહુ, ના મુક્તને એહ;
મોહ શોક તેથી નહીં, પીડે [7]જડને તેહ. ૧૧૪.

૧. શ્રદ્ધાળું ૨. વિનયી ૩. સોનું ૪. ઊંધી ૫. નદી ૬. ખાબોચિયું ૭. અજ્ઞાનીને

અજ્ઞાની ભયમાં રહે, જ્ઞાની નિર્ભય જાણ;
અજ્ઞાની દુઃખે મરે, જ્ઞાની અમૃતખાણ. ૧૧૫.

મિશ્ર કર્મ અજ્ઞાનીનું, શુક્લ[૧] કૃષ્ણ[૨] તું જાણ;
અશુક્લકૃષ્ણ[૩] જ્ઞાનીનું, વિશેષતા એ માન. ૧૧૬.

દુઃખશોકાતીત એ, માટે જ્ઞાની એમ;
ઉદાસીન ભોગાદિમાં, સદા વિરક્ત તેમ! ૧૧૭.

**અ.૨૨**

ઉત્પત્તિ સ્થિતિ લય કરે, સદા નિર્લેપ જાણ;
બાલકવત્ ક્રિડે સદા, નિત્યમુક્ત એ માન. ૧૦.

જનમર્દન જગદીશ એ, ક્યાંથી એને બંધ?
જન્મમૃત્યુ મિથ્યા નકી, કેવળ શરીરગંધ! ૧૧.

પડતાં શરીર મુક્તનું, શી હાનિ ત્યાં એમ;
જ્ઞાનબળે પૂર્વે જ જે, કર્યું બાધિત તેમ? ૧૨.

ઊઠે તરંગ જલ મહીં, ફૂટે તોએ જાણ;
લાભહાનિ જલને નહીં, એ તો અભંગ માન. ૧૩.

દેહ વિકારી તેમ આ, થતાં નષ્ટ નિઃશેષ;
હાનિ ક્લેશ સ્વરૂપમાં, ના જાણ તું લેશ. ૧૪.

**અ.૨૪**

જ્ઞાની ધર્માત્મા સ્વયં, કેવળ નિરિચ્છ તેમ;
વર્તે નીતિથી સદા, ભૂલે તે પણ એમ. ૫.

દૈવ ન છોડે કોઈને, ભલે દેવ કે મુક્ત;
ઈશનિર્મિત એ નકી, રહે સદા ઉદ્યુક્ત. ૬.

ભમે સૂર્ય નિયતિબળે, માગે શંકર ભીખ!
મત્સ્ય કચ્છ થઈ અવતરે, વિષ્ણુ; કોણ નર ધિક્! ૭.

જોઈ નિજ કન્યા ચળે, બ્રહ્મદેવ પણ એમ;
ઈન્દ્ર અહલ્યાથી રમે, વિધુ ગુરુતલ્પગ તેમ. ૮.

રાવણ સીતાને હરે, રમે દ્યૂત નલ ધર્મ!
વિચિત્ર લીલા એહની!!, કો જાણે તન્મર્મ? ૯.

ના હાનિ એથી કશી, જ્ઞાની ને તું જાણ;
યોજી દેહે દૈવને, રમે સ્વયં નિર્માન! ૧૦.

દૈવે દેહ ભલે ભમે, પામે સુખ કે દુઃખ;
દેખે લીલા દૂરથી, જ્ઞાની તટસ્થ મૂક. ૧૧.

લાભ હાનિ વા એહને, ના સ્વપ્ને પણ માન;
પાપપુણ્યપર એ નકી, જીવન્મુક્ત પ્રમાણ! ૧૨.

**અ.૯૭**

બે તાપસીએ એકઠા, રહેવું ના કદિ એમ,
યોગહાનિ બંને તણી, કહ્યું શાસ્ત્રમાં તેમ. ૬૫.

આશ્રમ બીજે બાંધીને, કરીશ તપશ્ચરણ
થોડે દૂર રહીશ હું, થશે નિત્ય દર્શન. ૬૬.

## અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત

★★★★★

### સ્તુત્ય પાત્ર પરિચય

**૧૧. નહુષ :**

વસિષ્ઠ મુનિને પ્રાર્થે છે. નહુષ, આયુ અને ઈન્દુમતીનો પુત્ર. હુંડાસુર પોતાનો અંતક માની હરી ગયો અને મારી નાખવા દાસી - બલ્લવને આપ્યો. દાસી - બલ્લવની બુધ્ધિ સુધારી ભગવાન દત્તે બચાવ્યો. દાસી-બલ્લવ વસિષ્ઠાશ્રમે મૂકી ગયાં. મુનિ અને મુનિપત્નીએ ઔરસ પુત્ર માની પ્રેમથી મોટો કર્યો. સર્વશસ્ત્ર - શાસ્ત્રનો જ્ઞાતા બનાવ્યો. આકાશવાણી થતાં પોતે આયુ - ઈન્દુમતીનો પુત્ર છે તે પણ જાણ્યુ. આકાશવાણી સાંભળ્યા પછી વસિષ્ઠને પ્રાર્થે છે.

**૧૨. યદુ :**

અર્ચન ભક્તિનો સમર્થક. યયાતી અને દેવયાનીનો જ્યેષ્ઠ પુત્ર. યયાતિ સાથે દેવયાનીનું લગ્ન કચના શાપને લઈને થયું. યયાતિ વૃષપર્વા રાક્ષસ રાજની દીકરી શર્મિષ્ઠાને પણ દેવયાનીની દાસી તરીકે લાવેલા. દેવયાનીને બે દિકરા થયા. શર્મિષ્ઠાએ પણ રતિસુખની માંગણી કરતાં યયાતિએ તે સંતોષી અને તેને ત્રણ પુત્રો થયા. દેવયાનીએ શર્મિષ્ઠાને સંતતી થઈ તેથી ક્રોધે ભરાઈ. પિતા શુક્રાચાર્ય પાસે યયાતિને શાપ અપાવ્યો. યયાતિ અકાળે વૃધ્ધ થયો. હવે દેવયાની પણ વિષયસુખ માટે તડફડવા લાગી. પિતાને કહી શાપ નિવારણ કરાવ્યું. દિકરામાંથી કોઈની યુવાની લઈ શકાય. ચાર દિકરાએ ના પાડી. નાના પુરુએ હા પાડી. સો વર્ષ સુધી યયાતિએ યુવાની ભોગવી પછી વૈરાગ્ય આવતાં પુરુને યુવાની પરત કરી અને આખું રાજ્ય આપ્યું. યદુને માઠું લાગ્યું. જંગલમાં જતો રહ્યો ત્યાં દત્ત ભગવાનનાં દર્શન માટે પ્રાર્થના કરવા લાગ્યો. **(અનુ. પાન નં. ૧૩૭)**



૧. પુણ્યાત્મક ૨. પાપાત્મક ૩. પુણ્યપાપાતીત્

## સ્તુત્ય પાત્ર પરિચય

**૧૩. સુમતિ માતા :**

પૂર્વ દેશમાં પીઠાપુરમાં રહેતા રાજા નામના બ્રાહ્મણનાં પત્ની. પતિવ્રતા સતી, અભ્યાગત સેવામાં રાત્રિ દિવસ રત રહેનારાં. એક દિવસ તેમને ત્યાં દર્શ શ્રાધ્ધના દિવસે ભગવાન દત્ત ભીક્ષા માટે આવ્યા. શ્રાધ્ધના નિયમાનુસાર પિતૃઓ જમ્યા સિવાય ભીક્ષા આપી ન શકાય છતાં સુમતિએ દોડી જઈને પૂજન કરી ભીક્ષા આપી. ભગવાને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું અને વરદાન માગવા કહ્યું. ત્યારે સમુતીમાતા વિનયથી વંદન કરી બોલ્યા કે.

**૧૪. સાયંદેવ :**

કાંચીપુરીનો કોણ્ડિય ગોત્રનો બ્રાહ્મણ. પૂ. નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજને દર્શને વાસરબ્રહ્મશ્વરમાં આવ્યો. પૂ. સ્વામી મહારાજનાં દર્શન કરતાં તેમણે કહ્યું કે મારે તારું કામ છે. આમ કહેતાં સાયંદેવ પ્રસન્ન થયો અને સ્તુતિ કરવા લાગ્યો.

**૧૫. ત્રિવિક્રમ ભારતી :**

પૂ. નૃસિંહ સરસ્વતી મહારાજે ગાણગાપુરમાં મઠમાં નિવાસ કર્યો. દરરોજ સંગમે ગુરુમહારાજ અનુષ્ઠાનાર્થે જાય અને મધ્યાહે પરત આવે. બાજુ માંજ કુમસી ગામમાં ત્રણ વેદના જ્ઞાતા યતિ શ્રીત્રિવિક્રમ ભારતી રહેતા. તેમણે પૂ. ગુરુમહારાજની કીર્તિ સાંભળી. ગુસ્સે થયા અને નિંદા કરવા લાગ્યા. ગુરુ મહારાજને આ ખબર પડી. ગાણગાપુરના રાજા સૈન્ય સાથે કુમસી આવ્યા. ત્રિવિક્રમ ભારતી ધ્યાનમાં બેઠા હતા. તેમનું ધ્યાન લાગ્યુ નહીં. આરાધ્યદેવ નૃસિંહનું સ્મરણ કર્યું. ત્યાંતો ધ્યાનમાં રાજા-સૈન્ય ગુરુમહારાજ બધા યતિ સ્વરૂપે આવતા દેખાયા. ત્રિવિક્રમ ભારતીને ગુરુમહારાજના સામર્થ્યની સમજ પડતાં જ પ્રાર્થના કરી.

**૧૬. નંદિ બ્રાહ્મણ :**

બ્રાહ્મણ કોઢવાળો હતો. કોઢ મટાડવા તુળજાપુરમાં મા તુલજા ભવાનીની સેવા ત્રણ વર્ષ કરી. માતાએ પ્રસન્ન થઈ કહ્યું કે તુ મા ચંદલાના સ્થાનમાં જા ત્યાં દુઃખ દૂર થશે. બ્રાહ્મણ ત્યાં ગયો. ત્યાં સાત માસ પુરશ્ચરણ કર્યું. ત્યારે ચંદલામાતાએ કહ્યું કે તું ગાણગાપુર જા ત્યાં નૃસિંહ સરસ્વતી સ્વામી રોગ મટાડશે. બ્રાહ્મણ ગુસ્સે થયો કે સાત મહિના સુધી શું કામ ટટળાવ્યો ? પહેલાં જ કહ્યું હોત તો ? વળી દેવ થઈ મનુષ્ય પાસે રોગ મટાડવા મોલકતાં તમને શરમ નથી આવતી ? હું ભલે મરી જાઉ પણ અહીંથી જઈશ જ નહી માતાએ સ્વપ્નમાં સ્થાનના સેવકોને આ બ્રાહ્મણને કાઢી મુકવા આદેશ આપ્યો. છેવટે બ્રાહ્મણ નિરાશ થઈ ગાણગાપુર આવ્યો. સ્વામી મહારાજનાં દર્શન કરી પ્રાર્થના કરવા લાગ્યો.

**૧૭. નરહરિ કવિશ્વર :**

એક ભક્ત ગુરુમહારાજને હિપ્પરગી ગામે લઈ ગયો અને મહોત્સવ કર્યો. ત્યાં કલ્લેશ્વર મહાદેવ પ્રખ્યાત હતા. મહાદેવમાં એક નરહરિ બ્રાહ્મણ વિદ્વાન હતો. દરરોજ પાંચ કાવ્યો લખી મહાદેવને અર્પણ કરતો. મહોત્સવમાં ગુરુમહારાજના દર્શન કરી એ પેલા વિદ્વાન નરહરિને કહ્યું કે તું ગુરુમહારાજની સ્તુતિની રચના કર. નરહરિ કહે છે મેં મારી જીભ કલ્લેશ્વરને અર્પણ કરી છે. મનુષ્યનું સ્તવન કેમ કરું ? આવું કહીને મહાદેવની પૂજા માટે ગયો. ત્યાં અચરજ થયું. લીંગ ઉપર ગુરુમહારાજ બેઠેલા જોયા. બધા જ તેમની પૂજા કરતા હતા. નરહરિ મંદિરમાંથી દોડી ગુરુમહારાજ પાસે આવ્યો અને પ્રાર્થના કરવા લાગ્યો.

**૧૮. પૂ. શ્રી વાસુદેવ સ્વામી મહારાજ :**

શ્રી નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજ તિરોહીન થયા. શ્રી શૈલથી કટાણાના જળમાં પુષ્પાશન પર બેસી અંતરર્ધ્યાન થયા પછી મહારાષ્ટ્રમાં કોંકણ પ્રદેશમાં સાંવતવાડી પાસે માણગાંવમાં દત્તાવતાર શ્રી વાસુદેવનો જન્મ સંવત ૧૯૧૦ ના શ્રાવણ વદ-૫ ને રવિવારે થયો. વાસુદેવ મોટા થવા લાગ્યા અને ભગવાન દત્તની રાજધાની જ્યાં નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજ અને શ્રીપાદ પ્રભુએ નિવાસ કરલો ત્યાં દર્શને આવ્યા. ત્યાં ગોવિંદ સ્વામીના આશ્રમમાં નિવાસ કર્યો. પછી ગોવિંદ સ્વામીને મંત્ર આપવા વિનંતી કરી. ગોવિંદસ્વામીએ જણાવ્યું કે તમને મંત્ર આપવાનો મારો અધિકાર નથી. તમારા ઉપર જેને પ્રેમ (અભિમાન) હશે તે મંત્ર આપશે. આથી વાસુદેવે રાત્રે ઊઠી મંદિરે જપ કરવાનું વિચાર્યું. ત્યાં ભગવાન દત્તે કહ્યું કે અહીંયા રાત્રે શયન આરતી પછી નહીં આવવાનો નિયમ તને ખબર નથી લાગતો ? વાસુદેવે નમન કરી સ્વીકાર કર્યો. આથી તરત જ રૂપ અદશ્ય થયું. આથી આ ભગવાન દત્ત જ હતા તેવું માની વાસુદેવે પ્રાર્થના કરી. (ક્રમશઃ પાન નં. ૧૩૮)

## સ્તુત્ય પાત્ર પરિચય

**૧૯. અન્નપૂર્ણામાતા :**

પૂ. વાસુદેવ મહારાજનાં પત્ની. ગૃહસ્થાશ્રમમાં જ પતિ સાથે દેવયાત્રાએ નીકળ્યા. વાડીમાં પુત્ર જન્મ થયો. અલ્પકાળમાં મૃત્યુ પામ્યો. પૂ. વાસુદેવ મહારાજે ગંગાના દૃષ્ટાંતથી જ્ઞાન આપ્યું. વાડીથી નીકળી ગંગાખેડ આવ્યા. સ્વપ્ન દૃષ્ટાંત થયો. તમને બન્નેને ચોથે દિવસે લેવા આવીશું. પૂ. વાસુદેવ મહારાજે કહ્યું કે સંન્યાસ લીધા વિના હું આવીશ નહીં. પત્નીને લઈ જાવ. ચોથે દિવસે અન્નપૂર્ણામાતા દેહ છોડવા દર્ભશય્યા તૈયાર કરી. ધૌતવસ્ત્ર પહેરી પૂ. વાસુદેવ મહારાજની પ્રાર્થના કરે છે.

**૨૦. કર્દમઋષિ :**

ભગવાન દત્તના નાના. કર્દમ ઋષિએ દસ હજાર વરસ સરસ્વતીના કિનારે તપશ્ચર્યા કરી. ભગવાન વિષ્ણુ લક્ષ્મીજી સાથે ગરૂડે ચઢી પધાર્યા. કર્દમ ઋષિ પ્રાર્થના કરે છે.

**૨૧. દેવહુતિ માતા :**

મનુમહારાજ અને શતરૂપાનાં દિકરી. ભગવાન વિષ્ણુએ તેમને સ્વપ્નાદેશ આપ્યો. દેવહુતિને કર્દમ સાથે પરણાવો. તે આદેશ પ્રમાણે મનુ મહારાજ શતરૂપાએ દેવહુતિના લગ્ન કર્દમ ઋષિ સાથે કર્યા. લગ્ન પહેલાં કર્દમ ઋષિએ શરત કરી કે દિકરો થશે ત્યારે હું સન્યસી લઈશ. ગૃહવસ્થાશ્રમમાં કર્દમ-દેવહુતિને નવકન્યાઓ થઈ અને છેલ્લે વિષ્ણુના અંશ કપિલ ભગવાનનો જન્મ થયો. કન્યાઓનાં લગ્ન કર્યા અને હવે જ્યારે કર્દમ ઋષિએ સન્યાસ લેવા તૈયારી કરી ત્યારે દેવહુતિ માતા બ્રહ્મજ્ઞાન આપવા કર્દમ ઋષિને પ્રાર્થના કરે છે.

**૨૨. ગાંડા મહારાજ :**

તલંગપુર સુરત પાસેના બ્રાહ્મણ. ગુરુની શોધમાં નીકળેલા. છેવટે સીનોરમાં પૂ. સ્વામી મહારાજ મળ્યા અને અધિકાર જોઈ ગાંડા મરાહાજને યોગ દીક્ષા આપી. પોતાની સાથે રાખ્યા અને જ્ઞાન આપ્યું. બધે ફરતાં ફરતાં છેવટે પૂ. સ્વામી મહારાજ ગરુડેશ્વર પધાર્યા. ત્યારે શ્રી ગાંડા મહારાજ ભરૂચમાં તપશ્ચર્યા કરતા. પૂ. સ્વામી મહારાજની તબીયત બગડી. એટલે ગાંડા મહારાજને ભરૂચથી બોલાવ્યા. તબિયત થોડી સુધરી એટલે ગાંડા મહારાજને પાછા ભરૂચ જવા આજ્ઞા આપી. કારણ કે પહેલાં ગાંડા મહારાજની તબિયત બગડેલી પછી થોડું સારું થયું. હવે જો વધુ બગડે તો ગાંડા મહારાજની સેવા કરવા કોઈ જોઈએ. ભરૂચ જતાં પહેલાં ગાંડા મહારાજે પ્રાર્થના કરી.

**(સ્તુત્ય પાત્ર પરિચય સમાપ્ત)**

## "અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત"





